નવી દિલ્હીઃ લોકસભામાં અવિશ્વાસની દરખાસ્તની ચર્ચામાં કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે મણિપુરમાં ભારત માતાની હત્યા કરાઈ છે. એ કામ કરનારા સત્તાધારીઓ દેશપ્રેમી નહીં, દેશદ્રોહી છે. દેશદ્રોહીઓએ મણિપુરની આગમાં કેરોસીન ફેંક્યું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મણિપુરની મુલાકાત લીધી નથી, કારણ કે તેઓ મણિપુરને ભારતનો હિસ્સો ગણતા નથી. મણિપુરને સરકારે બે ભાગમાં વહેંચી નાખ્યું હોવાથી મણિપુરનું તો જાણે અસ્તિત્વ જ મટી ગયું હોય એવી સ્થિતિ જોવા મળે છે. આ સરકારના રાજકારણે મણિપુરમાં ભારત માતાની (જુઓ પાનું ૨) ▶▶

## સ્મૃતિ ઇરાની

### “મણિપુર ખંડિત નહીં, અખંડ ભારતનું અંગ”

નવી દિલ્હીઃ લોકસભામાં સરકાર સામે અવિશ્વાસની દરખાસ્ત પરની ચર્ચામાં કેન્દ્રનાં પ્રધાન સ્મૃતિ ઇરાનીએ ગૃહમાંથી બહાર નીકળતી વેળા ફ્લાઇંગ કિસના રાહુલ ગાંધીના ઇશારા સામે સખત વાંધો ઉઠાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે મારા પહેલાં ગૃહમાં વક્તવ્ય આપનાર વ્યક્તિએ ગૃહમાંથી બહાર જતી વખતે અભદ્ર ઇશારો કર્યો હતો.

‘મણિપુરમાં ભારત માતાની હત્યા’ના રાહુલ ગાંધીના બયાનની આકરી ટીકા કરતાં મહિલા અને બાળ કલ્યાણ ખાતાનાં પ્રધાન સ્મૃતિ ઇરાનીએ જણાવ્યું હતું કે મણિપુર અખંડ ભારતનો હિસ્સો છે. દેશના એક રાજ્ય માટે આવા શબ્દો ચલાવી ન લેવાય. ‘ઇન્ડિયા’ નામે ઓળખ આપતો વિપક્ષી મોરચો ભ્રષ્ટાચાર અને ક્ષમતાના અભાવની વ્યાખ્યા (જુઓ પાનું ૨) ▶▶

## અમિત શાહ

### “દેશની જનતાને સરકારમાં પૂરો વિશ્વાસ”

નવી દિલ્હીઃ લોકસભામાં વિપક્ષી મોરચાની અવિશ્વાસની દરખાસ્ત પર વક્તવ્ય આપતાં કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે જણાવ્યું હતું કે દેશની જનતાને મોદી સરકારમાં પૂરો વિશ્વાસ છે. અવિશ્વાસની દરખાસ્ત લોકોમાં ગુંચવણ ઊભી કરવાના ઇરાદે રજૂ કરાઈ છે. લોકોએ બે વખત મોદી સરકારની તરફેણમાં મતદાન કરીને સત્તા સોંપી છે. મોદી ભારતના સૌથી સફળ વડા પ્રધાન છે.

અમિત શાહે જણાવ્યું હતું કે ભ્રષ્ટાચાર, ખુશામત અને વારસાગત સત્તા, એ ત્રણ ભારતના રાજકારણની બદીઓ છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કામ કરી બતાવવાનું રાજકારણ એટલે કે ‘પોલિટિક્સ ઑફ પરફોર્મન્સ’ બતાવ્યું છે. મોદી સરકાર વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત (જુઓ પાનું ૨) ▶▶

## રાહુલ ગાંધીની ફ્લાઈંગ કિસઃ મહિલા સાંસદોએ સ્પીકરને કરી ફરિયાદ

નવી દિલ્હીઃ લોકસભામાં અવિશ્વાસની દરખાસ્ત પરની ચર્ચા દરમિયાન કૉંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ ગૃહમાંથી બહાર નીકળતી વેળા કરેલી ફ્લાઇંગ કિસ સામે બાવીસ મહિલા સંસદસભ્યોએ સ્પીકરને ફરિયાદ કરી હતી. ભાજપે તેની સામે વાંધો ઉઠાવ્યો હતો. કેન્દ્રનાં પ્રધાન સ્મૃતિ ઇરાનીએ રાહુલ ગાંધીની ફ્લાઇંગ કિસને અભદ્ર વર્તન ગણાવ્યું હતું. સર્વોચ્ચ અદાલતે આપેલી રાહતને પગલે સાંસદપદ ફરી પ્રાપ્ત થયા પછી રાહુલ ગાંધીએ બુધવારે પહેલી વખત લોકસભામાં વક્તવ્ય આપ્યું હતું. વક્તવ્ય પૂરું કરીને ગૃહની બહાર નીકળતા હતા ત્યારે રાહુલ ગાંધીના ફ્લાઇંગ કિસના ઇશારા (જુઓ પાનું ૨) ▶▶

## ચંદ્રયાન-થ્રી ચંદ્રની વધુ નજીક પહોંચ્યું

બેંગલુરઃ ચંદ્રયાન-થ્રી અવકાશયાન બુધવારે ચંદ્રની વધુ નજીક પહોંચ્યું હતું. ઈસરો (આઈએસઆરઓ)એ એક નિવેદનમાં કહ્યું કે મેનોવર દ્વારા ચંદ્રયાનની ભ્રમણકક્ષાનું ચંદ્રથી અંતર ઘટાડી હવે ૧૭૪ કિ.મી. ૧૪૩૭ કિ.મી.ની ભ્રમણકક્ષામાં દાખલ કરવામાં આવ્યું છે. હવે પછીનું ઓરબીટ રિડકશન મેનોવર ૧૪મી ઑગસ્ટે સવારના ૧૧.૩૦ અને બપોરના ૧૨.૩૦ દરમિયાન હાથ ધરવામાં આવશે.

ચંદ્રયાન ૧૪મી જુલાઈએ લોન્ચ કરવામાં આવ્યું હતું તે પછી પાંચમી ઑગસ્ટે ચંદ્રની ભ્રમણ કક્ષામાં પ્રવેશ (જુઓ પાનું ૨) ▶▶

## આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડને ₹ ૨૭૩ કરોડના જીએસટીની નોટિસ

નવી દિલ્હીઃ આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડને રૂ. ૨૭૩ કરોડની ટૅક્સ ડિમાન્ડની જીએસટીની નોટિસ મળી છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ જીએસટી ઈન્ટેલિજન્સે કંપનીને શો-કોઝ નોટિસ પાઠવી હતી. કંપનીએ એક નિવેદનમાં કહ્યું કે “આ મામલો સાલ્વેજ એડજસ્ટેડ સંબંધમાં છે. મોટર અકસ્માતના વીમાના દાવાઓમાં સાલ્વેજની રકમ અને ટેક્સક્રેડિટ અંગેનો આ મામલો સમગ્ર જનરલ ઈન્સ્યુરન્સ ઉદ્યોગને સંબંધી છે. કોઈ ઉત્તરદાયિત્વ સ્વીકાર્યા વગર કંપની દ્વારા રૂ. ૧૦૪,૧૩,૧૮,૯૭૦ રૂપિયા જમા કરવામાં આવ્યા છે. શોકોઝ નોટિસનો ટૂંક સમયમાં જવાબ આપવામાં આવશે તેવું કંપનીએ કહ્યું હતું. જીએસટીએ કંપનીએ ૨૬મી જુલાઈએ નોટિસ મોકલી હતી જેમાં વ્યાજ અને પેનસ્ટી સહિત રૂ. ૨૭૩,૪૪,૫૦,૨૮૪ની ટૅક્સ ડિમાન્ડ શોકોઝ નોટિસ મોકલી હતી.


ૐ
શ્રી સહજાત્મ સ્વરૂપ પરમગુરુ



જન્મઃ ૨૯/૯/૧૯૩૦ | દેહવિલયઃ ૧૦/૮/૨૦૦૩

શ્રી વસંતરાય ચત્રભુજ મીઠાણી

૨૦મી પુણ્યતિથિએ અશ્રુભરી શ્રદ્ધાંજલી

આપનો અતિ પ્રેમાળ સ્વભાવ, લાગણી, વ્યવહારીક કુશળતા, ધર્મનિષ્ઠા, પરોપકારી ભાવના અને કૌટુંબિક વાત્સલ્ય હંમેશા અમોને પ્રેરણા આપશે.

“શુભ ભાવ વડે મન શુદ્ધ કરો, નવકાર મહપદને સ્મરો”

● મુક્તાબેન વસંતરાય મીઠાણી
● વિજય-હિના મીઠાણી ● ઉપેન્દ્ર-સ્મીતા મીઠાણી
● વિપુલ દૌલતરાય મીઠાણી ● કેશવલાલ નરભેરામ અવલાણી

અંકીત - ફોરમ, તુલસી - અંકિત, પૂજા - નિરજ, ભુમી, રાજ, પ્રિશ, રિયાન, વિહાના, રૂહાન ના જયજિનેન્દ્ર



મુંબઈ સમાચાર
ગરબા દાંડિયા
In Associate with
DIGITAL GLOBAL GARBA
વર્કશોપ
મુંબઈ સમાચાર દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણી નિમિત્તે
નવરાત્રિમાં ખેલૈયાઓને જોઈને તમારા પગ થીરકવા માટે થનગની રહ્યા છે...
વાચકો માટે ‘મુંબઈ સમાચાર’ લાવ્યું છે નવરાત્રિનું નવલું નઝરાણું
વર્કશોપ ક્યાં હશે, તમારી નોંધણી ક્યાં અને ક્યારે કરાવશો તેની ઈંતેજારીનો પણ અંત
મુંબઈના પસંદગી પામેલા કોરિયોગ્રાફરો તમને શીખવાડશે ગરબાની લેટેસ્ટ સ્ટાઈલ
એક બે નહીં પણ ૨૦ કોરિયોગ્રાફર શીખવાડશે ગરબા-દાંડિયાના સ્ટેપ્સ
ધસારો વધે નહીં એ માટે તમારું નામ વહેલામાં વહેલી તકે નોંધાવવું
વર્કશોપ
પૂર્વનાં પરાં: થાણે-મુલુંડ-ઘાટકોપર-માટુંગા
પશ્ચિમનાં પરાં: પાર્લા-કાંદિવલી
વર્કશોપનાં સેન્ટરો વધી પણ શકે છે
ઉપર જણાવેલાં સ્થળમાંથી તમારી પસંદગીના સ્થળ પર આજે જ તમારું નામ નોંધાવી લેશો.
તારીખ, સ્થળ અને સમય માટે જોતા રહો મુંબઈ સમાચાર
અમારા આ અભિયાનમાં જોડાવું હોય એ સંસ્થા પણ સંપર્ક કરી શકે છે.
સંપર્કઃ 9326152942
visit: www.bombaysamachar.com


## સરકારી કર્મચારીઓની નિવૃત્તિની વય યથાવત્ રહેશે

નવી દિલ્હીઃ કેન્દ્રીય પ્રધાન જિતેન્દ્ર સિંહે બુધવારે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારના કર્મચારીઓની નિવૃત્તિની વયમાં ફેરફાર કરવાનો કોઈ પ્રસ્તાવ વિચારણા હેઠળ નથી.

લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં સિંહે જણાવ્યું હતું કે ૩૦ જૂન ૨૦૨૩ના રોજ સેવા નિયમોની વિવિધ જોગવાઈઓ હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં ૧૨૨ સરકારી અધિકારીઓને ફરજિયાત નિવૃત્તિ આપવામાં આવી હતી.

વર્તમાન વર્ષ સહિત છેલ્લા ત્રણ વર્ષ (૨૦૨૦-૨૩) દરમિયાન કુલ ૧૨૨ અધિકારીઓ સામે સમાન જોગવાઈઓ લાગુ કરવામાં આવી હતી. કેન્દ્ર સરકારના કર્મચારીઓની (જુઓ પાનું ૨) ▶▶


અંક પ્રગટ થઈ ચૂક્યો છે
મુંબઈ સમાચાર
વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ



માહિતી માટે સંપર્ક કરોઃ
ફોન નં. ૨૨૦૪૫૫૩૧-૩૩ મુંબઈ સમાચાર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.
ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧. ફોનઃ (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્ષઃ (૦૨૨) ૨૨૬૯૧૨૩૬


## અમદાવાદમાં ૧૪ ઑક્ટોબરે રમાશે ભારત-પાકિસ્તાનની મેચ

દુબઇઃ ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ આ વર્ષના અંતમાં ભારતમાં યોજાનારા વન-ડે વર્લ્ડ કપનો નવો કાર્યક્રમ કેટલાક ફેરફાર સાથે જાહેર કર્યો છે. અગાઉ આઇસીસીએ ૨૭ જૂને કાર્યક્રમ જાહેર કર્યો હતો જેમાં હવે કેટલાક સુધારા કરવામાં આવ્યા છે. આ ટૂર્નામેન્ટ ભારતમાં ૫ ઑક્ટોબરથી ૧૯ નવેમ્બર સુધી રમાશે, પરંતુ કેટલીક મેચની તારીખો બદલાઈ ગઈ છે. પ્રથમ મેચ ડિફેન્ડિંગ ચેમ્પિયન ઈંગ્લેન્ડ અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાશે. ટૂર્નામેન્ટની પ્રથમ મેચ ૫ ઑક્ટોબરે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે. ભારત પોતાની પ્રથમ મેચ ૮ ઑક્ટોબરે ચેન્નઈમાં ઑસ્ટ્રેલિયા સામે રમશે. વર્લ્ડ કપની કુલ નવ મેચોના કાર્યક્રમમાં ફેરફાર કરાયો છે.

હવે ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ ૧૫ ઑક્ટોબરના બદલે ૧૪ ઑક્ટોબરે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે. આ કારણે ઈંગ્લેન્ડ અને અફઘાનિસ્તાન વચ્ચે ૧૪ ઑક્ટોબરે રમાનાર મેચ ૧૫ ઑક્ટોબરે રમાશે. પાકિસ્તાન-શ્રીલંકા (જુઓ પાનું ૨) ▶▶

## ધારાસભ્યના ઘર પર ઈડીના દરોડા

ગુરુગ્રામઃ મની લોન્ડરિંગ તપાસના ભાગરૂપે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ બુધવારે હરિયાણાના ધારાસભ્ય ગોપાલ કાંડા અને અન્યના ઘરે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે, કેન્દ્રીય એજન્સીના અધિકારીઓ સવારે ૬ વાગ્યાની આસપાસ ગુરુગ્રામના સિવિલ લાઈન્સ વિસ્તારમાં કાંડાના આલિશાન ઘર અને તેની હવે બંધ થઈ ગયેલી એરલાઈન કંપની એમડીએલઆરની ઓફિસે પહોંચ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની જોગવાઈઓ હેઠળ દરોડા પાડવામાં આવી રહ્યા છે અને દિલ્હી અને સિરસામાં કેટલાક પરિસરોને પણ આવરી લેવામાં (જુઓ પાનું ૨) ▶▶

## ઉત્તરાખંડમાં કાર ખીણમાં પડતા ત્રણનાં મોત

કોટદ્વાર (ઉત્તરાખંડ): ઉત્તરાખંડના પૌરી જિલ્લામાં ગુમખાલ ખાતે મંગળવારે રાત્રે કાર ઊંડી ખીણમાં પડી જતાં ત્રણ લોકોના મોત થયા છે જ્યારે અન્ય એક ગુમ છે. ચારેય ગુમખાલ માર્કેટથી જયહરીખાલ વિસ્તારમાં સ્થિત તેમના ગામ દેવદલી પરત ફરી રહ્યા હતા ત્યારે અકસ્માત થયો હતો

અકસ્માત બાદ એસડીઆરએફના જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને બચાવ કામગીરી હાથ ધરી હતી, એસડીઆરએફના અધિકારી પ્રવીણ રાઠી, બચાવ કામગીરીનું નેતૃત્વ કરી રહ્યા છે અને હજુ બચાવ કામગીરી ચાલુ છે. રાઠીએ જણાવ્યું હતું કે, ટીમે દોરડાના સ્ટ્રેચરની મદદથી ત્રણ મૃતદેહોને ઘાટમાંથી બહાર કાઢ્યા હતા. જોકે, અન્ય એક વ્યક્તિ હજુ પણ ગુમ છે. (પીટીઆઈ)

## સરકાર વધારાના ઘઉં અને ચોખા ખુલ્લા બજારમાં વેચશે

નવી દિલ્હીઃ સરકારે બુધવારે એવી જાહેરાત કરી હતી કે તે ભાવ વધારાને કાબૂમાં લેવા માટે કેન્દ્રીય પૂલમાંથી વધારાના ૫૦ લાખ ટન ઘઉં અને ૨૫ લાખ ટન ચોખાનું વેચાણ ખુલ્લા બજારમાં કરશે. ખાદ્ય સચિવ સંજીવ ચોપરાએ પત્રકારોને જણાવ્યું હતું કે તાજેતરમાં ઘઉં અને ચોખાના ભાવમાં તીવ્ર વધારો થયો છે. સરકારે ઓપન માર્કેટ સેલ સ્કીમ (ઓએમએસએસ) હેઠળ ૫૦ લાખ ટન (જુઓ પાનું ૨) ▶▶

## નરસિંહ રાવે બાબરી મુદ્દે વિજયારાજેમાં વિશ્વાસ કર્યો હતોઃ પવાર

નવી દિલ્હીઃ બાબરી મસ્જિદને કોઈ નુકસાન પહોંચશે નહીં તેવી ખાતરી ભાજપ નેતા વિજયારાજે સિંધિયાએ તત્કાલીન વડા પ્રધાન નરસિંહ રાવને આપી હતી. એનસીપીના વડા શરદ પવારે એક કાર્યક્રમમાં કહ્યું કે વડા પ્રધાને વિવિધ પક્ષોની બેઠક બોલાવી હતી. આ બેઠકમાં શરદ પવાર (તત્કાલીન સંરક્ષણ પ્રધાન) તત્કાલીન ગૃહપ્રધાન, તત્કાલીન ગૃહ સચિવ અને વિજયારાજે સિંધિયા હાજર હતા. શરદ પવારે કહ્યું કે બાબરી મસ્જિદને કંઈ નહીં થશે તેવી (જુઓ પાનું ૨) ▶▶


Maruti Herbal
પ્રિયજનનો પ્યાર, બનાવે દમદાર!
Stay-On
સ્ટે-ઑન પાવર કેપ્સ્યુલ
www.shreemarutiherbal.com 70396 77941

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# માલવિયાને મણિપુરમાં સ્ત્રીઓની સુરક્ષાની ચિંતા નહોતી?

**ભારતમાં** રાજકારણનું સ્તર સાવ તળિયે જઈ રહ્યું છે. સામાન્ય લોકો વિચાર પણ ના કરી શકે એ હદે રાજકારણીઓ વર્તી શકે છે એ આપણે જોયું છે પણ સંસદમાં બનેલી ઘટનાને જૂઠાણાનો રંગ ચડાવીને ચારિત્ર્યહનન કરવા સુધીની હરકતો કરી શકે છે તેનો નાદાર નમૂનો બુધવારે જોવા મળ્યો.

કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીને મોદી અટક અંગેની ટીપ્પણી બદલ બદનક્ષીના કેસમાં બે વર્ષની સજા થઈ છે. તેના પગલે રાહુલ ગાંધીનું સંસદસભ્યપદ છિનવાઈ ગયું હતું. સુપ્રીમ કોર્ટે સજા પર સ્ટે આપતાં રાહુલ ગાંધી સંસદમાં પાછા આવ્યા છે. ફરી સાંસદ બનેલા રાહુલે લોકસભામાં બુધવારે અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચામાં ભાગ લીધો.

રાહુલે ચર્ચા દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીની રાવણ તથા અમિત શાહ અને ગૌતમ અદાણીની મેઘનાદ અને કુંભકર્ણ સાથે સરખામણી કરીને સાબિત કર્યું કે, હજુ તેમનામાં પરિપક્વતાનો અભાવ છે ને કોઈ પણ પ્રકારની ગાળાગાળી કર્યા વિના જનોઈવઢ ઘા કરવાની કળા હજુ શીખ્યા નથી.

રાહુલ ગાંધીના આ ભાષણ સામે ભાજપ વાંધો લેશે એવું સૌને હતું પણ તેના બદલે ભાજપે રાહુલ ગાંધીના ભાષણ બાદ નવો વિવાદ ઊભો કરી દીધો. મોદી સરકારમાં મંત્રી એવાં સ્મૃતિ ઈરાનીએ રાહુલ ગાંધી સામે સંસદમાં ફ્લાઇંગ કિસ કરવાનો ગંભીર આક્ષેપ મૂકી દીધો. રાહુલને સ્મૃતિ પહેલાં બોલવાની તક આપવામાં આવી હતી. સ્મૃતિએ આક્ષેપ કર્યો છે કે, રાહુલે ભાષણ પછી જતાં જતાં સંસદમાં ફ્લાઈંગ કિસ કરી.

સ્મૃતિએ સ્પીકર ઓમ બિરલાને સંબોધીને કહ્યું કે, હું એક વાત પર મારો વાંધો વ્યક્ત કરવા માગું છું. જેમને મારી પહેલાં બોલવાનો અધિકાર આપવામાં આવ્યો હતો તેમણે જતાં-જતાં અભદ્ર લક્ષણનાં દર્શન કરાવ્યાં અને જે સંસદમાં મહિલાઓ બેઠી છે તે સંસદમાં ફ્લાઈંગ કિસ આપી. કોઈ મિસોજિનિસ્ટિક એટલે કે સ્ત્રીઓ તરફ દ્વેષ ધરાવતી વ્યક્તિ જ મહિલા સાંસદો બેઠી છે એ સંસદમાં ફ્લાઇંગ કિસ આપવાની હરકત કરી શકે. આવી ગરિમાવિહીન આચરણ આ દેશની સંસદમાં પહેલાં ક્યારેય જોવા મળ્યું નથી. આ એ ખાનદાનનાં લક્ષણો છે તેની ગૃહ મારફતે દેશને આજે ખબર પડી.

ભાજપના આઈટી હેડ અમિત માલવિયાએ આ ઘટના અંગે તેમના ટ્વિટર પર શું લખ્યું એ પણ જોઈ લઈએ. માલવિયાએ લખ્યું છે કે, રાહુલ ગાંધીએ અત્યંત શરમજનક વર્તન કરીને સંસદમાંથી બહાર જતી વખતે એક મહિલા સાંસદ સામે ફ્લાઈંગ કિસ કરી. એકદમ ક્ષોભજનક. રાહુલ ગાંધીએ પહેલી વાર આવી હરકત કરી નથી. રાહુલ પહેલાં પણ આવું ખરાબ વર્તન કરી ચૂક્યા છે.

આ પહેલાં તે આંખ મારતા અને પોતાને બીજા સાંસદ પર ફેંકતા દેખાયા હતા. રાહુલ ગાંધી તેમને હવસની ચીજ ગણે છે એ જોતાં કૉંગ્રેસના શાસનમાં મહિલાઓ અસુરક્ષિત છે તેનું આશ્ચર્ય થતું નથી. માલવિયાએ ટ્વિટર પર રાહુલ ગાંધીનો લોકસભામાં બોલતી વખતનો વીડિયો પણ મૂક્યો છે ને તેના પર સર્કલ કરીને રાહુલ ફ્લાઈંગ કિસ કરે છે એવો દાવો કર્યો છે.

માલવિયાની ટ્વિટ આઘાતજનક છે કેમ કે કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીથી તેમણે અલગ જ વાત કરી છે. સ્મૃતિ ઈરાનીએ તેમના પ્રવચનમાં રાહુલ ગાંધીએ કોઈ મહિલા સાંસદ તરફ ફ્લાઈંગ કિસ કરી એવું કહ્યું નથી પણ જે સંસદમાં મહિલાઓ બેઠી છે તેમાંથી જતાં જતાં ફ્લાઈંગ કિસ કરી છે એવું કહ્યું છે. સ્મૃતિ મેડમનો વીડિયો યુ-ટ્યુબ પર છે ને સંસદની ચેનલ પર છે તેથી એ શું બોલ્યાં એ જોઈ શકાય છે.

સ્મૃતિ ઈરાની સિવાય બીજા કોઈએ રાહુલ ગાંધીની ફ્લાઈંગ કિસનો મુદ્દો ઉઠાવ્યો નહોતો એ જોતાં સ્મૃતિ બોલે એ જ માન્ય ગણાય. સ્મૃતિ ઈરાની નથી બોલ્યાં એ વાત કરીને માલવિયાએ આખી વાતને વિકૃત બનાવી દીધી. માલવિયાએ વીડિયો મૂક્યો એ પણ ગેરમાર્ગે દોરનારો છે કેમ કે વીડિયોમાં રાહુલ ઊભા ઊભા બોલી રહ્યા છે ને સ્મૃતિ ઈરાનીએ રાહુલે જતાં જતાં ફ્લાઈંગ કિસ કરી એવું કહ્યું છે. માલવિયાએ મૂકેલા વીડિયોમાં રાહુલ ફ્લાઈંગ કિસ કરે છે એવું સ્પષ્ટ તો દેખાતું જ નથી. રાહુલ જે કંઈ કરે છે એ સ્પીકર સામે જોઈને કરે છે એ જોતાં મહિલા સાંસદ સામે ફ્લાઈંગ કિસ કરી એ તો સાબિત થતું જ નથી.

આ ઘટનાનો બીજો વીડિયો પણ હોઈ શકે ને એ સ્પીકર ઓમ બિરલા તપાસી શકે છે. રાહુલે આવી હરકત કરી હોય તો એ શરમજનક કહેવાય ને તેની તપાસ થવી જ જોઈએ. સ્મૃતિ ઈરાનીએ આ મુદ્દો ઉઠાવ્યો જ છે. સ્મૃતિની સાથે ભાજપની બીજી મહિલા સાંસદોએ પણ આ મુદ્દો સ્પીકર ઓમ બિરલા સમક્ષ ઉઠાવ્યો છે. એ તેમનો અધિકાર છે ને આ મુદ્દો ઉઠાવવામાં કશું ખોટું નથી. રાહુલે ખરેખર એવું વર્તન કર્યું હોય એવું તપાસમાં બહાર આવે તો બિરલાએ રાહુલને સજા કરવી જ જોઈએ તેમાં પણ બેમત નથી પણ કોઈ વાત સાબિત થયા વિના ચારિત્ર્યહનની તમામ સીમા વટાવી દેવી એ માનસિક વિકૃત્તિ કહેવાય. સત્તામાં બેઠેલા લોકો આવી વિકૃત્તિનું પ્રદર્શન કરે એ શરમજનક કહેવાય.

માલવિયાએ કૉંગ્રેસના શાસનમાં મહિલાઓની સુરક્ષાનો મુદ્દો ઉઠાવ્યો છે તો તેની વાત પણ કરી લઈએ. ભાજપ શાસનમાં મહિલાઓ કેટલી સુરક્ષિત છે એ આપણે મણિપુરમાં જોઈએ જ છીએ. મહિલાઓ પર ગેંગ રેપ કરાય, તેમને નગ્ન કરીને જાહેરમાં ફેરવવામાં આવે ને પાછા તેના વીડિયો બનાવીને વાઈરલ કરાય એ બધું ભાજપ શાસનમાં જ બન્યું છે.

જેમને નગ્નાવસ્થામાં ફેરવવામાં આવી એ મહિલાઓની હાલત જોઈને કોઈ પણ વ્યક્તિ હચમચી જાય. માલવિયા સાહેબના હૃદયમાં એ વખતે શું થયેલું તેની તેમને ખબર પણ તેમણે એ મહિલાઓની સુરક્ષાની તો ચિંતા કરી નહોતી. આ જ ભાજપનું મહિલાઓની સુરક્ષાનું મોડલ છે? રાહુલ ગાંધી મહિલાઓને શું ગણે છે એ ખબર નથી પણ ભાજપના શાસનમાં તો મહિલાઓને ગેંગ રેપ કરવાની ને પછી નગ્ન કરીને જાહેરમાં ફેરવવાની ચીજ ગણવાની ઘૃણાસ્પદ માનસિકતા છે તેનો આ વીડિયો પુરાવો છે.

માલવિયા સાહેબ, તેની સામે તો કંઈ બોલો?

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(દક્ષિણાયન સૌર વર્ષાઋતુ), ગુરુવાર, તા. ૧૦-૮-૨૦૨૩, ભદ્રા

- ભારતીય દિનાંક ૧૯, માહે શ્રાવણ, શકે ૧૯૪૫
- વિક્રમ સંવત ૨૦૭૯, શા. શકે ૧૯૪૫, અધિક શ્રાવણ વદ-૧૦
- જૈન વીર સંવત ૨૫૪૯, માહે અધિક શ્રાવણ, તિથિ વદ-૧૦
- પારસી શહેનશાહી રોજ ૩૦મો અનેરાન, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૨
- પારસી કદમી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૨૧મો રામ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૨
- મુસ્લિમ રોજ ૨૨મો, માહે ૧લો મોહરમ, સને ૧૪૪૫
- મીસરી રોજ ૨૩મો, માહે ૧લો મોહરમ, સને ૧૪૪૫
- નક્ષત્ર રોહિણી મધ્યરાત્રિ પછી ક. ૨૮-૦૦ સુધી (તા. ૧૧), પછી મૃગશીર્ષ.
- ચંદ્ર વૃષભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૯, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૫ સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૪ સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સવારે ક. ૦૭-૩૮, સાંજે ક. ૧૮-૩૦
- ઓટઃ સવારે ક. ૧૩-૪૦, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૪૩ (તા. ૧૧)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૭૯, 'આનંદ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૫, 'શોભન' નામ સંવત્સર, અધિક શ્રાવણ કૃષ્ણ - દસમી. ભદ્રા સાંજે ક. ૧૬-૩૩થી ૨૯-૦૬ (તા. ૧૧).
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ વિનાયક પૂજા, ચંદ્ર-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, મુંડન કરાવવું નહિ, પાટ-અભિષેક પૂજા, બગીચો બનાવવો, ધજા કળશ પતાકા ચઢાવવી, દસ્તાવેજ, દુકાન-વેપાર, નોકરી, ખેતીવાડીના નિત્ય થતાં કામકાજ, ધાન્ય ભરવું, ધાન્ય વેંચવું. બાળકને પ્રથમ વખત દેવદર્શન, મિત્રતા કરવી, નવી તિજોરીની સ્થાપના.
- પુરુષોત્તમ માસ મહિમાઃ આજ રોજ બ્રાહ્મણ દ્વારા બ્રહ્માજીનું પૂજન, વિષ્ણુ-લક્ષ્મી પૂજા, પુરુસુક્ત અભિષેક, શ્રીસુક્ત અભિષેક સહિત વિષ્ણુસહસ્ત્રનામ પાટ-સ્તોત્ર સહિત પૂજા શ્રેષ્ઠ. બ્રાહ્મણને સુવર્ણ, ચાંદી, તાંબુ, કે માટીના પાત્રોમાં જળ ભરી બ્રાહ્મણને દક્ષિણા સહિત અર્પણ કરવું. મધુદૈત્યનો નાશ કરનારા સર્વશક્તિમાન મહાપરાક્રમી, મહાબુદ્ધિમાન ગુરુડગામી, સર્વત્ર વિચારનારા, સર્વોત્તમ પરમપુરુષ ભગવાન વિષ્ણુને નમસ્કાર કરું છું.
- આચમનઃ બુધ-ગુરુ ત્રિકોણ ભાષાઓના જાણકાર, ચંદ્ર-બુધ ચતુષ્કોણ સારા વક્તા.
- ખગોળ જ્યોતિષઃ બુધ-ગુરુ ત્રિકોણ, ચંદ્ર-બુધ ચતુષ્કોણ
- ગ્રહ ગોચરઃ સૂર્ય- કર્ક, મંગળ-સિંહ, બુધ-સિંહ. ગુરુ-મેષ, વક્રી શુક્ર-કર્ક વક્રી શનિ-કુંભ, રાહુ-મેષ, કેતુ-તુલા, હર્ષલ-મેષ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર.

# યુનિવર્સિટીમાં રિસર્ચને પ્રોત્સાહન માટે રાષ્ટ્રીય સ્તરની એજન્સી રચાશે

નવી દિલ્હીઃ બુધવારે રાજ્યસભામાં અનુસંધાન નેશનલ રિસર્ચ ફાઉન્ડેશન ખરડો ૨૦૨૩ પસાર કરવામાં આવ્યો હતો. દેશની યુનિવર્સિટીઓમાં રિસર્ચ માટે ભંડોળ પૂરું પાડવા રાષ્ટ્રીયસ્તરની એજન્સી સ્થાપવામાં આવશે. રાજ્યસભામાં ફક્ત ૪૦ મિનિટની ચર્ચા પછી ધ્વનિમતથી ખરડો પસાર કરવામાં આવ્યો હતો. ખરડો રજૂ થવા અગાઉ વિપક્ષે ગૃહમાંથી વોકઆઉટ કર્યો હોવાથી ચર્ચામાં ફક્ત છ સંસદસભ્યે ભાગ લીધો હતો. આ ખરડો લોકસભામાં સોમવારે પસાર કરવામાં આવ્યો હતો. કેન્દ્રીય પ્રધાન જિતન્દ્રસિંહે ખરડો રજૂ કરતા કહ્યું હતું કે 'ઇતિહાસનું નિર્માણ થઈ રહ્યું છે અને આ ખરડાના દૂરગામી પરિણામો જોવા મળશે.

અનુસંધાન 'નેશનલ રિસર્ચ ફાઉન્ડેશન' (એનઆરએફ)ની સ્થાપના પછી રિસર્ચ અને ડેવેલોપમેન્ટને પ્રોત્સાહન મળશે. દેશની યુનિવર્સિટીઓમાં, કોલેજોમાં, રિસર્ચ સંસ્થાઓમાં અને આર એન્ડી ડી લેબોરેટરીમાં સંશોધન અને ઈનોવેશનની સંસ્કૃતિ તૈયાર કરવાનો વિધેયકનો હેતુ છે.

૨૮મી જૂન ૨૦૨૩ તારીખે વડા પ્રધાન મોદીના વડપણ હેઠળ મળેલી પ્રધાનમંડળની બેઠકમાં નેશનલ રિસર્ચ ફાઉન્ડેશન (એરઆરએફ), ૨૦૨૩ સંસદમાં રજૂ કરવા મંજૂરી આપવામાં આવી હતી.

# મનિકા બત્રાને ખોવાયેલો સામાન મળ્યો

નવી દિલ્હીઃ ભારતની ટોચની મહિલા ટેબલ ટેનિસ ખેલાડી મનિકા બત્રાને કેએલએમ એરલાઈન્સમાં ખોવાયેલો સામાન પરત મળી ગયો હતો. તેણે સામાન પરત મળતા કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા અને તેમના મંત્રાલયનો આભાર માન્યો હતો.

પેરુમાં એક ટૂર્નામેન્ટમાં ભાગ લઇને કેએલએમ એરલાઈન્સની ફ્લાઈટમાં ઘરે પરત ફરતી વખતે મનિકાની સ્પોર્ટ્સ કિટ સાથેનો સામાન ગુમ થઇ ગયો હતો અને તેણે પરત મેળવવા માટે સરકારની મદદ માંગી હતી. મનિકાએ લખ્યું હતું કે ''ઝડપી પગલા લેવા અને મારો સામાન પરત મેળવવામાં મદદ કરવા બદલ કેન્દ્રીય નાગરિક ઉડ્ડયનમંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા અને તમારી ઓફિસનો ખૂબ ખૂબ આભાર.''

# મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે 'મેરી માટી મેરા દેશ' અભિયાનનો કરાવ્યો શુભારંભ

સોનગઢઃ તાપી જિલ્લાના સોનગઢમાં બુધવારે વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે દેશ માટે જીવ આપનારા બહાદુર લોકોના સન્માનમાં 'મેરી માટી મેરા દેશ' રાજ્યવ્યાપી અભિયાનનો શુભારંભ કરાવ્યો હતો.

જુલાઇ મહિનામાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જાહેરાત કરી હતી કે સ્વાતંત્ર્ય દિવસના અનુસંધાનમાં દેશ માટે શહીદ થનારા બહાદુર જવાનોના સન્માનમાં આ પ્રકારનું અભિયાન શરૂ કરાશે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના ગુણસદા ગામમાં વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યમાં અનેક જિલ્લાઓમાં પ્રધાન અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં આદિવાસી દિવસની ઉજવણી નિમિત્તે કાર્યક્રમો યોજાયા હતા.

૩૦ ઓગસ્ટ સુધી ચાલનારા આ અભિયાનમાં ગુજરાત સરકાર દ્વારા અલગ અલગ પ્રકારના વિષયો પર રાજ્યભરમાં કાર્યક્રમો યોજાશે. ૧૫ ઓગસ્ટના દિવસે આ વિષયો પર ગ્રામ્યસ્તરે પણ કાર્યક્રમોનું આયોજન કરાશે.

વડા પ્રધાનની જાહેરાત અનુસાર શહીદોની યાદમાં ગુજરાતની ૧૧,૯૦૦ જેટલી ગ્રામ પંચાયતોમાં પથ્થર પર કોતરાયેલા શિલાલેખો અથવા 'શિલાફલકમ' સ્થાપિત કરવામાં આવશે.

ઉપરાંત આ કાર્યક્રમ હેઠળ વિવિધતાસભર કાર્યક્રમો જેવા કે વૃક્ષારોપણ, ચિત્રકલા, રંગોળી અને નિબંધસ્પર્ધાનું પણ આયોજન કરાશે. પોલીસ દ્વારા શહીદોના સન્માનમાં ખાસ ફ્લેગમાર્ચ પણ કરાશે.

કાર્યક્રમમાં ઉપસ્થિત જનમેદનીને સંબોધિત કરતા સીએમ પટેલે જણાવ્યું હતું કે એ ફક્ત વડા પ્રધાન નરેન્દ્ર મોદી જ છે કે જેમણે ગુજરાત અને દેશની આદિવાસી પ્રજાને સશક્ત કરવા મજબૂત કામગીરી કરી છે.

આદિવાસી દિવસની ભેટ સ્વરૂપે રાજ્ય શિક્ષણ પ્રધાન કુબેર ડિંડોરે સરકારી ક્વોટા હેઠળ મેરિટ પર પ્રવેશ મેળવેલા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને આર્થિક મદદ માટે એક યોજનાની જાહેરાત કરી હતી. શિક્ષણપ્રધાને જાહેરાત કરી કે અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલા જે અભ્યાસક્રમની ફી ૬ લાખ રુપિયા કરતા વધુ હોય તો તે અતિરિક્ત રકમની ચુકવણી સરકાર કરશે. (પીટીઆઇ)

## પહેલા પાનાનું ચાલુ

### મોદી આજે

રાજીનામાની માગણી કરી રહ્યા છે. તેઓ આક્ષેપ કરે છે કે કેન્દ્ર સરકાર મોંઘવારી-ફુગાવાને નિયંત્રણમાં રાખવામાં, કોમી ભાઇચારો જાળવવામાં, સરકારી સંસ્થાઓની સ્વાયત્તતાનું રક્ષણ કરવામાં નિષ્ફળ ગઈ છે.

બીજુ જનતા દળ (બીજેડી)એ પણ અવિશ્વાસની દરખાસ્ત બાબતે સરકારને ટેકો આપ્યો હતો. બીજેડીના સાંસદે જણાવ્યું હતું કે મણિપુરની સમસ્યા છેલ્લા દસ વર્ષમાં ઊભી થઈ નથી. એ સમસ્યાનાં મૂળ કૉંગ્રેસના શાસનકાળમાં છે. ૧૯૮૦ના દાયકામાં પણ મણિપુરની સમસ્યા ઊભી થઈ હતી. તેથી વિરોધ પક્ષો ખોટી રીતે મોદી સરકારને માથે માછલાં ધોઈ રહ્યા છે.

વિપક્ષોના સાંસદોના સંખ્યાબળમાંના વિશાળ તફાવતને ધ્યાનમાં રાખીએ તો અવિશ્વાસની દરખાસ્ત પસાર થવી અશક્ય છે. બીજેડી ઉપરાંત દક્ષિણ ભારતના કેટલાક પક્ષો પણ કેન્દ્ર સરકારને ટેકો આપી રહ્યા છે. તે ઉપરાંત વિરોધ પક્ષોના આંતરિક વિખવાદો જાહેર થયા હોવાથી તેમની એકતા સામે પણ સવાલ ઊભો થયો છે.

લોકસભામાં રાહુલ ગાંધી તથા અન્ય કૉંગ્રેસી નેતાઓના દરખાસ્ત પરના વક્તવ્યો શક્તિશાળી ન નીવડતાં વિરોધ પક્ષોમાં સક્ષમ નેતૃત્વનો પ્રશ્ન પણ આ ચર્ચા દરમિયાન ફરી સપાટી પર આવ્યો છે. દરખાસ્ત રજૂ કરીને ચર્ચાનો આરંભ કરતી વેળા પુરતી તૈયારીના અભાવે રાહુલ ગાંધીની પીછેહઠને કારણે ગૌરવ ગોગોઇને સુકાન સોંપવું પડ્યું એ ઘટના પણ નોંધપાત્ર બની છે. વિરોધ પક્ષોમાંથી અનેક પક્ષોના સાંસદોએ આ દરખાસ્ત પર વક્તવ્યો આપ્યાં નહોતા. ભાજપના નિશિકાંત દુબેના 'બેટે કો સેટ કરના હૈ, દામાદ કો ભેંટ કરના હૈ' જેવા વાક્યો સાથેના ધારદાર વક્તવ્યો પ્રભાવશાળી નીવડ્યા છે. ખાસ કરીને બુધવારે રાહુલ ગાંધી વક્તવ્ય આપ્યા બાદ ગૃહમાંથી બહાર નીકળતા હતા ત્યારે ફ્લાઇંગ કિસનો ઇશારો કરવાની કહેવાતી ગુસ્તાખીએ રાહુલ ગાંધીની છાપ વધુ બગાડી છે. (એજન્સી)

### મણિપુર ખંડિત નહીં

દર્શાવે છે. તમે 'ઇન્ડિયા' નથી.

સ્મૃતિ ઇરાનીએ રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાના સંદર્ભમાં જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બંધારણની કલમ ૩૭૦ હટાવ્યા પછી એ લોકો કાશ્મીરમાં ભારત જોડો યાત્રા લઈ જઈ શક્યા. એ નિર્ણયને કારણે જ એક વખતમાં જ્યાં લોહી વહેતું હતું, ત્યાં તમે બરફના ગોળા એકબીજા પર ફેંકીને રમી શક્યા હતા. તમે ત્યાં યાત્રા લઈ જઇને કહો છો કે કલમ ૩૭૦ ફરી લાગુ કરવામાં આવશે. ૩૭૦મી કલમ ફરી ક્યારેય સક્રિય થવાની નથી. સ્મૃતિ ઇરાનીએ કૉંગ્રેસના શાસનની કટોકટી અને વર્ષ ૧૯૮૪નાં શીખ વિરોધી રમખાણો વેળાની પરિસ્થિતિનો પણ ઉલ્લેખ કર્યો હતો. (એજન્સી)

### મણિપુરમાં ભારતમાતાની

હત્યા કરી છે. મણિપુર વિશે ટિપ્પણી બદલ રાહુલ ગાંધી માફી માગે એવી માગણી કેન્દ્રના પ્રધાન કિરણ રિજિજુએ કરી હતી. એ ટિપ્પણી સામે ભાજપના સાંસદોએ ઉહાપોહ કર્યો હતો. રાહુલ ગાંધીએ સાંસદપદ ફરી આપવા બદલ સ્પીકર ઓમ બિડલાનો આભાર માનતાં જણાવ્યું હતું કે ૧૦ વર્ષમાં લોકોને શું ગમ્યું અને શું ન ગમ્યું, એ જાણવા માટે ભારત જોડો યાત્રા યોજાઈ હતી. ગઈ વખતે હું બોલ્યો ત્યારે ઓમ બિડલા સાહેબને દુઃખ થયું હતું. મેં અદાણીજી વિશે વાત કરી ત્યારે કેટલાક મોટા નેતાઓને તકલીફ થઈ હતી. એ તકલીફની અસર બિડલા સાહેબને પણ થઈ હતી. હું સાચું બોલ્યો હતો. મારા ભાજપના મિત્રોએ ગભરાવાની જરૂર નથી, કારણકે આજે હું આપણા બધાની વાત કરવાનો નથી. રૂમીએ કહ્યું છે કે જો શબ્દ દિલ સે આતે હૈં, વો દિલ મેં જાતે હૈં.

રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે ભારત જોડો યાત્રામાં હું દેશના દરિયાકાંઠાથી કાશ્મીરના બરફાચ્છાદિત પહાડો સુધી દેશના એકથી બીજા છેડા સુધી ફર્યો છું. યાત્રા પૂરી થઈ નથી. મને જે બાબતો ગમે છે અને જે બાબત માટે હું મૃત્યુ અપનાવવા તૈયાર છું અને મોદીજીની જેલમાં જવા તૈયાર છું, જેને માટે મેં ૧૦ વર્ષ ટીકાઓ સહન કરી છે, તેને હું સમજવા ઇચ્છું છું. (એજન્સી)

### દેશની જનતાને

રાજકીય હેતુથી લાવવામાં આવી છે. વિરોધ પક્ષોને મોદી સરકારમાં વિશ્વાસ નહીં હોય, દેશની જનતાને મોદી સરકારમાં પૂરો વિશ્વાસ છે.

અમિત શાહે વધુમાં જણાવ્યું હતું કે આપણે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોના સહિયારા પ્રયાસોથી કોરોના રોગચાળા સામે લડી શક્યા છીએ. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વિશ્વમાં ભારતની પ્રતિષ્ઠા વધારવા માટે ઘણું કામ કર્યું છે. 'ભ્રષ્ટાચાર ભારત છોડો', 'વારસાગત રાજકારણ ભારત છોડો' અને 'ખુશામતનું રાજકારણ ભારત છોડો'નો સૂત્રોચ્ચાર અમિત શાહે કર્યો ત્યારે એનડીએના સંસદસભ્યોએ તેમને સાથ આપ્યો હતો. (એજન્સી)

### રાહુલ ગાંધીની

સામે મહિલા સાંસદોએ વાંધો ઉઠાવ્યો હતો. એ વખતે સ્મૃતિ ઇરાની અવિશ્વાસની દરખાસ્ત વિરુદ્ધ વક્તવ્ય આપી રહ્યાં હતાં. રાહુલે એ ઇશારો કર્યાની ઘટના કેમેરામાં કેદ થઈ નથી. રાહુલ ગાંધી વક્તવ્ય આપ્યા બાદ ગૃહમાંથી બહાર નીકળતા હતા ત્યારે તેમની થોડી ફાઇલો પડી ગઈ હતી. રાહુલ ફાઇલો ઉપાડવા ઝૂક્યા, એ જોઇને ભાજપના કેટલાક સાંસદો હસવા માંડ્યા હતા. બહાર નીકળતી વેળા રાહુલ ગાંધીએ ફ્લાઇંગ કિસનો ઇશારો કર્યાનું કહેવાય છે. તેની સામે મહિલા સંસદસભ્યોએ સ્પીકરને ફરિયાદ કરી હતી. (એજન્સી)

### નરસિંહ રાવે

ખાતરી વિજયરાજે સિંધિયાએ બેઠકમાં આપી હતી. શરદ પવાર, ગૃહ પ્રધાન અને ગૃહ સચિવ એવું માનતા હતા કે કંઈ અણધાર્યું પણ બની શકે છે, તેમ છતાં રાવે સિંધિયાની વાત માની લીધી હતી.

વરિષ્ઠ પત્રકાર નીરજ ચૌધરીના પુસ્તક 'હાઉ પ્રાઈમ મિનિસ્ટર્સ ડિસાઈડ' (વડા પ્રધાનો કેવી રીતે નિર્ણય લેતા હોય છે)ના વિમોચન કાર્યક્રમમાં શરદ પવારે આવું કહ્યું હતું. આ કાર્યક્રમમાં શરદ પવાર, કેરળના ગર્વનર આરિફ મોહમ્મદ ખાન કૉંગ્રેસના નેતા શશી થરૂર, ભૂતપૂર્વ રેલવે પ્રધાન દિનેશ ત્રિવેદી અને મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન પૃથ્વીરાજ ચવ્હાણ હાજર રહ્યા હતા.

### અમદાવાદમાં

મેચ ૧૨ ઑક્ટોબરના બદલે ૧૦ ઑક્ટોબરે રમાશે. ઑસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની મેચ ૧૩ ઑક્ટોબરના બદલે ૧૨ ઑક્ટોબરે રમાશે. ન્યૂઝીલેન્ડ અને બંગલાદેશ વચ્ચેની મેચ ૧૪ ઑક્ટોબરના બદલે ૧૩ ઑક્ટોબરે રમાશે. ધર્મશાળામાં ઈંગ્લેન્ડ અને બંગલાદેશ વચ્ચેની મેચ બપોરના બદલે સવારે ૧૦.૩૦ વાગ્યે શરૂ થશે. ભારત અને નેધરલેન્ડ વચ્ચેની મેચ ભારતીય સમય અનુસાર બપોરે ૨ વાગ્યાથી રમાશે

વર્લ્ડ કપ ૫ ઑક્ટોબરથી ૧૯ નવેમ્બર દરમિયાન યોજાશે. વર્લ્ડ કપ દરમિયાન ૧૦ ટીમો રાઉન્ડ રોબિન લીગમાં એકબીજા સામે ૪૫ મેચો રમશે. દરેક ટીમ અન્ય ૯ ટીમો સાથે રાઉન્ડ-રોબિન ફોર્મેટમાં રમશે, જેમાં ટોચની ચાર ટીમો નોક-આઉટ સ્ટેજ (સેમિફાઇનલ) માટે ક્વોલિફાય થશે. પ્રથમ સેમિફાઇનલ ૧૫ નવેમ્બરે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાશે અને બીજી સેમિફાઇનલ ૧૬ નવેમ્બરે કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં રમાશે. જો ભારત સેમિફાઇનલ માટે ક્વોલિફાય થશે તો તે તેની સેમિફાઇનલ મેચ મુંબઇમાં રમશે.

### સરકાર વધારાના ઘઉં

ઘઉં અને ૨૫ લાખ ટન ચોખાનું વેચાણ કરવાનો નિર્ણય લીધો છે. તેમણે ઉમેર્યું હતું કે થોડા મહિના પહેલા જાહેર કરાયેલ ઓપન માર્કેટ સેલ સ્કીમ હેઠળ આ પંદર લાખ ટન ઘઉં અને પાચ લાખ ટન ચોખાના વેચાણ કરતાં પણ વધુ છે. અત્યાર સુધીમાં લગભગ સાત લાખ ટન ઘઉંનું વેચાણ ઓપન માર્કેટ સેલ સ્કીમ હેઠળ ઈ-ઓક્શન દ્વારા કરવામાં આવ્યું છે, જ્યારે ચોખાનું વેચાણ નહિવત્ રહ્યું છે.

### સરકારી કર્મચારીઓની

નિવૃત્તિ વયમાં ફેરફાર કરવાનો કોઈ પ્રસ્તાવ વિચારણા હેઠળ નથી. તેમણે એમ પણ કહ્યું કે એફઆર ૫૬(જે)/સમાન જોગવાઈઓ હેઠળ સમીક્ષા પ્રક્રિયાનો ઉદ્દેશ કાર્યક્ષમતા લાવવા અને વહીવટી તંત્રને મજબૂત કરવાનો છે. સરકાર પણ ડિજિટાઈઝેશન પર વધુ ભાર આપવા, ઈ-ઓફિસનો ઉન્નત ઉપયોગ, નિયમોનું સરળીકરણ, સામયિક કેડર પુનઃરચના અને વહીવટને મજબૂત કરવા અને શાસનમાં એકંદર કાર્યક્ષમતામાં સુધારો કરવા માટે નિરર્થક કાયદાઓ નાબૂદ કરવા માટે સતત પ્રયાસ કરી રહી છે.કેન્દ્ર સરકારના કર્મચારીઓ ૬૦ વર્ષની વય પૂર્ણ કર્યા પછી સેવામાંથી નિવૃત્ત થાય છે.

### ધારાસભ્યના ઘર

આવ્યા છે. ક્યા કેસમાં તેની તપાસ ચાલી રહી છે તે જાણવા મળ્યું નથી. કાંડા, ૫૭, હરિયાણા લોકહિત પાર્ટી- તેમના દ્વારા શરૂ કરાયેલ એક રાજકીય સંગઠનના સિરસાથી ધારાસભ્ય છે. તેઓ ભૂતકાળમાં રાજ્યના ગૃહ, ઉદ્યોગ અને શહેરી સ્થાનિક સંસ્થાઓના ભૂતપૂર્વ પ્રધાન રહી ચૂક્યા છે. એમડીએલઆર એરલાઈન્સમાં ભૂતપૂર્વ એર હોસ્ટેસ ગીતિકા શર્મા દ્વારા આત્મહત્યા માટે ઉશ્કેરવાના હાઈ-પ્રોફાઈલ કેસમાં દિલ્હીની અદાલત દ્વારા રાજકારણીને તાજેતરમાં નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા. એવું માનવામાં આવે છે કે આ તપાસના સંબંધમાં કાંડા અગાઉ ઇડી અધિકારીઓને મળ્યા હતા. (પીટીઆઈ)

### ચંદ્રયાન-થ્રી

કરાવવામાં આવ્યો હતો. છઠ્ઠી ઑગસ્ટે ઈસરોએ ઓરબીટ રિડકશન મેનોવર હાથ ધર્યું હતું.

હવે ૧૪મી અને ૧૬મી ઑગસ્ટે બે મેનોવર હાથ ધરી ચંદ્રયાનને ચંદ્રથી ફક્ત ૧૦૦ કિલોમીટર દૂરની ભ્રમણકક્ષામાં દાખલ કરાવવામાં આવશે.

પહેલી ઑગસ્ટે ચંદ્રયાન-થ્રી ચંદ્રની ભ્રમણકક્ષામાં દાખલ કરાવવામાં આવ્યું હતું. પૃથ્વીની ભ્રમણકક્ષાથી ચંદ્રની ભ્રમણકક્ષામાં ચંદ્રયાન-થ્રીને દાખલ કરાવવા 'સ્લીન્ગ શોટ' મૂવ મેનોવર હાથ ધરવામાં આવ્યું હતું.

ચંદ્રયાનમાં પ્રોપલ્સન મોડ્યુલ, લેન્ડર મોડ્યુલ અને રોવરનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ભારતનું મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ ચંદ્રયાન-૩એ આજે વધુ એક મહત્ત્વનો તબક્કો પાર પડ્યો છે. ઈસરોએ ચંદ્રયાન-૩ને ચંદ્રની ત્રીજી કક્ષામાં પહોંચાડી દીધો છે અને હવે ચંદ્રયાન ૧૭૪ કિલોમીટર, ૧,૪૩૭ કિલોમીટર અંતરના લંબગોળ વર્તુળાકાર કક્ષામાં ફરી રહ્યો છે. ચંદ્રયાન-ટુની નક્કી કરેલાં ટાર્ગેટથી પણ આગળ પહોંચી ગયો હોવાની શક્યતા વ્યક્ત કરાઈ રહી છે. પરંતુ ઈસરોએ હજી આ વાતને કોઈ પણ પ્રકારનું સમર્થન આપ્યું નથી.

ઈસરોએ ૯મી ઑગસ્ટના બપોરે ૧.૪૦ મિનિટે ચંદ્રયાન-૩ની કક્ષામાં પરિવર્તન કર્યું હતું, જેનો અર્થ એવો થયો કે ચંદ્રયાન-થ્રીના થ્રસ્ટર્સને ઓન ક્યા હતા. પાંચમી ઑગસ્ટના ચંદ્રયાન-૩એ ચંદ્રની પહેલી ઓર્બિટમાં પ્રવેશ કર્યો હતો એ સમયે ચંદ્રયાન-૩એ ચંદ્રનો ક્લિક કરેલો પહેલો ફોટો પણ ઈસરો દ્વારા ટ્વિટર પર પોસ્ટ કરવામાં આવ્યો હતો.

એ સમયે ચંદ્રયાન-૩ ચંદ્રની આસપાસ ૧,૯૦૦ કિલોમીટર પ્રતિ સેકન્ડની સ્પીડથી ૧૬૪*૧,૮,૦૭૪ કિલોમીટરના લંબગોળાકાર કક્ષામાં ભ્રમણ કરી રહ્યો હતો. જેમાં છઠ્ઠી ઑગસ્ટના દિવસે ઘટાડો કર્યો હતો, એટલે ચંદ્રયાન-૩ ચંદ્રની બીજી કક્ષામાં પહોંચી ગયું હતું.

**વાત કરીએ ચંદ્રયાનની બાકીની મુસાફરી વિશે તો એ નીચે મુજબ છે-**

૧૪મી ઑગસ્ટ, ૨૦૨૩ઃ રાતના સમયે ૧૨ વાગ્યાથી ૧૨.૦૪ કલાક સુધી ચંદ્રયાન-૩ને ચોથી ઓર્બિટમાં મોકલવામાં આવશે.

૧૬મી ઑગસ્ટ, ૨૦૨૩ઃ સવારે ૮.૩૮થી ૮.૩૯ કલાક સુધી પાંચમી કક્ષામાં તે પહોંચી જશે એટલે કે માત્ર પાંચ જ મિનિટ માટે તેનું એન્જિન ઓન કરવામાં આવશે.

૧૭મી ઑગસ્ટ, ૨૦૨૩ઃ ચંદ્રયાન-૩નું પ્રોપલ્શન અને લેન્ડરમાંથી મોડ્યુલ અલગ થઈ જશે અને આ જ દિવસે બંને મોડ્યુલ ચંદ્રની બધી બાજુથી ૧૦૦ કિમી*૧૦૦ કિમીની ગોળ કક્ષામાં પ્રવેશ કરશે.

૧૮મી ઑગસ્ટ, ૨૦૨૩ઃ બપોરે પોણા ચાર વાગ્યે લેન્ડર મોડ્યુલનું ડી-ઓર્બિટિંગ થશે એટલે કે તેની હાઈટમાં ઘટાડો કરવામાં આવશે.

૨૦મી ઑગસ્ટ, ૨૦૨૩ઃ ચંદ્રયાન-૩નું લેન્ડર મોડ્યુલનું રાતે પોણા બે વાગ્યે ડી-ઓર્બિટિંગ થશે.

૨૩મી ઑગસ્ટ, ૨૦૨૩ઃ લેન્ડર ચંદ્રના દક્ષિણ ધ્રુવ નજીક લેન્ડ કરશે. જો બધુ બરાબર પાર પડ્યું તો પોણા છ વાગ્યાની આસપાસ લેન્ડર ચંદ્ર પર સફળતાપૂર્વક ઉતરાણ કરશે. બેંગ્લોર ખાતે આવેલા સેન્ટર ટેલિમેટ્રી, ટ્રેકિંગ નેટવર્કનું મિશન ઓપરેશન કોમ્પ્લેક્સના માધ્યમથી ચંદ્રયાન-૩ પર વોચ રાખવામાં આવી રહી છે. હાલમાં ચંદ્રયાન-૩ના તમામ ઉપકરણો યોગ્ય રીતે કામ કરી રહ્યા છે.

# એમીટી યુનિવર્સિટીમાં શરૂ થયું ઈસરોનું સ્ટડી સેન્ટર

મુંબઈ: ચંદ્રયાન-૩ની સફળતાની ઉજવણી કર્યા પછી હવે ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઇસરો) અવકાશમાં વસ્તુઓને સામાન્ય લોકો માટે સુલભ બનાવવા માટે મહત્ત્વપૂર્ણ કાર્ય કરી રહી છે. આ માટે ઇસરોએ 'સ્પેસ સાયન્સ એન્ડ ટૅક્નોલૉજી અવેરનેસ ટ્રેનિંગ' (સ્ટાર) પ્રોગ્રામ શરૂ કર્યો છે. આ કેન્દ્ર મહારાષ્ટ્રમાં એમિટી યુનિવર્સિટીની સ્થાપના મુંબઈમાં કરવામાં આવી છે. સ્ટારએ અવકાશ સંશોધનનો અભ્યાસ કરતા અંડરગ્રેજ્યુએટ અને સ્નાતક વિદ્યાર્થીઓ માટે રચાયેલ પ્રોગ્રામ છે. મિશન મંગલ અથવા ચંદ્રયાન બંને અવકાશમાં સંભવિત જીવન સ્વરૂપોનો અભ્યાસ કરવાના મિશન છે.

ઇસરો આ સંદર્ભે સંશોધન અને ટૅક્નોલૉજીને વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. એમિટી યુનિવર્સિટીમાં શરૂ કરાયેલા આ સેન્ટરમાં ત્રણ સપ્તાહની તાલીમ આપવામાં આવી રહી છે. ■

# ચળવળકર્તા અને લેખક હરિ નરકેનું અવસાન

મુંબઈ: શિક્ષણના પુરસ્કર્તા, સામાજિક ચળવળકર્તા અને લેખક હરિ નરકેનું બુધવારે ૬૦ વર્ષની ઉંમરે હાર્ટ એટેકને કારણે અવસાન થયું હોવાની જાણકારી પરિવારના સૂત્રોએ આપી હતી. સવારે ૧૦ વાગ્યે એક પ્રાઇવેટ હોસ્પિટલમાં શ્રી નરકેએ અંતિમ શ્વાસ લીધા હતા. તેમના અંતિમ સંસ્કાર પુણેમાં કરવામાં આવશે. નરકેએ મહાત્મા જ્યોતિબા ફૂલે, ડો. બાબાસાહેબ આંબેડકર પર પુસ્તકો લખ્યા હતા. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષના સ્થાપક શરદ પવારે શ્રી નરકેના અવસાન અંગે ખેદ વ્યક્ત કર્યો હતો. (પીટીઆઈ) ■

# દક્ષિણ મુંબઈમાં ધોબી તળાવ પાસે દુકાનમાં આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દક્ષિણ મુંબઈમાં ધોબી તળાવ પાસે સ્પોર્ટસ મટિરિયલની દુકાનમાં બુધવારે સવારના અચાનક આગ ફાટી નીકળી હતી. સદ્‌નસીબે આગમાં કોઈ જાનહાનિ થઈ નહોતી. ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ ધોબી તળાવ વિસ્તારમાં મેટ્રો સિનેમાં પાસે ચમન મેન્શનમાં સ્પોટર્સને લગતા સાધનોનું વેચાણ કરનારી ટાસ્ક સ્પોર્ટસ નામની દુકાન આવેલી છે. બુધવારે સવારના લગભગ ૧૧.૧૭ વાગ્યાની આસપાસ દુકાનમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડ પહોંચી ગઈ હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. આગમાં દુકાનને નુકસાન થયું હતું. પરંતુ સદ્‌નસીબે કોઈ જખમી થયું નહોતું. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. પરંતુ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે. ■



**આગ:** મુંબઈમાં બુધવારે મેટ્રો સિનેમા નજીક આવેલી રમતગમતના સાધનો વેચતી દુકાનમાં આગ લાગી હતી. (જયપ્રકાશ કેળકર)

# રાજ્યની નમો કિસાન સન્માન યોજનાની પાટી કોરીકટ

## કેન્દ્રના ૧૪ હપ્તા જમા, રાજ્યના પહેલાના ઠેકાણા નથી

વાશિમ: કેન્દ્ર સરકારની પીએમ કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત ખેડૂતોને દર વર્ષે છ હજાર રૂપિયાની આર્થિક મદદ કરવામાં આવે છે. કેન્દ્રના ધોરણે મહારાષ્ટ રાજ્ય દ્વારા પણ નમો શેતકરી મહાસન્માન નિધિ યોજનાનો લાભ આપવાની જાહેરાત થઈ હતી. સરકારનો નિર્ણય સૂચિત કરવામાં આવ્યો હતો. જોકે, કેન્દ્ર સરકારના નિધિ મારફત અનેક ખેડૂતોના ખાતામાં પૈસા જમા થયા પણ રાજ્ય સરકારનો નિધિ હજી સુધી જમા ન થય હોવાથી ખેડૂત વર્ગમાં નારાજગી ફેલાઈ છે.

કેન્દ્ર સરકારના ધોરણ અનુસાર રાજ્ય સરકારે ખેડૂતોને દર વર્ષે છ હજાર રૂપિયા આપવાની ઘોષણા કરી હતી. પ્રધાન મંડળ દ્વારા યોજના મંજૂર પણ કરવામાં આવી હતી. પીએમ સન્માન નિધિ યોજનાના લાભાર્થી ખેડૂત રાજ્ય સરકારની યોજના માટે પાત્ર હશે એવી જાહેરાત સુદ્ધાં કરવામાં આવી હતી. જોકે, જિલ્લામાં હજી સુધી રાજ્ય સરકારનો પહેલો હપ્તો પણ ખાતામાં જમા નથી થયો. કેન્દ્ર સરકારનો ૧૪મો હપ્તો તાજેતરમાં ૨૮ જુલાઈએ જમા થયો છે ત્યારે રાજ્ય સરકારનો પ્રથમ હપ્તો ક્યારે જમા થશે એવો સવાલ ખેડૂતો પૂછી રહ્યા છે. ■

# મહારાષ્ટ્ર આઇએસઆઇએસ મૉડ્યુલ કેસમાં પકડાયેલા પાંચ આરોપીને એનઆઇએ કસ્ટડી

મુંબઈ: મહારાષ્ટ્ર આઇએસઆઇએસ (ઇસ્લામિક સ્ટેટ ઓફ ઇરાક એન્ડ સિરિયા) મૉડ્યુલ કેસમાં ધરપકડ કરાયેલા પાંચ આરોપીને બુધવારે વિશેષ કોર્ટે ૧૪ ઑગસ્ટ સુધીની એનઆઇએ કસ્ટડી ફટકારી હતી.

મહારાષ્ટ્ર એન્ટિ ટેરરિઝમ સ્કવોડ (એટીએસ) પાસેથી આ કેસની તપાસ પોતાના હસ્તક લીધા બાદ એનઆઇએએ પાંચ આરોપી મોહંમદ ઇમરાન મોહંમદ યુનુસ ખાન, મોહંમદ યુનુસ કાસી, કાદિર દસ્તગીર પઠાણ, સીમા નસરુદ્દીન કાઝી અને ઝુલ્ફીકારઅલી બરોડાવાલાને બુધવારે વિશેષ એનઆઇએ કોર્ટમાં હાજર કર્યા હતા. આ કેસમાં આરોપીઓને કસ્ટડીમાં લઇને પૂછપરછ કરવાની જરૂર હોવાથી તેમની નવ દિવસની કસ્ટડીની માગણી કરવામાં આવી હતી. આથી કોર્ટે આરોપીને ૧૪ ઑગસ્ટ સુધીની કસ્ટડી ફટકારી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે એનઆઇએએ શનિવારે ભિવંડીથી આકિફ અતીક નાચનની ધરપકડ કરી હતી. જે ઉપરોક્ત પાંચ આરોપીનો નિકટવર્તી હતો. (પીટીઆઇ) ■

# આદિવાસીઓને વિકાસની મુખ્ય ધારામાં લવાશે: મુખ્ય પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ બુધવારે કહ્યું હતું કે રાજ્ય સરકાર ૨૫૦ આશ્રમ શાળા સ્કૂલોને અત્યાધુનિક સુવિધાથી પુનર્વિકાસ કરશે. તેમણે આદિવાસીઓને સ્વાતંત્ર્ય સેનાનીઓ અને પર્યાવરણના રક્ષક તરીકે બિરદાવ્યા હતા. વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે પાલઘર જિલ્લાના જવ્હારમાં એક સમારંભને સંબોધતાં તેમણે કહ્યું હતું કે તેમની સરકાર આદિવાસીઓ અને કામગારોને વિકાસની મુખ્ય ધારામાં લાવવા માટે સમર્પિત છે. નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર પણ આ કાર્યક્રમમાં વિડીયો કોન્ફરન્સિંગના માધ્યમથી હાજર રહ્યા હતા. આદિવાસીઓ જમીન અને પર્યાવરણ સાથે અત્યંત નજીકના સંબંધો ધરાવે છે. તેઓ યુગોથી વન સહિતના ભવ્ય પ્રાકૃતિક સંસાધનોનું રક્ષણ કરે છે એમ કહેતાં તેમણે ઉમેર્યું હતું કે તેમણે સ્વાતંત્ર્યની ચળવળમાં પણ સારું યોગદાન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે આદિવાસીઓને વિકાસની મુખ્ય ધારામાં લાવવાનું આપણી સામુદાયિક જવાબદારી છે. આ બાબતને ધ્યાનમાં રાખીને સરકાર તેમને શિક્ષણ, રોજગાર અને આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની દિશામાં કામ કરી રહી છે.

તેમણે એમ પણ કહ્યું હતું કે સરકાર એક યોજના અમલમાં જઈ રહી છે, જેમાં આદિવાસી વિદ્યાર્થીઓને પ્રખ્યાત સ્કૂલોમાં શિક્ષણ મળી શકે અને તેઓ આઈઆઈટી, એન્જિનિયરિંગ અને તબીબી અભ્યાસક્રમની એન્ટ્રન્સ એક્ઝામ આપી શકે એવી વ્યવસ્થા કરવામાં આવશે. ■

# 'ભારત છોડો' દિન મનાવવા ગયેલા તુષાર ગાંધીની અટકાયતનો દાવો

મુંબઈ: મુંબઈના ઑગસ્ટ ક્રાંતિ મેદાનમાં 'ભારત છોડો' દિન મનાવવા ઘરેથી નીકળતી વખતે પોલીસે પોતાની અટકાયત કરી હોવાનો દાવો મહાત્મા ગાંધીજીના પ્રપૌત્ર તુષાર ગાંધીએ બુધવારે કર્યો હતો. સોશિયલ એક્ટિવિસ્ટ તિસ્તા સેતલવડે એક ટ્વીટમાં દાવો કર્યો હતો કે તેમને પણ ઘરમાંથી બહાર નીકળતી વખતે રોકવામાં આવ્યા હતા અને જાણીતા સ્વાતંત્ર્ય સેનાની જી.જી. પરીખને સુદ્ધાં ઑગસ્ટ ક્રાંતિ મેદાન પહોંચતા રોકવામાં આવ્યા હતા. તુષાર ગાંધી, તિસ્તા સેતલવડ અને શ્રી પરીખ ગિરગામ ચોપાટીથી ઑગસ્ટ ક્રાંતિ મેદાન સુધીના શાંતિ મોરચામાં સહભાગી થવાના હતા. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે તુષાર ગાંધી સાન્તાક્રુઝ સ્થિત તેમના નિવાસસ્થાનેથી બહાર નીકળ્યા ત્યારે તેમને કહેવામાં આવ્યું હતું કે તેઓ મોરચામાં સામેલ નહીં થઈ શકે અને તેમને પરવાનગી નકારવામાં આવી હતી. જોકે, પાછળથી તેમને ઑગસ્ટ ક્રાંતિ મેદાન જવા દેવામાં આવ્યા હતા. ૯ ઑગસ્ટના 'ભારત છોડો' દિનની ઉજવણી માટે હું ઘરની બહાર નીકળ્યા પછી સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં પહેલી વાર સાન્તાક્રુઝ પોલીસ સ્ટેશન મારી અટકાયત કરવામાં આવી હતી. મારા પરદાદા અને પરદાદી બાપુ અને બાની પણ આ ઐતિહાસિક તારીખે બ્રિટિશ પોલીસે ધરપકડ કરી હતી એ મારા માટે ગર્વની વાત છે, એમ તુષાર ગાંધીએ એક ટ્વીટ દ્વારા જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

# બનાવટી નોટોના કેસમાં આરોપીને સાત વર્ષની કેદ

થાણે: ભારતીય ચલણની બનાવટી નોટો સાથે ઝડપાયેલા આરોપીને થાણેની કોર્ટે સાત વર્ષની સખત કેદની સજા ફટકારી હતી. એડિશનલ સેશન્સ જજ એ. એન. સિરસિકરે ૨ ઑગસ્ટે આપેલા ચુકાદામાં આરોપી મોહમ્મદ બાબર સેરાજુલ અલી (૨૭)ને એક હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. ચુકાદાની નકલ બુધવારે ઉપલબ્ધ થઈ હતી. ૨૯ ડિસેમ્બર, ૨૦૧૭ના રોજ આરોપી ૧.૭૫ લાખની બનાવટી નોટો સાથે ઝડપાયો હતો. આ નોટો તેણે બે શખસ મેહબૂબ જલાલુદ્દીન શેખ અને આલમ જલાલુદ્દીન શેખ પાસેથી મેળવી હતી. બન્ને શખસ ફરાર હોવાનું તપાસકર્તા પક્ષે કોર્ટમાં જણાવ્યું હતું. ■

# મિત્રને ધમકાવી ₹ સાત લાખ વસૂલવાનો પ્રયાસ: બે રીઢા આરોપી પકડાયા

નાગપુર: નાગપુરમાં મિત્રને ધમકાવીને રૂ. સાત લાખ વસૂલવાનો પ્રયાસ કરવા પ્રકરણે પોલીસે બે રીઢા આરોપીની ધરપકડ કરી હતી.

આરોપીઓની ઓળખ લિટલ સરદાર ઉર્ફે શૈલેન્દ્ર સિંહ લોહિયા અને સિદ્ધુ હરજીતસિંહ કૌર તરીકે થઇ હોઇ તેઓ ગયા સપ્તાહે હની ઉર્ફે મનિન્દરસિંહ હરજીન્દરસિંહ ચંડોકની અશોક ચોક વિસ્તારમાં આવેલી ઓફિસમાં ઘૂસ્યા હતા. તેમણે ચંડોકને ધમકાવ્યો હતો અને ખંડણી માગી હતી. તેમણે ચંડોકને કહ્યું હતું કે અમને હત્યાના કેસમાં ફસાવ્યા હોવાથી તારે કાનૂની ખર્ચ પેટે રૂ. સાત લાખ આપવા પડશે.

બંને આરોપીએ ૨ અને ૫ ઓગસ્ટે ચંડોકના ઘરમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. ચંડોકે જરીપટકા પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે ફરિયાદ નોંધાવતાં પોલીસે લોહિયા અને કૌર સામે ગુનો દાખલ કર્યો હતો અને બાદમાં તેમની ધરપકડ કરાઇ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૦૧૯માં બોબી મકાન નામના યુવકની હત્યા બદલ ચંડોક, લોહિયા અને કૌર સહિત ચાર જણ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. અગાઉ ત્રણેય સામે એમસીઓસીએ (મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ) લગાવાયો હતો. (પીટીઆઇ) ■

# દુકાન બહારથી સળિયા ચોર્યાની શંકા પરથી યુવકને ઢોરમાર મારી મોતને ઘાટ ઉતારનારી ત્રિપુટી ઝડપાઇ

થાણે: નવી મુંબઈમાં દુકાન બહારથી લોખંડના સળિયા ચોર્યા હોવાની શંકા પરથી યુવકનું અપહરણ કર્યા બાદ ઢોરમાર મારી તેને મોતને ઘાટ ઉતારવા અને તેના મિત્રને ઘાયલ કરવા બદલ ત્રણ જણની ધરપકડ કરવામાં આવી હતી.

ખારઘર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે મંગળવારે સવારના ૯.૩૦થી બપોરે ૨.૩૦ દરમિયાન આ ઘટના બની હતી, જેમાં મૃત્યુ પામેલા યુવકની ઓળખ વિનોદ રાઠોડ (૩૫) તરીકે થઇ હતી, જ્યારે તેના મિત્ર અનિલ જાધવને ગંભીર ઇજા પહોંચી હતી. અનિલ જાધવે આ પ્રકરણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદમાં જણાવાયું હતું કે ચાર આરોપી મંગળવારે વિનોદ અને અનિલનું અપહરણ કરી તેમને દુકાનમાં લઇ ગયા હતા, જ્યાં તેમને બંધક બનાવીને સ્ટમ્પથી તેમની મારપીટ કરવામાં આવી હતી. આરોપીઓએ વિનોદને ઢોરમાર માર્યો હતો અને બાદમાં તેનું માથું ભીંત સાથે અફાળ્યું હતું. માથામાં ગંભીર ઇજાને કારણે વિનોદ ફસડાઇ પડ્યો હતો અને મૃત્યુ પામ્યો હતો.

ખારઘર પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને ત્રણ આરોપીની ધરપકડ કરી હતી, જ્યારે ફરાર ચોથા આરોપી ગુલાબ અમરસિંહ ચવ્હાણ ઉર્ફે પિન્ટુ ચવ્હાણની શોધ આદરી હતી. આરોપીઓની ઓળખ દિનકર પ્રહ્‌લાદ લાવંડ, અભિમન્યુ બિહારી યાદવ અને રાજકુમાર શ્રીરામધની યાદવ તરીકે થઇ હતી. દિનકર લાવંડની વેલ્ડિંગની દુકાન છે અને દુકાનની બહારથી વિનોદ રાઠોડ અને તેના મિત્રએ લોખંડના સળિયા ચોર્યા હોવાની તેને શંકા હતી. આથી દિનકરે અન્ય ત્રણ આરોપીની મદદથી બંને જણનું અપહરણ કર્યું હતું અને તેમને ઢોરમાર માર્યો હતો, જેમાં વિનોદનું મૃત્યુ થયું હતું, એમ અધિકારીએ કહ્યું હતું. (પીટીઆઇ) ■


## પ્રાર્થના સભા



-: જન્મ :-
તા. ૭.૪.૧૯૪૭


-: સ્વર્ગવાસ :-
તા. ૧.૮.૨૦૨૩

**સ્વ. રાજેન્દ્ર અમૃતલાલ ઝવેરી**

સદ્‌ગતનું દુઃખદ અવસાન તા. ૧.૮.૨૦૨૩ના રોજ થયું છે.
પ્રભુને ગમ્યુ તે ખરૂં.
એમની પ્રાર્થના સભા શુક્રવાર, તા. ૧૧.૮.૨૦૨૩ના રોજ સાંજે ૪ થી ૬
શ્રી મુંબઇ પાટીદાર સમાજ, ૬, ફ્રેન્ચ બ્રિજ, મફતલાલ બાગ,
શાંતિ સદનની સામે, મુંબઇ - ૪૦૦ ૦૦૭.
લી.
ઉષાબેન રાજેન્દ્રભાઇ ઝવેરી (પત્ની)
હેમાંગ રાજેન્દ્રભાઇ ઝવેરી (પુત્ર) મેધના પ્રાંજલ ભટ્ટ (પુત્રી)
ડિમ્પલ હેમાંગ ઝવેરી (પુત્રવધુ) કર્ણિકા વિશાલ નિશાર (પુત્રી)
નિવાસ સ્થાન : ૩૪, ગિરિરાજ બિલ્ડિંગ, ૨૦૧ વાલ્કેશ્વર રોડ,
૩ બત્તી પાસે, મુંબઇ. મો.: ૮૩૨૦૨૮૫૮૪૯



## પ્રાર્થનાસભા



न जायते म्रियते वा कदाचि-न्नायं - भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो - न हन्यते हन्यमाने शरीरे ।।

**શ્રી બકુલભાઈ હરિશંકર પંડ્યા** (ઉ. વ. ૯૧)

તા. ૬-૮-૨૩ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. એમની પ્રાર્થનાસભા ગુરૂવાર, ૧૦-૮-૨૩ના રોજ સાંજના ૫ થી ૭ રાખેલ છે.
સ્થળ : હિરાવતી સ્ત્રી મંડળ હોલ, ટાગોર રોડ, ગ્રીન સ્ટ્રીટ, સાંતાક્રુઝ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૪.

- પત્ની : સ્વ. ભાનુબેન પંડ્યા
- પુત્ર : પ્રદીપભાઈ-પ્રકાશભાઈ
- પુત્રવધૂ : જયશ્રી - નમ્રતા
- પુત્રી : પલ્લવી હર્ષરાજ ભટ્ટ, સ્મિતા કિરીટભાઈ ઠાકર, સ્વ. દીપિકા દિનેશભાઈ દવે
- પૌત્ર : શ્રીનાથ-શ્રીરાજ-શ્રીકુંજ
- પૌત્રવધૂ : રૂચિ-ખ્યાતિ
- પૌત્રી : ઉપાસના સૌરભ અગરવાલ
- દોહિત્રી : કિન્નરી, ખુશ્બુ, કરિશ્મા, મિતાલી, દર્શાલી
- પ્રપૌત્રી : વ્યાના, પહેલ

સમસ્ત પંડ્યા પરિવારના જયશ્રી કૃષ્ણ


# પિતાએ ઠપકો આપતાં સગીર પુત્રએ પાંચમા માળેથી ઝંપલાવ્યું

મુંબઈ: પિતાએ ઠપકો આપ્યા બાદ ૧૬ વર્ષના પુત્રએ પરિવારજનોની નજર સામે પાંચમા માળેથી ઝંપલાવ્યું હોવાની ઘટના મંગળવારે પ્રતીક્ષાનગરમાં બની હતી. વડાલા ટીટી પોલીસે આ પ્રકરણે એડીઆર દાખલ કરીને વધુ તપાસ આદરી હતી. પ્રતીક્ષાનગરમાં ઇમારતના પાંચમા માળે રહેતા અને કોલેજમાં અભ્યાસ કરતા કિશોરને તેના પિતાએ મંગળવારે સાંજે કોઇ બાબતને લઇ ઠપકો આપ્યો હતો. આથી કિશોરને લાગી આવ્યું હતું અને તેણે માતા-પિતા અને બહેનની નજર સામે પાંચમા માળે ગેલેરીમાંથી નીચે ઝંપલાવી દીધું હતું. ગંભીર રીતે ઘવાયેલા કિશોરને સારવારાર્થે હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો, જ્યાં તેનું મૃત્યુ થયું હતું. દરમિયાન પુત્રએ ભરેલા આ પગલાથી પિતાને આઘાત લાગ્યો હતો અને તબિયત લથડતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા, એમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ડોમ્બિવલીમાં બે રીઢા ચોર પકડાતાં ૧૮ કેસ ઉકેલાયા

થાણે: ડોમ્બિવલીમાં બે રીઢા ચોરને પકડી પાડી પોલીસે થાણે, નવી મુંબઈ અને મુંબઈમાં નોંધાયેલા ૧૮ કેસ ઉકેલાયાનો દાવો કર્યો હતો. માનપાડા પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર સુરેશ મદનેએ જણાવ્યું હતું કે આરોપી પાસેથી સોનાના દાગીના, રોકડ અને લૅપટોપ મળી અંદાજે ૨૦.૧૫ લાખની મતા હસ્તગત કરાઈ હતી. માનપાડા પોલીસની હદમાં બંધ ઘરોમાં ચોરીની ઉપરાછાપરી ઘટના બનતાં આરોપીની શોધ માટે અધિકારીઓની ટીમ બનાવવામાં આવી હતી. આરોપીની શોધ માટે સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસવામાં આવ્યાં હતાં. પકડાયેલા બન્ને આરોપી યુસુફ રશીદ શેખ (૩૦) અને નૌશાદ મુસ્તાક આલમ (૨૮) વિરુદ્ધ અનેક ગુના નોંધાયેલા હોવાનું તપાસમાં જણાયું હતું. આરોપી યુસુફની અગાઉ ૨૩ કેસમાં ધરપકડ કરાઈ હતી, જ્યારે નૌશાદ સામે ૧૧ ગુના નોંધાયેલા હોવાનું પોલીસનું કહેવું છે. તપાસ દરમિયાન બન્ને આરોપી માનપાડા, ડાયઘર, રબાળે, કામોઠે, પનવેલ, તળોજા, ચુનાભટ્ટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ૧૮ ગુનામાં સંડોવાયેલા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

# ક્રાઈમ બ્રાન્ચની ઑફિસમાં પત્તાં રમનારા ત્રણ કોન્સ્ટેબલ સસ્પેન્ડ

નાગપુર: નાગપુર શહેરમાં આવેલી ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૩ની ઑફિસના પરિસરમાં ફરજ દરમિયાન પત્તાં રમનારા ત્રણ હેડ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. એક વીડિયો રિષ્ઠ પોલીસ અધિકારીને મળ્યો હતો, જેમાં આ ત્રણ કોન્સ્ટેબલ પત્તાં રમતાં નજરે પડે છે. સોમવારે વીડિયો નાગપુરના પોલીસ કમિશનર અમિતેશ કુમારને મળ્યો હતો. વીડિયોની તપાસનો આદેશ આપી તેમણે ત્રણેય કોન્સ્ટેબલને મંગળવારે સસ્પેન્ડ કર્યા હતા. (પીટીઆઈ) ■

# મરાઠા ક્રાંતિ મોરચાને કારણે સાયન - પનવેલ માર્ગ પર ટ્રાફિક જામ

મુંબઈ: ઓબીસી આરક્ષણ, મહિલા આરક્ષણ, ખોપર્ડી ઘટનામાં આરોપીને શિક્ષાનો અમલ સહિત વિવિધ માગણીઓ માટે મરાઠા ક્રાંતિ મોરચા દ્વારા બુધવારે આઝાદ મેદાનમાં આંદોલનનું આયોજન કરવામાં આવ્યું હતું. મરાઠા ક્રાંતિ મોરચાના સેંકડો કાર્યકર્તા બુધવારે ચેમ્બુર સ્થિત પાંજરાપોળ સર્કલ વિસ્તારમાં દાખલ થયા હતા. પરિણામે સાયન - પનવેલ હાઇવે પર વાહનવ્યવહારની સમસ્યા સર્જાઈ ટ્રાફિક જામ થયો હતો. નવી મુંબઈ પરિસરમાંથી નીકળી કાર્યકર્તા બુધવારે સવારે આઝાદ મેદાનની દિશામાં રવાના થયા હતા. બપોરે બાર વાગ્યાની આસપાસ આંદોલનકારીઓ ચેમ્બુર પાંજરાપોળ સર્કલ વિસ્તારમાં એકઠા થયા હતા. એ સમયે પોલીસે આંદોલનકારીઓને રસ્તાની એક બાજુ ઊભા રહેવાની સૂચના આપી હતી. આ સૂચના સાંભળી રોષે ભરાયેલા કાર્યકર્તાઓએ 'રસ્તા રોકો' આંદોલન કર્યું હતું. જોકે, પોલીસ ઉપયુક્ત હેમરાજ સિંહ રાજપૂતે આંદોલનકારીઓને સમજાવી તેમને આગળ રવાના કર્યા હતા. ત્યારબાદ કાર્યકર્તા પોતપોતાના વાહનોમાં બેસી આઝાદ મેદાન તરફ રવાના થયા હતા. ■

# બોગસ મેઈલ મોકલી લાખોની ઠગાઈ કરનારા બે જણ મધ્ય પ્રદેશમાં ઝડપાયા

## બન્ને આરોપીને ૧૪ ઑગસ્ટ સુધીની પોલીસ કસ્ટડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અંધેરીની કંપનીને બોગસ મેઈલ મોકલી ૮.૩૦ લાખ રૂપિયાની કથિત ઠગાઈ કરનારા બે જણને મધ્ય પ્રદેશથી પકડી પાડવામાં આવ્યા હતા.

અંધેરી પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ નીરજ રાજેન્દ્ર રાઠૌર અને ધર્મેન્દ્ર સુદર્શન પાંડે તરીકે થઈ હતી. કોર્ટે બન્ને આરોપીને ૧૪ ઑગસ્ટ સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ ફરિયાદીની કંપનીના ઈ-મેઈલ આઈડી પર એક મેઈલ આવ્યો હતો. ફરિયાદીની કંપનીને માલનો પુરવઠો કરનારી કંપની દ્વારા એ મેઈલ મોકલવામાં આવ્યો હતો. કંપનીના બૅન્ક ખાતામાં ફેરફાર કરવામાં આવ્યો હોવાની વિગતો મેઈલમાં હતી. સંબંધિત બૅન્ક ખાતામાં ૮.૩૦ લાખ રૂપિયા ઑનલાઈન ટ્રાન્સફર કરવામાં આવ્યા બાદ ફરિયાદીને ઠગાઈની જાણ થઈ હતી.

આ પ્રકરણે અંધેરી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી. રૂપિયા નીરજ રાઠૌરના બૅન્ક ખાતામાં ટ્રાન્સફર થયા હતા. પોલીસે રાઠૌરના ખાતામાં ૭.૪૩ લાખ રૂપિયા ફ્રીઝ કર્યા હતા.

તપાસમાં રાઠૌર મધ્ય પ્રદેશના બાલાઘાટમાં હોવાની માહિતી મળતાં પોલીસની ટીમ મધ્ય પ્રદેશ પહોંચી હતી. સ્થાનિક પોલીસની મદદથી રાઠૌરને તાબામાં લેવાયો હતો. રાઠૌરના નામનું બૅન્ક ખાતું પાંડે ઑપરેટ કરતો હોવાનું પૂછપરછમાં જણાયું હતું. પોલીસે મંડલા ખાતેથી પાંડેની પણ પકડી પાડ્યો હતો. ■




# લાડકી

કવિતા યાજ્ઞિક
feedback.ladki@
bombaysamachar.com

કવર સ્ટોરી

# સમય સાથે મહિલાઓનો બદલાયા અભિગમ

સમાજમાં સમયની સાથે મહિલાઓનો જીવન પ્રત્યેનો અભિગમ બદલાયો છે. તેનું શિક્ષણ, ઉછેર, રહેણીકરણી વગેરે બધું જ બદલાઈ ગયું છે, જેના કારણે તેની વિચારસરણીમાં ઘણા સકારાત્મક ફેરફારો થયા છે. હવે તે માત્ર બીજા માટે જ નહીં પણ પોતાના માટે પણ જીવે છે. તે પહેલા કરતાં પોતાની જાત પર દયાળુ રહી છે. ઘણી રીતે હવે તેમને સ્વતંત્રતા મળી છે જે આધુનિક મહિલાઓના આ વિશેષ ગુણો પરથી સમજી શકાય છે.



### સ્વયં સંભાળ

આધુનિક મહિલાઓ પોતાને પ્રેમ કરે છે, પરિવારની સાથે પોતાની સંભાળ રાખે છે અને પોતાનું સન્માન કરે છે.

પોતાના માટે સમય કાઢે છેઃ આજની મહિલાઓનો જીવન પ્રત્યેનો દૃષ્ટિકોણ અલગ છે. હવે તે હંમેશાં પરિવારથી ઘેરાયેલું રહેવાનું પસંદ કરતી નથી. તેઓ પોતાના માટે સમય કાઢે છે, મુસાફરી કરે છે, મિત્રો સાથે સમય વિતાવે છે, જ્યારે તેઓને મન થાય ત્યારે એકલા મુસાફરી કરવી, તેમની મનપસંદ પ્રવૃત્તિઓમાં ભાગ લેવો વગેરે ગમે છે.

### સ્વ-નિયંત્રણ

આજે મહિલાઓ ઓફિસમાં અને તેમના સામાજિક વર્તુળમાં ઘણા પ્રકારની પાર્ટીઓમાં ભાગ લે છે, જ્યાં વેજ, નોન-વેજ અને આલ્કોહોલની પ્રથા સામાન્ય છે. આવી સ્થિતિમાં, તેઓ સમય સાથે આગળ વધતા આવા ખોરાકથી બચતા નથી. તેઓ બધાને નવી વસ્તુઓ અજમાવવાનું પસંદ છે. સાચા-ખોટાની સમજ રાખીને તે પોતાની જાતને કેવી રીતે કાબૂમાં રાખવી તે પણ જાણે છે.

### લૅટેસ્ટ અપડેશન

આ મહિલાઓ નવી વસ્તુઓ અને ટેકનોલોજી શીખે છે. તે સારી રીતે સમજે છે કે શીખવાની કોઈ ઉંમર હોતી નથી. તેઓ મોબાઈલ, સ્માર્ટફોન, નેટ બૅન્કિંગ, ટિકિટ બુકિંગ, કોમ્પ્યુટર, લેપટોપ જેવા વિવિધ ગેજેટ્સનો ઉપયોગ કરીને તેમનું જીવન સરળ બનાવે છે. જીવનનો કોઈ પણ તબક્કો હોય, લગ્ન હોય કે માતૃત્વ હોય, તેમને નવું શીખવામાં અને આગળ વધવામાં કંઈ રોકતું નથી.

### ના કહેવાથી ડરતી નથી

આજે સ્ત્રીઓ તેમની હાજરી દર્શાવતી નથી. જ્યાં જરૂર હોય ત્યાં ના બોલવામાં તે અચકાતી નથી.

### કામનું વિતરણ કેવી રીતે કરવું તે જાણે છેઃ

આધુનિક મહિલાઓ એર ટોકમાં વિશ્વાસ કરતી નથી. તેઓ જાણે છે કે તેઓ સુપરવુમન નથી, તેઓ મનુષ્ય છે. ઘરનું, બહારનું, બાળકોનું અને કુટુંબનું બધું કામ તે એકલી નથી કરી શકતી. તેણી આ કાર્યો તેના પતિ અને અન્ય સભ્યો સાથે શેર કરવાનું પસંદ કરે છે.

### અભિવ્યક્તિ

આજની સ્ત્રીઓ પોતાના વિચારો અન્યની સામે ખુલ્લેઆમ રાખે છે. જો તેણીને કોઈની કોઈ વાત ગમતી હોય, તો તે તેના વખાણ કરવામાં અચકાતી નથી, પરંતુ જો તેણીને કંઈક ગમતું નથી, તો તે તેના મનમાં રાખતી નથી.

### લાવણ્ય

આજે સ્ત્રીઓ શિક્ષિત છે. તેમને અનેક વિષયોનું જ્ઞાન છે. તેઓ આધુનિકતા, સભ્યતા અને સુઘડતા સાથે સુમેળમાં ચાલે છે. કૃતજ્ઞતા વ્યક્ત કરવી અને ભૂલો માટે તરત જ સ્વીકારવું અને માફી માગવી એ આધુનિક સ્ત્રીની આદતનો એક ભાગ છે.

### જવાબદારી

આજે મહિલાઓ જવાબદાર છે અને સાથે જ તેઓ પોતાની પ્રાથમિકતા અનુસાર નક્કી કરે છે કે તેમના ખભા પર કેટલી જવાબદારી લેવી છે. વધુ કામ તેઓ સારી રીતે કરી શકે છે, વધુ કામ તેઓ તેમના હાથમાં લે છે. ફક્ત બીજાની ખુશી માટે વધુ કામનો બોજ લેવા માટે હા ન બોલો.

### ઉંમરથી આગળ વિચારે છે

આજની સ્ત્રીઓ દરેક ઉંમરનો આનંદ માણે છે અને તેમની ઉંમર પર ગર્વ પણ કરે છે. તેઓ દરેક ઉંમરે મજા પણ માણે છે.

આજની સ્ત્રીઓ સમય પહેલાં વૃદ્ધ થતી નથી અને પોતાની જાતને જાળવી રાખે છે. તે પોતાની જરૂરિયાતો માટે પણ ભરપૂર ખર્ચ કરે છે. ભૂલો સામે અવાજ ઉઠાવે છેઃ

આજે તેઓ કોઈ પણ પ્રકારના જુલમને ચૂપચાપ સહન કરતા નથી અને બીજાને પણ દુઃખી થવા દેતા નથી. જ્યારે તેમની સાથે અન્યાય કરવામાં આવે છે ત્યારે તેઓ અવાજ ઉઠાવે છે.

# શ્રીમતી ધારિણી પંચાલ, મુંબઈ-સ્થિત શિક્ષિકા, મિસીસ ઈન્ડિયા, નેશન પ્લસ સાઈઝ કેટેગરીની મહારાણી તરીકે ચમકી

મંબઈની એક સમર્પિત શિક્ષિકા શ્રીમતી ધારિણી પંચાલે પ્લસ સાઈઝ કેટેગરીમાં મિસીસ ઈન્ડિયા, એમ્પ્રેસ ઓફ ધ નેશનનું પ્રખ્યાત ટાઇટલ જીતીને એક અસાધારણ સીમાચિહ્‌ન હાંસલ કર્યું છે. પૂણેમાં દિવા પેજન્ટ દ્વારા આયોજિત પ્રતિષ્ઠિત કાર્યક્રમમાં ૧૮ જૂન, ૨૦૨૩ના રોજ એક અસાધારણ સાંજ જોવા મળી, જે શ્રીમતી પંચાલની સ્મૃતિમાં હંમેશાં માટે કોતરાઈ જશે. આત્મવિશ્વાસ અને વશીકરણના ભવ્ય પ્રદર્શનમાં, શ્રીમતી પંચાલ રાષ્ટ્રની મહારાણી, શ્રીમતી ઈન્ડિયાની ચોથી સિઝન માટે એપ્રિલમાં યોજાયેલા ઓડિશન પછી વિજયી બની. આ પ્રસિદ્ધ કાર્યક્રમ વૈભવી હયાત પૂણે ખાતે યોજાયો હતો, જ્યાં પ્રખ્યાત અભિનેત્રી નીલમ કોઠારી સોની સહિત ન્યાયાધીશોની આદરણીય પેનલે તેણીના અસાધારણ ગુણોને ઓળખી કાઢ્યા હતા અને તેણીને પ્રખ્યાત ટાઇટલ મળ્યું હતું. સામાજિક ધારણાઓ દ્વારા ઊભા કરાયેલા પડકારો છતાં શ્રીમતી ધારિણી પંચાલે તેમના ચાર દિવસના સઘન માવજત સત્રો દ્વારા પ્રતિકૂળતા પર વિજય મેળવ્યો જે ગ્રાન્ડ ફિનાલે સુધી લઈ ગયો. આ પરિવર્તન નોંધપાત્ર હતું, કારણ કે તેણીએ તેના વ્યક્તિત્વના વિવિધ પાસાઓમાં નવો આત્મવિશ્વાસ મેળવ્યો હતો. જેમાં ફેશન સેન્સ, મેકઅપ એપ્લિકેશન, હીલ્સમાં ગ્રેસ સાથે ચાલવું, રેમ્પ મૉડેલિંગનો સમાવેશ છે. મિસિસ ઈન્ડિયા, એમ્પ્રેસ ઓફ ધ નેશન ઈવેન્ટમાં વિવિધ વય જૂથમાંથી પ્રતિભા દર્શાવવામાં આવી હતી અને શ્રીમતી ધારિણી પંચાલ આદરણીય ગોલ્ડ કેટેગરીના હતા. નોંધનીય રીતે તેણીની મોટી બહેન શ્રીમતી મનીષા કાપડિયા, મુંબઈ સ્થિત વકીલ, એ એલિટ કેટેગરીમાં ટોચના આઠ સ્પર્ધકોમાં સ્થાન મેળવીને નોંધપાત્ર કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું. ગુજરાતી સમુદાયનું ગૌરવ સાથે પ્રતિધિનિત્વ કરતી બંને બહેનો, ૫૦ પ્રતિભાશાળી વ્યક્તિઓના સમૂહમાં તેમના સમુદાયમાંથી માત્ર બે જ સહભાગીઓ હતી.




શ્રીમતી ધારિણી પંચાલને ઓલ પ્લસ સાઈઝ કેટેગરીમાં મિસિસ ઈન્ડિયા તરીકેનો તાજ દિગ્દર્શકો શ્રી અને શ્રીમતી મસ્કરેન્હાસ સાથે નિલમ કોઠારી દ્વારા આપવામાં આવ્યો હતો.




શ્રીમતી મનિષા કાપડિયાને Ms. વિદ્યા તિવારી અને Ms. ડિમ્પલ ચોપડે દ્વારા મિસિસ કોન્ફિડન્સ એલિટ એન્ડ બ્યૂટી વીથ પર્પઝનો તાજ આપવામાં આવ્યો હતો.

# ભારતની પ્રથમ મહિલા વિમાનચાલક : સરલા ઠકરાલ

## સાડી પહેરીને હવાઈજહાજ ઉડાડનાર સાહસિક સ્ત્રીને જાણો છો ?

ટીના દોશી
feedback.ladki@
bombaysamachar.com

ભારતની વીરાંગનાઓ

સરલા ઠકરાલને મળો... લગભગ નવ દાયકા પહેલાં ભારતીય પરંપરાનું સન્માન જાળવીને સાડી પહેરીને અને આંખો પર ચશ્માં ચડાવીને વિમાન ઉડાડનાર પ્રથમ ભારતીય મહિલા વિમાનચાલક એ સરલા ઠકરાલ. લાહોરમાં ૧૯૩૬માં સરલાએ જિપ્સી મોથ નામના ટુ સીટર વિમાનનું સોલો ઉડ્ડયન કર્યું એ ધરતીથી માંડીને આસમાન માટે પણ અનોખી ઘટના હતી. એનું કારણ એ હતું કે ત્યાં સુધી હવાઈ ઉડ્ડયનનો ઈજારો માત્ર પુરુષોનો જ હતો. કોઈ સ્ત્રીએ ક્યારેય વિમાન ઉડાડ્યું નહોતું, એટલું જ નહીં, વિમાન ઉડાડવાનો વિચાર સુધ્ધાં કર્યો નહોતો. એટલે જ વીસમી સદીના ચોથા દાયકામાં સરલા ઠકરાલે એકલા હવાઈ જહાજ હંકાર્યું ત્યારે એ ઘટનાની નોંધ આકાશે પણ લીધી અને પૃથ્વીએ પણ. સરલા ઠકરાલે સાડી પહેરીને વિમાન ઉડાડ્યું એ ભારત માટે ગૌરવની ક્ષણ હતી. હવાઈસુંદરી સરલા ઠકરાલે પ્રથમ ભારતીય મહિલા વિમાનચાલક બનીને વિક્રમ સર્જ્યો.

ઉડ્ડયન ક્ષેત્ર આમ તો પુરુષ પ્રધાન ગણાય, પરંતુ સરલાને ઉડાન માટેની પાંખો આપનાર પુરુષો જ હતા. દિલ્હીના નામી પરિવારમાં ૮ ઓગસ્ટ ૧૯૧૪ના જન્મેલી સરલાએ ઊડવા માટે સંઘર્ષ પણ કરવો પડ્યો નહોતો એ પણ એ જમાનાના સંદર્ભમાં વિસ્મય પમાડનારી બાબત ગણી શકાય. સરલાનું લાડકું નામ મતિ હતું.

સોળ વર્ષની ઉંમરે સરલાનાં લગ્ન પી.ડી. શર્મા સાથે થયાં. એ પાયલટ હતા. એમને પ્રથમ ભારતીય એરમેલ પાઈલટનું લાઈસન્સ મળેલું. એમણે કરાચી અને લાહોર વચ્ચે ઉડાન ભરેલી. માત્ર પી.ડી. શર્મા જ નહીં, સરલાના સાસરામાં નવ સભ્ય હતા અને એ બધા જ પાયલટ હતા. સરલા એમની કામગીરી ઉત્કંઠાથી અને ઉત્સુકતાથી સાંભળતી. એમના હવાઈજહાજ ઉડાડવાના અનુભવો અંગે જાણીને રોમાંચિત થતી.

સામાન્યપણે કન્યાનાં લગ્ન થાય એટલે એની પાંખો કપાઈ જાય અને સાસરું સોનાનું હોય તોય સ્ત્રી માટે પાંજરું બની જાય. પણ સરલાના કિસ્સામાં ઊંધું થયું. એને તો સાસરિયે પાંખો મળી. શર્મા પરિવાર સ્ત્રીપુરુષ સમાનતાનો પક્ષધર હતો. એનો લાભ સરલાને





મળ્યો. પતિ પી.ડી. શર્માએ જોયું કે સરલાને વિમાન અંગે અને વિમાન ઉડાડવાની બાબતે જાણવાની, સાંભળવાની અને સમજવાની અપાર જિજ્ઞાસા છે. પતિએ પત્નીની આંખમાં ઊડવાનું સ્વપ્ન આંજ્યું. એની જિજ્ઞાસાને પાંખો આપી. અને કહ્યું : 'તું પણ વિમાન ઉડાડી શકે !'

સરલા આશ્ચર્યથી જોઈ રહી. એની મનોભૂમિમાં ઉડાન ભરવાનું બીજ રોપાયું. એને પહેલી જ વાર એવો અહેસાસ થયો કે ઊડવું એ જ પોતાનું સ્વપ્ન છે ! જોકે સમાજના ડરે આરંભે સરલાએ ઇનકાર કર્યો. પણ ખૂબ સમજાવટને અંતે પી.ડી. શર્માએ પત્નીને મનાવી લીધી. તોય પોતે વિમાન ઉડાડી શકશે કે નહીં એ બાબતે સરલાને થોડીક અવઢવ હતી, પણ પરિવારજનોએ પ્રોત્સાહન આપ્યું. વિમાન ઉડાડનાર એ પ્રથમ ભારતીય મહિલા બનવાની હતી. એ પણ પરિવારની પ્રેરણાને કારણે !

પરિવારમાં સસરા વડીલ હતા. એમણે પુત્રવધૂનું સ્વપ્ન સાકાર કરવા માટેની પહેલ કરી. ૧૯૨૯માં ઉડ્ડયનના પ્રશિક્ષણ માટે જોધપુર ફ્લાઈંગ ક્લબમાં સરલાને દાખલ કરાવી. ફ્લાઈંગ ક્લબમાં આ પહેલાં કોઈ સ્ત્રી પ્રશિક્ષણ માટે આવી નહોતી. ૧૯૨૯માં પરંપરામાં પરિવર્તન આવ્યું. એક સ્ત્રી અને એ પણ સાડી પહેરીને પ્રશિક્ષણ માટે આવી.

ફ્લાઈંગ ક્લબ માટે એક જુદા જ પ્રકારની આ સ્થિતિ હતી. પ્રશિક્ષકને થયું કે સરલા પાસે વિમાન અંગે પુસ્તકિયું જ્ઞાન જ હશે. એણે સરલાને હકીકતમાં હવાઈજહાજ કેવું હોય છે એ દેખાડ્યું. ખરેખર સરલા વિમાન બાબતે કેટલું જાણે છે એ જાણવા એને કેટલાયે સવાલો પૂછ્યા. સરલાની જીભે જવાબ હાજર જ હતા. એણે દરેક સવાલનો ત્વરિત જવાબ આપ્યો.

પ્રશિક્ષક સરલાની હાજરજવાબીથી પ્રભાવિત થયો. આઠ કલાકમાં એને વિશ્વાસ બેઠો કે સરલા વિમાન ઉડાડી શકશે. એણે સરલાને પ્રશિક્ષણ આપવાનું શરૂ કર્યું. સરલાએ પણ પૂરી તલ્લીનતાથી તાલીમ લીધી. તાલીમના દિવસો અંગે વાત કરતાં સરલાએ કહેલું કે, હું જાણતી હતી કે પુરુષોના ગણાતા ઉડ્ડયન ક્ષેત્રમાં એક મહિલા તરીકે હું મજબૂતીથી ઊભેલી, પરંતુ મારી સાથે પ્રશિક્ષણ લઈ રહેલા પુરુષોએ ક્યારેય મારો વિરોધ કર્યો નહોતો. એક કારકુનને જોકે એક સ્ત્રી ઉડ્ડયનનું પ્રશિક્ષણ મેળવે એ ગમતું નહોતું. આ એક અપવાદ સિવાય મને કોઈ કટુ અનુભવ થયો નહોતો. ઊલટું, પુરુષોએ મારું સમર્થન કરેલું અને મારો આત્મવિશ્વાસ પણ વધારેલો...

પ્રશિક્ષણ પૂરું થયા પછી સરલાએ ફ્લાઈંગ ટેસ્ટ પાસ કરી. હવે એ પાઈલટ બનવા માટે તૈયાર હતી. નિયમ પ્રમાણે સરલાએ વિમાનચાલક બનવા માટેનો પરવાનો એટલે કે લાઈસન્સ મેળવવા માટે એક હજાર કલાક હવાઈજહાજ ઉડાડવાનો અનુભવ મેળવવાનો હતો. હવાઈસુંદરી આસમાનમાં ઊડીને હવા સાથે વાતો કરવા લાગી. સરલાએ ઝડપથી એક હજાર કલાકનું ઉડ્ડયન પૂર્ણ કર્યું. એને એરમેલ લાઈસન્સ મળી ગયું. એકવીસ વર્ષની ઉંમરે સરલાએ પાઈલટ તરીકેનું લાયસન્સ મેળવ્યું. આવું લાઈસન્સ મેળવનાર એ પ્રથમ ભારતીય મહિલા હતી.

એ પછી સરલાએ બીજી સિદ્ધિ મેળવી. ૧૯૩૬માં લાહોરમાં જિપ્સી મોથ નામના બે બેઠક ધરાવતા વિમાનમાં સોલો ઉડ્ડયન કર્યું. સાડીનો પાલવ સંકોરીને, આંખે ચશ્માં ચડાવીને એણે વિમાન ઉડાડ્યું ત્યારે એ પરિણીત

હોવાની સાથે ચાર વર્ષની દીકરીની માતા પણ હતી. એ ઉડાન વિશે વાત કરતાં સરલાએ કહેલું, 'મને સોલો ઉડ્ડયન કરવા માટે પરિવારના સહયોગની જરૂર હતી. હું ઈચ્છતી હતી કે હું ઉડાન ભરું ત્યારે મારા પતિ હાજર હોય... એવું જ થયું. મારી પહેલી ઉડાનથી મારા પતિ જ નહિ, મારા સસરા પણ ખૂબ ખુશ થયા.'

હવે સરલાએ વ્યાવસાયિક વિમાનચાલક તરીકેનો પરવાનો મેળવવાનું વિચાર્યું. આ પરવાનો મેળવવા સરલાએ જોધપુરમાં પ્રશિક્ષણ લેવાનું હતું, પરંતુ ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે ! સરલાના પતિ પી.ડી. શર્માનું હવાઈ દુર્ઘટનામાં ઓચિંતું મૃત્યુ થયું.

સરલા અસહ્ય આઘાતમાં સરી પડી. દુઃખનું ઓસડ દહાડા.. સરલાએ જેમતેમ મન કાઠું કર્યું. પતિની ઈચ્છા પૂરી કરવા વ્યાવસાયિક વિમાનચાલકની તાલીમ લેવાનું શરૂ કર્યું. પણ નસીબ બે ડગલાં આગળ હતું. ૧૯૩૯માં દ્વિતીય વિશ્વયુદ્ધ શરૂ થઈ ગયું. એથી સરલાએ તાલીમ અધૂરી મૂકીને જોધપુરથી પાછા લાહોર આવવું પડ્યું. હવે એણે એકડે એકથી શરૂઆત કરવાની હતી.. લાહોરની મેયો સ્કૂલ ઓફ આર્ટસમાં પ્રવેશ લીધો. ચિત્રકળા સાથે ફાઈન આર્ટસનો ડિપ્લોમા મેળવ્યો.

દરમિયાન ભારતના ભાગલા પડ્યા ત્યારે ૧૯૪૭માં સરલા પોતાની દીકરી સાથે દિલ્હી આવીને વસી. એક વર્ષ પછી, ૧૯૪૮માં આર.પી. ઠકરાલ સાથે પુનર્લગ્ન કર્યાં. લગ્નને પગલે બીજી દીકરી થઈ. સરલાએ કુટિર ઉદ્યોગ શરૂ કર્યો. વસ્ત્રો અને આભૂષણોની ડિઝાઈન બનાવવા લાગી.એની ડિઝાઈનો લોકપ્રિય થવા લાગી. એના અનેક ગ્રાહકોમાં એક વિજયલક્ષ્મી પંડિત પણ હતાં !

જીવનના અંતિમ શ્વાસ સુધી સરલા કાર્યરત રહી. ૧૫ માર્ચ ૨૦૦૮ના એનું મૃત્યુ થયું. પ્રથમ ભારતીય મહિલા વિમાનચાલકથી માંડીને વસ્ત્રો અને આભૂષણોની ડિઝાઈન બનાવવા સુધીની સરલા ઠકરાલની સફર એક જ સંદેશ આપે છે : તમારું ધાર્યું થાય તો સારું, પણ ધાર્યું ન થાય તો વધુ સારું. કારણ પછી જે થાય છે એ ઈશ્વરનું ધાર્યું હોય છે... ધાર્યું આપણું ધૂળ છે, ધાર્યું ધણીનું થાય...! ■

# પહેલાં ડાકણ, પછી સંત

## સ્ત્રીનાં સમર્પણની કેવી અવહેલના!



કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@

કથા કોલાજ

ભાગઃ ૩
નામઃ જોન ઓફ આર્ક
સ્થળઃ રુઆન, ફ્રાંસ
સમયઃ ૨૪ મે, ૧૪૩૧
ઉંમરઃ ૧૯ વર્ષ

ફ્રાંસ, મારો દેશ, મારું વતન, મારી જન્મભૂમિ... મેં મારા દેશની સ્વતંત્રતા માટે જીવ જોખમમાં મૂક્યો. આટલો રક્તપાત કર્યો. મરણિયા પ્રયાસ કરીને ચાર્લ્સ સાતમાને પાટવી કુંવરમાંથી કિંગ ઓફ ફ્રાંસ બનાવ્યા. મારે બદલામાં કંઈ જ નહોતું જોતું. મારા દેશની સ્વતંત્રતા અને મારી જન્મભૂમિની મુક્તિ એ જ મારે માટે કોઈપણ પદવી કે સત્તા કરતાં મોટા હતા, પરંતુ આ વાત મારા રાજાને ન સમજાઈ. એમના એક વિશ્વાસુ મનાતા દરબારી વ્યક્તિએ ............એમને એવું સમજાવવાનો પ્રયત્ન કર્યો કે, ૧૮ વર્ષની નાની ઉંમરે મારી મહત્વકાંક્ષાઓ ખૂબ મોટી છે. હું ફ્રાંસની ગાદી પર બેસીને રાજ કરવા માગું છું માટે આવાં યુદ્ધો કરીને પ્રજાના હૃદયમાં મારા માટે આદર અને ભય ઊભો કરી રહી છું. એમણે ચાર્લ્સ સાતમાને ભડકાવ્યા, અને કહ્યું કે, 'આજે ભલે તમે રાજા તરીકે ઓળખાઓ છો, પરંતુ થોડાં જ વર્ષોમાં જ્યારે એ આખું ફ્રાંસ જીતી લેશે ત્યારે તમને ગાદી પરથી પદભ્રષ્ટ કરીને પોતે ગોઠવાઈ જશે.' એમણે એવું પણ કહ્યું કે, 'એકવાર જોન ફ્રાંસ જીતી લેશે પછી પ્રજાના હૃદયમાં એના માટેનો ભય અને આદર એ હદે વધી જશે કે એને ગાદી પર બેસતાં કોઈ રોકી નહીં શકે.' આ વાત તદ્દન અસત્ય અને પાયા વગરની હતી છતાં મારા રાજાના મનમાં એક શંકાનો કીડો પ્રવેશી ગયો. એમણે એમના દરબારીની વાત માની લીધી અને જેલમાંથી મને છોડાવવાનો કોઈ પ્રયત્ન પણ કર્યો નહીં.

એ વખતે હું યુદ્ધમાં પુરુષનો વેશ પહેરતી. મેં વાળ ટૂંકા રાખ્યા હતા અને સતત ઘોડા પર જ પ્રવાસ કરતી રહેતી. ચર્ચ ઓફ ઈંગ્લેન્ડે મારા દેખાવ અને મારી પ્રવૃત્તિઓને 'ગુનોહ' ગણાવીને મારી સામે કેસ ચલાવ્યો. ન્યાયાધીશ પણ એમની જ પસંદગીના અને સગવડના નક્કી કરવામાં આવ્યા. મને બચાવ માટે કોઈ વકીલ-સાક્ષી કે એક તક પણ આપવામાં આવી નહીં. મારી પર મુકાયેલા આક્ષેપો સાચા છે કે ખોટા એટલું કહેવાનો કોઈ હક પણ મને મળ્યો નહીં. એથી આગળ વધીને, ચર્ચ ઓફ ઈંગ્લેન્ડની જાણમાં, મારા જ દેશમાં મને ખૂબ હેરાન કરવામાં આવી. મારા પરિવારને સતાવવામાં આવ્યો એટલું જ નહીં, મારી સાથે શારીરિક અને માનસિક અત્યાચાર કરવામાં આવ્યા. આ બધા છતાં મારું મનોબળ તૂટ્યું નહીં કારણ કે, મારા સ્વપ્નમાં સેન્ટ કેથરિન, સેન્ટ માઈકલ અને બીજા સંતો સતત આવતા રહ્યા. એ સૌ મારું માર્ગદર્શન કરતા હતા અને મને હિંમત આપતા હતા.

પુરુષ વેશ પહેરીને પુરુષોની સાથે યુદ્ધ લડવું એ સ્ત્રી માટે ગુનો છે એવું ચર્ચ ઓફ ઈંગ્લેન્ડને અને હેનરી સાતમાએ સાબિત કર્યું હતું. મારા ઉપર ૨૭ આરોપ લગાવવામાં આવ્યા, જેના બચાવમાં મારે કંઈ કહેવું હોય તો પણ મને મોઢું ખૂલવાની છૂટ આપવામાં આવી નહીં. એ લોકોએ અંદરઅંદર જ કેસ ચલાવીને મને ગુનેગાર સાબિત કરી દીધી. જોકે, મેં એ વાતનો વિરોધ કર્યો. અમારો કેસ ચાલતો હતો ત્યારે ત્યાં હાજર રહેલા ફ્રાંસના નાગરિકોએ (જુઓ પાનું ૬)




‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| हेम | જાસૂસ |
| हेर | ઈર્ષ્યા |
| हेल | સોનુ |
| हेला | બોજો |
| हेवा | પાડો |

## ઓળખાણ પડી?

યુએસના ભૂતપૂર્વ પ્રેસિડેન્ટના પત્નીની ઓળખાણ પડી? ઓબામાના શાસનકાળમાં મહત્ત્વનો હોદ્દો સંભાળનાર આ મહિલા રાજકારણી યુએસ પ્રેસિડેન્ટની ચૂંટણી લડ્યા હતાં પણ હારી ગયા હતાં.

અ) માર્ગારિટ થેચર
બ) સોફિયા મિચેલ
ક) કોંડોલિઝા રાઈસ
ડ) હિલેરી ક્લિન્ટન



## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મા | ૨ ન | ૩ હા | નિ | | ૪ ફ | ૫ રિ | ૬ યા | દી | |
| ૭ ઝ | ર | ણ | | ૮ પ્ર | | ૯ ધ | રી | | ૧૦ અ |
| ૧૧ મ | મ | | ૧૨ અ | ત્યુ | ત્ત | મ | | ૧૩ ક | પ |
| રા | | ૧૪ ઉ | દા | ત્ત | | | ૧૫ ગો | ર | મા |
| ત | | દ | | ર | | ૧૬ સ | | ૧૭ ભા | ન |
| | ૧૮ જ | વા | બ | | ૧૯ બ | રા | ૨૦ બ | ર | |
| ૨૧ કા | ક | ડા | | ૨૨ પ | | ૨૩ સ | દ્ | | ૨૪ ન |
| રી | | | ૨૫ પ | રિ | ૨૬ વા | ર | | ૨૭ ક | ફ |
| ૨૮ ગ | ૨૯ જ | | ૩૦ લ | વા | દ | | ૩૧ ક | રા | ર |
| ૩૨ રી | વા | જ | | ૩૩ દ | ળ | ણું | | | ત |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ૪ | ૫ | | | ૬ |
| ૭ | | | | ૮ | | | | | |
| | | ૯ | | | | | ૧૦ | | |
| ૧૧ | ૧૨ | | | ૧૩ | | | | | |
| | ૧૪ | ૧૫ | ૧૬ | | | ૧૭ | | ૧૮ | |
| ૧૯ | | | | | | | ૨૦ | | ૨૧ |
| | | | | | | ૨૨ | | ૨૩ | |
| ૨૪ | | ૨૫ | | | ૨૬ | | ૨૭ | | |
| | | | | ૨૮ | | | | | |
| | ૨૯ | | | | | | ૩૦ | | |

**આડી ચાવી**

૧. વાસ્તવિકતા (૪)
૪. વેરણ છેરણ, અસ્તવ્યસ્ત (૫)
૭. રટવું તે (૩)
૮. તાત્કાલિક (૩)
૯. કબૂલાત, ઠરાવ, સમજૂતી (૩)
૧૦. મેરી --- કી દુનિયા કે દોસ્તો (૩)
૧૧. મોકો (૨)
૧૩. ખરાબી (૨)
૧૪. હાથીનો ડ્રાઈવર (૪)
૧૭. કળાકુશળતા, હુન્નર (૩)
૧૯. અંદરોઅંદર (૬)
૨૦. ખરાબ રીતે હાર (૩)
૨૨. દૂધમાંથી બને (૧)
૨૩. ઈટાલીનું ચલણ (૨)
૨૪. સારાપણું (૩)
૨૮. વ્યાજખાઉ (૪)
૨૯. આખી દુનિયામાં પ્રસિદ્ધ (૫)
૩૦. નિરાંતનો ઉદ્‌ગાર (૨)

**ઊભી ચાવી**

૧. અડચણ, નડતર, વાંધો (૪)
૨. કીડો, જંતુ (૨)
૩. રોટલી વણવા --- બાંધો (૩)
૪. લગી, સુધી, શત્રુવટ (૨)
૫. લીન, મગ્ન (૨)
૬. ખેંચાખેંચી, તકરાર (૪)
૮. તરબોળ (૫)
૧૦. મોભ, પાણી અટકાવવાની પાળ (૪)
૧૨. કેડ, કટિ (૩)
૧૫. હાસ્ય, હસવું તે (૨)
૧૬. વિપદ, દુઃખ, આફત (૩)
૧૮. કાછિયો (૩)
૧૯. ઉપકાર, આભાર (૪)
૨૧. અંદાજ, સરેરાશ (૪)
૨૫. ફૂલમાંની રજ (૩)
૨૬. ચાંદી (૩)
૨૭. ભોજપુરી લોકગીત (૩)
૨૮. વિસ્તૃત કે સ્પષ્ટ અર્થ, ટીકા (૨)

## ગુજરાત મોરી મોરી રે

સૂરમો કદાચ નહીં આંજ્યો હોય, પણ નાના બાળકોને આંખ આંજતા જોયા હોવાની સંભાવના નકારી શકાય નહીં. આંખ આંજવાની સળી કયા નામે ઓળખાય છે એ જણાવો?

અ) સોયણી બ) દામિની ક) શલાકા ડ) અક્ષત

## જાણવા જેવું

સાબર એટલે હરણની જાતનું શાખાદાર શિંગડાંવાળું પ્રાણી. એ ડુંગરાળ જગ્યા ઘણી પસંદ કરે છે. તેના શિંગડાં ઝાડની જેમ ફાંટાવાળાં હોય છે. તેનાં શિંગડાં દર વર્ષે ઊગે છે અને દર વર્ષે ખરી પડે છે. સાબરનાં શિંગડાં પોલાં નથી હોતાં, નક્કર હોય છે. શિંગડાં ઉનાળો બેસતાં ખરી પડે છે અને ચોમાસું પૂરું થતાં તેના પાછા ફણગા ફૂટે છે. સાબર અથવા હરણની જાતમાં નરને માથે જ શિંગડાં હોય છે. માદાને નથી હોતાં.

## સુડોકુ-૪૮૫૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૭ | | | | | | | |
| ૪ | ૯ | | | | ૮ | | | |
| ૮ | | ૩ | ૯ | | | | | ૪ |
| ૩ | ૬ | ૨ | | ૭ | | | | |
| ૭ | | | | ૮ | | | | ૫ |
| | | | | ૩ | | ૨ | ૪ | ૭ |
| ૬ | | | | | ૪ | ૭ | | ૮ |
| | | | ૮ | | | | ૫ | ૨ |
| | | | | | | | ૯ | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૪૮૫૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૬ | ૫ | ૩ | ૭ | ૯ | ૧ | ૪ | ૨ |
| ૪ | ૭ | ૧ | ૬ | ૨ | ૮ | ૩ | ૯ | ૫ |
| ૩ | ૯ | ૨ | ૪ | ૫ | ૧ | ૭ | ૮ | ૬ |
| ૯ | ૧ | ૬ | ૨ | ૪ | ૩ | ૫ | ૭ | ૮ |
| ૫ | ૪ | ૭ | ૮ | ૯ | ૬ | ૨ | ૧ | ૩ |
| ૨ | ૮ | ૩ | ૫ | ૧ | ૭ | ૯ | ૬ | ૪ |
| ૧ | ૨ | ૪ | ૯ | ૮ | ૫ | ૬ | ૩ | ૭ |
| ૭ | ૩ | ૮ | ૧ | ૬ | ૨ | ૪ | ૫ | ૯ |
| ૬ | ૫ | ૯ | ૭ | ૩ | ૪ | ૮ | ૨ | ૧ |

## ચતુર આપો જવાબ

### માથું ખંજવાળો

આપેલા વાક્યમાં છુપાયેલું રસોડામાં વપરાતું વાસણ શોધી કાઢો જોઉં.

તમે ગજબ કરો છો. વાત પેલીની કરો છો અને નામ પેલાનું લ્યો છો. આવું કેમ?

## નોંધી રાખો

તમે કોઈ બહુ સારું અને મહત્ત્વનું કામ કર્યું હોય અને લોકો એના પ્રત્યે દુર્લક્ષ કરે તો જરાય નિરાશ નહીં થઈ જતા કે દુઃખી નહીં થતા કારણ કે સૂરજ ઊગે ત્યારે અનેક લોકો ઊંઘતા હોય છે.

## માઈન્ડ ગેમ

૧૯૮૫માં ભારતીય ક્રિકેટ ટીમે ઓસ્ટ્રેલિયામાં રમાયેલી બેન્સન એન્ડ હેજિંસ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભારતીય ક્રિકેટ ટીમને વિજેતાપદ મળ્યું હતું. એ સમયે ભારતીય ટીમનો કેપ્ટન કોણ હતો?

અ) કપિલ દેવ ૨) સુનીલ ગાવસકર
૩) એસ. વેંકટરાઘવન
૪) મોહમ્મદ અઝહરુદ્દીન

## ગયા ગુરુવારના જવાબ

**ભાષા વૈભવ**

| A | B |
|---|---|
| तोंड | મોઢું |
| मान | ડોક |
| काप्रर | કોણી |
| मनगट | કાંડું |
| बाष्ट | આંગળી |

**ગુજરાત મોરી મોરી રે**
સલાટ

**ઓળખાણ પડી?**
રાણકદેવી

**માઈન્ડ ગેમ**
ઈંગ્લેન્ડ - ઓસ્ટ્રેલિયા

**ચતુર આપો જવાબ**
**માથું ખંજવાળો**
કમળો

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ભારતી બુચ (૪) શ્રદ્ધા આશર (૫) ડો. પ્રકાશ કટકિયા (૬) ભારતી કટકિયા (૭) વિભા મહેશ્વરી (૮) લજિતા ખોના (૯) પુષ્પા પટેલ (૧૦) હર્ષા મહેતા (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) મીનળ કાપડિયા (૧૩) નિખિલ બંગાળી (૧૪) અમીશી બંગાળી (૧૫) મહેન્દ્ર લોઢાવિયા (૧૬) નંદકિશોર સંજાણવાલા (૧૭) મનીષા શેઠ (૧૮) ફાલ્ગુની શેઠ (૧૯) સુરેખા દેસાઈ (૨૦) રજનીકાંત પટવા (૨૧) સુનીતા પટવા (૨૨) ભાવના કર્વે (૨૩) મહેશ દોશી (૨૪) દેવેન્દ્ર સંપ (૨૫) વિણા સંપટ (૨૬) સુભાષ મોમાયા (૨૭) કલ્પના આશર (૨૮) અંજુ ટોલિયા (૨૯) પુષ્પા ખોના (૩૦) જ્યોત્સના ગાંધી (૩૧) હિના દલાલ (૩૨) રમેશ દલાલ (૩૩) ઈનાક્ષી દલાલ (૩૪) જયવંત ચિખલ (૩૫) દિલીપ પરીખ (૩૬) વર્ષા મિલિંદ નાનસી (૩૭) પ્રવીણ વોરા (૩૮) અરવિંદ કામદાર (૩૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) વિજય ગરોડિયા (૪૨) શીરીન ઔરંગાબાદવાલા




કેતકી જાની
feedback.ladki@

# મને પ્લીઝ બતાવો આવા નમૂના જેવા લોકોના કેટલાં પ્રકાર છે? તે દીકરા માટે હું શું કરી શકું?

સવાલ- મારી દીકરી પ્રથમ ધોરણમાં ભણે છે. બે દિવસ પહેલા પેરન્ટ-ટીચર મિટિંગમાં હું ગઇ તે વખતે મારી બાજુમાં દીકરીના વર્ગમાં ભણતા એક બાળકના પાલક બેઠા હતાં. તેમનું બાળક વર્ગમાં પાંચમું આવ્યું હોવા છતાં તેના પિતા તેને ખૂબ ધમકાવતા તે વર્ગમાં રડી રહ્યો હતો. મને તે વખતે બહુ ખરાબ લાગી રહ્યું હતું પણ જે રીતે તે પાલક વર્તતા હતા તે જોઇ તેમને રોકવાથી મનેય તે કાંઇપણ બોલે તો? વિચારી હું દીકરીને લઇ ઘરે આવી ત્યારથી મનમાં થાય છે કે આવા કેવા પાલક?

માટે હું કેવી પાલક છું તે હવે જાણવું છે. મને પ્લીઝ બતાવો આવા નમૂના જેવા લોકોના કેટલાં પ્રકાર છે? તે દીકરા માટે હું શું કરી શકું?

જવાબ- આખી દુનિયામાં વૃદ્ધો અને ખાસ તો બાળકો પરત્વે ઋજુતા, સૌજન્યશીલતા, સંવેદનશીલતા ભર્યું નરમ વલણ અખત્યાર કરવું તે માનવ શિષ્ટાચારનો એક ભાગ માનવામાં આવે છે. પણ આપે જે ઉલ્લેખ કર્યો તેમાં બાળકના પાલક પોતે જ પોતાના બાળક પરત્વે ઉદાર થઇ શક્તા નથી, તો વિચારો તેઓ બીજાના બાળક સાથે કેવી રીતે વર્તન કરતા હશે? તમારાં મનમાં થયેલ અવઢવ થવી કોઇપણ સંવેદનશીલ માનવનાં મનમાં થવી સહજ છે. બહેન વિદેશથી કોઇ વર્ગખંડમાં આ ઘટના ઘટી હોત તો કદાચ જે તે બાળક તેવા જડ પિતા પાસેથી લઇને સરકારની રહેમ નજરમાં બાળઉછેર કેન્દ્રમાં મૂકી દેવાયું હોત. પણ આપણે ત્યાં આજ ઘડી સુધી મા-બાપ બાળકનાં પાલક એટલે બાળક સાથે તેઓ ઇચ્છે તેમ વર્તી શકવાનો, તેમને સજા કરવાનો પરવાનો જાતે મેળવી લે છે.

બાળકો પર શારીરિક, માનસિક (જે તમે જોઇ તે ઘટનામાં થઇ) હિંસા યુરોપિયન દેશો સહિત અનેક વિકસિત દેશોમાં સરકાર દ્વારા જ પ્રતિબંધિત કરાઇ છે. ભારતમાં તેનો અભાવ હોવાથી પાલક પોતાને બાળકનાં સર્વેસર્વા છે તેવું માનીને જ જેમ ફાવે તેમ તેમને સાચવતાં હોય છે. ખેર, તમે હવે વર્ગખંડ કે શાળામાં ફરીથી જઇ તેના ક્લાસશિક્ષકને આ વાત જણાવી તે બાળકને મદદ કરવાનો પ્રયત્ન કરી શકો છો. તમારી દીકરી તેની સાથે મિત્ર બની તેની મદદ કરી શકે. કેમકે આવાં બાળકો જેમણે પાલક તરફથી તેના જ વર્ગમાં અન્ય બાળકો, પાલકો અને શિક્ષકો સામે ધમકાવવામાં આવે તેઓ સામાન્યતઃ એકલા એકલા રહેવાનું પસંદ કરે છે. પાલકના વર્તનથી તેઓ મનોમન શરમ અનુભવતા હોય છે. માટે શક્ય હોય તો તમારી દીકરીને તેની સાથે એકદમ સહજ રહી મિત્રતા કરવા કહી શકો.

તેના પાલકનો કોન્ટેકટ નંબર હોય તો થોડાં દિવસ પછી અચાનક ફોન કરી કોઇબીજી શાળાની વાત પૂછો વર્તાવ કેમ કરે છે? તેઓ માનસિક રીતે સ્થિર છે? બાળક તેમની પાસે સલામત છે? તે જાણવા



પ્રયત્ન કરો. કંઇ પ્રોબ્લેમ લાગે તો વર્ગશિક્ષક, પ્રિન્સિપલને વાત કરો. તેઓ કેસ આગળ હેન્ડલ કરશે. હવે વાત પાલકોના પ્રકારની. બાળમનોવૈજ્ઞાનિકોએ તેના ખરેખર પ્રકાર નોંધ્યા છે, જે મુજબ - સરમુખત્યાર પાલક.

જેઓ હંમેશાં કડક શિસ્તમાં રહે તે બાળકો પર થોપે. તેમનાં બાળકો ચૂપ રહે માત્ર પાલક કહે તેનો અમલ જ કરે. ઘરનાં નિયમો કે શિસ્ત શા માટે? તેનું કોઇ સ્પષ્ટીકરણ તેમની પાસેય ના હોય. શિસ્ત અથવા શિક્ષા જ તેમનો જીવનમંત્ર હોવાથી બાળકોની માનસિક પ્રગતિ રુંધાયેલી હોય.

- પરવાનગી આપનાર પાલક

તેઓ બાળકોને ગમે તે કરવા દે. જરૂર હોય ત્યાં તેને દિશાસૂચન કરે. ઘરમાં કોઇ નિયમ લાદે નહીં. પાલક અને સંતાન મિત્ર જેમ હોવાથી બંને જણાં પોતાના મત વ્યક્ત કરી એકમેકને મદદ કરે. આવાં બાળકો માનસિક રીતે ખૂબજ મજબૂત બને.

-બાળવિકાસક્રમમાં સંકળાયા વગરનું પાલકત્વ. આવા પાલકો પોતાના જીવનના જ એવા અસ્તવ્યસ્ત હોય કે તેમને બાળકોની કાંઇ પડી ના હોય. પોતે જ માર્ગ ભટકેલા હોય બાળકને શું આપે? પાલક-બાળક બંને. ઓછું બોલે/વ્યક્ત થાય. થવા ખાતર થઇ ગયેલ બાળક જેવી સ્થિતિ ભગવાન અને ઘરનાં અન્યના ભરોસે બાળક મોટા થાય તેમાં પાલકની ફરજ સામેલ જ ના હોય.

**વિશ્વાસપાત્ર પાલકતા.**

પૂર્વ તૈયાર હોય. ઘરમાં બાળકને શારીરિક/માનસિક પોષણક્ષમ વાતાવરણ હોય. પાલક/બાળક વચ્ચે યોગ્ય સંવાદસેતુ હોય. જીવનમાં શિસ્તનું મહત્ત્વ, નિયમ શા માટે?

તે બધું બાળકને યોગ્ય તબક્કે સમજાવી શકે. બાળકના સર્વાંગી વિકાસની જવાબદારી લેનારા હોય. આ પ્રકાર છતાં અનેક પ્રકારો હશે જેઓ આ કરતાં અલગ હોય, પરંતુ દરેક બાળક જે તે વ્યક્તિના ઘરે જન્મે એટલે તેને પોષણક્ષમ વાતાવરણ આપવું જરૂરી છે, અને બાળકનો અધિકાર છે તે બધું જ મેળવે જે તેનું જીવન સહજ-સરળ બનાવે. ભારતમાં હજી બાળકો પાલકની પ્રોપર્ટી તરીકે જ જીવતા-મરતાં હોય છે, તેથી પાલકત્વની ગંભરતા ખૂબ ઓછી છે. ચર્ચા કરીએ તો ઘણુંબધું છે કહેવા -લખવા.

જેવું પણ તમે ચોકકસ વિશ્વાસપાત્ર પાલક બનશો તે આશા, અસ્તુ.■

## કથા કોલાજ (પાચમા પાનાનું ચાલુ)

એ કેસને એકતરફી ગણી લીધો.

કોઈ પોતાના જવાબો કે કશું કહેવા માગતું હોય અને એ સાંભળવા પણ તૈયાર ન હોય તો કેટલી તકલીફ થાય એ મને બરાબર સમજાઈ ગઈ હતી. મેં મારા ઉપરી અધિકારીને વિનંતી કરી કે, મને મારા પરિવારને મળવા દેવામાં આવે, પરંતુ એ વિનંતી નકારી કાઢવામાં આવી. એ પછી મને ફરજ પાડવામાં આવી કે, હું સ્ત્રીઓનો પોષાક પહેરું. મને તો કોઈ વિરોધ જ નહોતો. પુરુષ વેશ મને યુદ્ધ માટે વધુ સગવડદાયક અને સરળ લાગતો હતો, બાકી મને છોકરીઓ જેવા કપડાં પહેરવામાં કોઈ વાંધો કે વિરોધ નહોતાં જ.

કોર્ટમાં મને આપવામાં આવેલા કાગળમાં લખ્યું હતું, ‘હું હંમેશાં સ્ત્રીનાં જ પોષાક પહેરીશ, કદી યુદ્ધમાં નહીં લડું.’ સાથે જ મેં કરેલા ગુનાહ માટે માફી માગવાનો, ચર્ચ ઓફ ઈંગ્લેન્ડના પાદરીઓએ અને રાજાએ આદેશ કર્યો. મેં માફી માગવાની ના પાડી કારણ કે, મારો આત્મા કહેતો હતો કે, મેં કશું ખોટું કર્યું નથી. મારા ઉપર ખૂબ અત્યાચાર કરવામાં આવ્યા. અંતે એ લોકોએ મને મોતની સજા ફરમાવી. સાથે જ શરત મૂકી કે, જો હું મારો ગુનો સ્વીકારી લઉ અને માફી પત્ર લખી આપું તો એ લોકો મારી સજા ઓછી કરશે. મને પીડાદાયક મોત નહીં આપે.

૧૯ વર્ષની હતી હું! પીડાદાયક મૃત્યુના વિચારમાત્રથી ડરી ગઈ. હું યુધ્ધમાં એક વીર શહીદની જેમ મૃત્યુ પામવા માગતી હતી. પલંગમાં સૂતી સૂતી, દર્દથી રાડો પાડતી, પીડામાં ચૂર ભયાનક મોતને ભેટવા હું તૈયાર નહોતી. મેં નક્કી કર્યું કે, હવે મરી જઈશ તો પણ સાચું બોલીશ.

મારા સત્યથી ચર્ચ ઓફ ઈંગ્લેન્ડના પાદરીઓની સત્તા હચમચી ગઈ. ગઈકાલે, થાકીને, ડરીને મેં માફી પત્ર પર સહી કરી આપી, પણ બીજે જ દિવસે અનેક લોકોની સામે ભરાયેલા ઈંગ્લેન્ડના રાજદરબારમાં મેં કહ્યું કે, એ પત્ર પર સહી મેં મારી મરજીથી નથી કરી. મને ડરાવી-ધમકાવીને આ સહી કરાવવામાં આવી છે. ઓફિસરો ગુસ્સે થઈ ગયા. એમણે મારું ખાવા-પીવાનું બંધ કરી દીધું અને મને આ અંધારી કોટડીમાં એકલી પૂરી દીધી. ચર્ચ ઓફ ઈંગ્લેન્ડના પાદરીઓએ મારા રાજા ચાર્લ્સને પણ એવું સમજાવ્યું કે, હું જે સંતોની વાત કરું છું એ ખોટી છે, મને શૈતાની શક્તિઓનો સાથ છે જેને કારણે હું આટલી નાની ઉંમરે આટલા બધા વિજય મેળવી શકું છું. મને ડાકણ, ચૂડેલ, શૈતાનની દીકરી અને મેલીવિદ્યાઓની જાણકાર તરીકે લોકોની સામે રજૂ કરવામાં આવી. ફ્રાંસના જે લોકો ગઈકાલ સુધી મને વીરાંગના અને સ્વાતંત્ર્યસેનાની તરીકે



બિરદાવતા હતા એ જ બધા આજે મને ડાકણ અને ચૂડેલ માની બેઠા. હવે મારો બચાવ કરવા માટે કોઈ નહોતું. આવતીકાલે, મારા ભવિષ્યનો નિર્ણય લેવાશે. ચર્ચ ઓફ ઈંગ્લેન્ડના પાદરીઓ અને ઈંગ્લેન્ડના રાજા મારી સજા નક્કી કરશે.

જે થાય તે, હવે મને ભય નથી... હું મારા ઈશ્વર જીસસની જેમ જ ધર્મ અને સ્વતંત્રતા માટે મૃત્યુને આલિંગન આપવા તૈયાર છું.

નોંધઃ જોન ઓફ આર્કની ૩૦ મે, ૧૪૩૧ના દિવસે રુઆન શહેરના જૂના બજારમાં લાકડાના બનાવેલા એક માચડા પર ઊભી રાખીને જીવતી સળગાવી દેવામાં આવી.

મૃત્યુ પહેલાં જોને એક ક્રોસ માગ્યો. એને લાકડાનો ક્રોસ આપવામાં આવ્યો. એ ક્રોસ હાથમાં પકડીને બજારની વચ્ચે લાકડાની ચિતા પર ઊભેલી જોનને ચારેતરફથી

‘ડાકણ’, ‘ચૂડેલ’, ‘રાક્ષસી’, ‘શૈતાન’ની બૂમો સંભળાતી હતી. એની ચિતાને આગ લગાડવામાં આવી. જોન સળગી ગઈ એ પછી પણ એના બળી ગયેલા શરીરને ફરીથી

બીજી ચિતા પર સૂવડાવીને બાળવામાં આવ્યું. એની રાખ પણ ન બચે એ રીતે એને સિન નદીમાં વહેવડાવી દેવામાં આવી.

એના મૃત્યુના ૨૫ વર્ષ પછી ચર્ચ ઓફ ઈંગ્લેન્ડની ગાદીએ આવેલા પોપ કેલિટસે એને નિર્દોષ જાહેર કરી એટલું જ નહીં, બલ્કે ફ્રાંસના સ્વતંત્રતાના ઈતિહાસમાં એને ‘શહીદ’ તરીકે સન્માનિત કરવામાં આવી. એના થોડાં વર્ષો પછી એને સંતની પદવી આપીને ફ્રાંસના ધાર્મિક ચર્ચમાં એની મૂર્તિ મૂકવામાં આવી અને આજે જોન ઓફ આર્ક તરીકે એ ફ્રાંસના ઈતિહાસમાં મહત્ત્વનું પાત્ર ગણાય છે. ફ્રાંસના ધાર્મિક ઈતિહાસમાં પણ જોન ઓફ આર્કની ગણના એક સ્વાતંત્ર્ય વીર અને ધર્મ માટે પોતાની જાન

કુરબાન કરી દેનાર સંત તરીકે કરવામાં આવે છે. ■

## ફોકસ (આઠમા પાનાનું ચાલુ)





**ઓટ્સ અને મધ**

આ પેક બનાવવા માટે તમારે બે ચમચી ઓટ્સ અને એક ચમચી મધ લેવું પડશે. આ પેકને તમારા ચહેરા પર લગાવો અને થોડીવાર પછી ચહેરો ધોઈ લો. ઓટ્સમાં વિટામિન સી હોય છે, જે ત્વચાના સાફ કરવામાં અસરકારક છે.

ઘણી વખત ત્વચામાં મેલાનિનનું સ્તર ઘટી જાય છે,

જેને આ પેક ઠીક કરવામાં મદદરૂપ થાય છે.

**ઓટ્સ અને બદામ**

એક ચમચી ઓટ્સ અને ૩-૪ બદામ લો. આ બંને વસ્તુઓને મિક્સીમાં નાખીને પીસી લો. હવે તેને એક બાઉલમાં કાઢી લો અને તેમાં ૨ ચમચી દૂધ ઉમેરીને પેસ્ટ બનાવો. આને આખા ચહેરા પર લગાવો અને ૧૫ મિનિટ સુધી સુકાવા દો. પછી ત્વચાને પાણીથી સાફ કરો. આ પેસ્ટ મોઈશ્ચરાઈઝરનું કામ કરે છે. ઘણા પોષક તત્વોથી ભરપૂર બદામ ત્વચા માટે ખૂબ જ ફાયદાકારક છે. તે ડાર્ક સર્કલની સમસ્યા પણ થવા દેતું નથી.


**ઓટ્સ અને ચોખાનો લોટ**

ઓટ્સને પીસીને ઓટ્સ પાવડર બનાવો. એક બાઉલમાં ઓટમીલ પાવડર અને ચોખાનો લોટ સમાન માત્રામાં લો. તેમાં થોડું કાચું દૂધ ઉમેરો. ફેસ પેક તૈયાર કરવા માટે બંને ઘટકોને એકસાથે મિક્સ કરો. ચહેરા અને ગરદન પર તેની એક સમાન સ્તર લાગુ કરો. તેને ત્વચા પર ૨૦-૩૦ મિનિટ માટે રહેવા દો. આ પછી તેને નવશેકા પાણીથી ધોઈ લો. અઠવાડિયામાં ૨-૩ વખત તેનો ઉપયોગ કરી શકો છો.

**ઓટ્સ અને એલોવેરા**

ઓટમીલ પાવડર બનાવવા માટે કેટલાક કાચા ઓટ્સને પીસી લો. એક બાઉલમાં એક ટેબલસ્પૂન ઓટ્સ પાવડર લો અને તેમાં તાજી એલોવેરા જેલ ઉમેરો. તેને એકસાથે મિક્સ કરો અને અહીં તમારું એલોવેરા ફેસ પેક ઉપયોગ માટે તૈયાર છે. તેને આખા ચહેરા પર લગાવો અને ૧૫ -૨૦ મિનિટ માટે છોડી દો. આ પછી નવશેકા પાણીથી ધોઈ લો. અઠવાડિયામાં ૨ થી ૩ વખત તેનો ઉપયોગ કરી શકો છો. ■

# રાતનું રમખાણ



## ભેદ અભેદ

પ્રકરણ ૪

કનુ ભગદેવ

બારી બહારની પાળ પર એણે નજર કરીને એક પગ ગોઠવ્યો. જે બારી એને ફૂટપાથ પરથી ઉઘાડી દેખાઈ હતી, તે વાસ્તવમાં અંદરથી મજબૂત રીતે બંધ હતી.

એણે પાળ પર ઊભા રહીને ધક્કો મારી જોયો, પણ તે સહેજેયે ચસકી નહિ. પછી એને શું થયું કે તે સડક તરફ ઊઘડતી હોય તો? બારીના પટ પોતાની તરફ ઉઘાડવા હોય તો? બારીના પટ પોતાની તરફ ઉઘાડવા માટે એણે ઉપરની કિનારીવાળી ધારને ખેંચી જોઈ, પણ એ ખેંચાઈ નહિ. શું કરવું એની ગડમથલમાં અટવાઈને વિચારતો હતો ને કાંઈ નિર્ણય પર આવે એ પહેલાં જ જાણે ઈલેક્ટ્રિક કરંટનો આંચકો લાગ્યો હોય એમ પાછા ફરીને એના બંને હાથ ડ્રેનેજ પાઈપને મજબૂત રીતે વળગી ગયા.

નરી-નીતરી ઉજ્જડતા, સૂમસામ અને ઠંડકભરી, ભયાનક ને દિલો-દિમાગને જડવત્ બનાવતી સડક પર, હવાની સપાટી પર દૂર-દૂરથી આવતી એક માનવચીસ, મોતનો ધીમો પડઘો પાડતી ગુંજી ઊઠી.

કોઈક અજ્ઞાતને કારમી બીકથી એનાં રૂંવાડાં ઊભાં થઈ ગયાં અને દેહ મશીનની જેમ ડ્રેનેજ પાઈપ પર આવી ગયો.

વળતી જ પળે એ સાપની જેમ પાઈપ પર સરકતો આંખના પલકારા જેટલા અલ્પ સમયમાં જ છેક નીચે ફૂટપાથ પર પહોંચી ગયો.

ચંદ્રમાના મિશ્રિત અજવાળા-અંધારામાં કોઈક માણસના જોરજોરથી દોડવાનાં પગલાંનો અવાજ એણે સાંભળ્યો.

અવાજ આ જ સુભાષરોડ પરથી આવતો હતો.

મુઠ્ઠીઓ વાળીને એણે એ તરફ દોટ મૂકી.

એણે અચાનક જ ઊંચી ઊંચી ઈમારતોના બીહામણા પડછાયાઓની વચ્ચે એક માણસને ભયંકર ઝડપથી પોતાની દિશામાં દોડી આવતો જોયો.

એના પગ આપોઆપ જ અટક્યા.

દોડનાર માનવી અચાનક જ એક ચીસ પાડીને સડક પર જ ગબડી પડીને ઢગલો થઈ ગયો.

મનોજ એકદમ એ તરફ દોડ્યો.

સુભાષરોડની બે બિલ્ડિંગોની વચ્ચે આવેલી એક સાંકડી ગલીના બહારના ખૂણા પર એને એક ઊંચો, લાંબો ને ભીમના ભાઈ જેવો માણસ બે-પાંચ પળો માટે દેખાયો. એને એ તરત જ ઓળખી ગયો ને પછી કારમી બીકથી એ એકદમ ઢળી ગયો. પણ એકદમ ધ્રૂજી ગયા ને તીવ્ર ઠંડીમાં પણ એને કપાળ પર પસીનો વળ્યાનો ભાસ થયો. છાતી ધબકી ઊઠી.

એ ભીમકાય માનવી બીજો કોઈ નહિ પણ બે મહિના પહેલાં પોલીસની ગોળીથી મરી ગયેલો, જેલમાંથી નાસી જનારો ભયંકર ખૂની પોતે જ હતો... ને જેના મૃત્યુ પછી અંતિમ સંસ્કાર પણ થઈ ગયા હતા ને મરતાં પહેલાં એણે જ ભૂત થઈને આ સડક પર જ ખૂનો કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. આ ગુનેગારના ફોટાઓ એકથી વધુ વખત અખબારોમાં તે જોઈ ચૂક્યો હતો ને અત્યારે એને ઓળખવામાં મનોજે સહેજેય ભૂલ નહોતી કરી.

**નરી-નીતરી ઉજ્જડતા, સૂમસામ અને ઠંડકભરી, ભયાનક ને દિલો-દિમાગને જડવત્ બનાવતી સડક પર, હવાની સપાટી પર દૂર-દૂરથી આવતી એક માનવચીસ, મોતનો ધીમો પડઘો પાડતી ગુંજી ઊઠી**

મનોજને ત્યાં એકાએક આવી ચડેલો જોઈને એ ભીમકાય માણસ ગલીમાં પ્રવેશીને એકદમ ગુમ થઈ ગયો.

બાપડો મનોજ તો એને જોઈને જ જડવત્ બની ગયો હતો. ભૂતપ્રેતની કલ્પનાથી જ એની છાતી ધબકતી હતી. નસોમાં વહેતું લોહી જાણે કે થીજી ગયું હતું. થોડીવાર તો એ ખાલી થઈ ગયેલી ગલી તરફ તાકી રહ્યો પછી જ્યારે પેલું ભૂત ફરીથી દેખાયું નહિ એટલે ધીમે ધીમે એ સ્વસ્થ થયા પછી નીચે ગબડી પડેલા માનવશરીર પાસે જઈ પહોંચ્યો. એ અવળા મોંએ પેટભર પડ્યો હતો ને ગરદનના પાછલા ભાગમાં લોહી દેખાતું હતું.

મનોજે એ કોણ છે તે જાણવા એનો ચહેરો પોતાની તરફ ફેરવ્યો.

એને ઓળખતાંની સાથે જ એના કંઠમાંથી ભયંકર ચીસ નીકળી પડી ને દૂર... દૂર... સુધી શૂન્યમાં ફેલાઈ ગઈ.

ઘાયલ થયેલો માણસ બીજો કોઈ નહિ, પણ એનો ગુમ થયેલો જિગરી દોસ્ત વિનોદ હતો...!

''કબીરા રોએ યા મુસ્કુરાએ'' એક ગીતની કડી એને યાદ આવી ગઈ. વિનોદની હાલત જોઈને ખુશીનાં હર્ષાશ્રુ સારવાં કે એની ઘાયલ સ્થિતિ જોઈને રડવું?

પાંચ-છ દિવસોથી ગુમ થઈ ગયેલો વિનોદ આમ અચાનક આવી સ્થિતિમાં મળ્યો હતો.

ફાંટેબાજ કુદરતની જ આ કરામત હતી કે મનોજ નીકળ્યો હતો ચોરી કરવા અને મળી ગયો ખોવાઈ ગયેલો જિગરજાન મિત્ર... વિનોદ...!

એણે વિનોદની ગરદન પર રૂમાલ કાઢીને બાંધી દીધો ને મદદ માટે આમતેમ નજર દોડાવી. વિનોદ જીવતો હતો; ફક્ત બેભાન હતો. પણ તાબડતોબ એની તબીબી સારવાર કરવાની જરૂર હતી.

સડક પર કોઈ જ દેખાતું નહોતું.

ઘોડેસવાર પોલીસો થોડીવાર પહેલાં જ અહીં રાઉન્ડમાં આવ્યા હતા ને રિંગરોડ તરફ વળી ગયા હતા.

વેરાન સડકના અંધારામાં તે પેલા ખૂની ભૂતના વિચારથી ગભરાતો હતો.

ભાન ભૂલીને એણે મદદ માટે જોર જોરથી બૂમો પાડવા માંડી.

શાંત-સૂના ને સ્તબ્ધ વાતાવરણમાં એનો મદદ માટેનો પોકાર દૂર-દૂર સુધી ફેલાતો હતો. તે ગળું ફાડી ફાડીને ચીસભરી બૂમો પાડતો હતો.

''મદદ... મદદ... અરે... કોઈક તો આવો... અમને બચાવી લો. ભગવાનના નામ પર આવો.''

ઈમારતોના ફાટક પાસે જઈને એણે કેટલીયે બૂમો પાડી. એના અવાજમાં આજીજી હતાશા ને આક્રંદ હતાં.

આજના જમાનામાં આવા મિત્રો કોઈક નસીબદારને જ મળતા હોય છે.

અવાજમાં ચીસો, ભય અને ગભરાટ હતા.

એની આંખોમાં આંસુ ધસી આવ્યાં... ને હૈયું જાર જાર રોતું હતું. ગલીમાં જોયેલા પ્રેતની યાદ માત્રથી એનાં ગાત્રો થીજી ગયા હતા. પ્રેતની બે ભડકે બળતી, સળગતી આંખો જાણે કે હવાની સપાટી પર તરતી હતી. એ ખૂની આંખો જાણે એને બાળી નાખવો હોય એવી એને ભ્રમણા થતી હતી.

ચીસો સન્નાટામાં ફેલાતી જતી હતી.

ઈમારતોમાં રહેતા માણસો ઊંઘમાંથી ઝબકીને જાગી ગયા હોય પણ કોઈ આ ચીસો નાખનારની મદદ કરવા નહોતું આવ્યું.

સૌને પેલા ખૂની ભૂતનો કારમો ભય સતાવતો હતો. એ ખૂનીના સમાચારોએ એણે ઉચ્ચારેલી ભૂત થઈને વેર લેવાની છેલ્લી ઘડીની વાતો દિવસોના દિવસો અખબારોમાં પ્રગટ થઈ હતી... પોલીસમેનની ગોળી ખાઈને તે આ જ સડક પર મરી ગયો હતો. એટલે કોઈ જ મદદ માટે બહાર નીકળતું નહોતું.

બારી ઉઘાડીને બહાર સડક પર જોવાનું જ કોઈનામાં સાહસ નહોતું થતું.

રખે ને એ ભૂત પોતાને જ શિકાર બનાવે એવા વિચારે કોઈ જ મકાનોમાંથી બહાર નીકળતું નહોતું.

મનોજ આ હકીકત બરાબર સમજતો હતો. એટલે એણે ઈમારતોમાંથી મદદ મળવાની આશા છોડી દીધી હતી. બૂમો પાડી પાડીને એનો સાદ ફાટી ગયો હતો ને ગળું બેસી ગયું હતું. હારી, થાકીને એણે છેલ્લી બૂમ પાડી... ને પછી ઘોર નિરાશા અનુભવતો ફૂટપાથ પર જ લમણાં પર હાથ દઈને વિનોદના દેહ પાસે બેસી ગયો. હવે એનામાં બૂમો પાડવાની તાકાત નહોતી રહી. છેલ્લી બૂમમાં એણે પોતાની શક્તિના એકેએક કણો ખર્ચી નાખ્યા હતા.

અને બરાબર ત્યારે જ ઘોડેસવાર પોલીસમેનો આવતા હોય એવું એને લાગ્યું. ઘોડાના દાબડાનો અવાજ ચુપચાપ સન્નાટાને ખામોશીને કાપતો-ચીરતો એના કાને અથડાયો. થોડીવારમાં જ રિંગરોડના ખૂણા પરથી શક્તિશાળી, ધોધમાર પ્રકાશ ફેલાવતી બેટરીઓ સાથે બે અસવારો ત્યાં આવી પહોંચ્યા.

મનોજ સફાળો ઊભો થઈને એમની દિશામાં ઉતાવળે પગલે મદદ... મદદ... બચાવો...ની નંખાઈ ગયેલી બૂમો પાડતો દોડવા લાગ્યો અને પોલીસમેનોને, પોતાની પીઠ તરફ બેહોશ પડેલા વિનોદના દેહ તરફ આંગળી લંબાવીને... ત્યાર બાદ...?

એ પોતે પણ ભાન ગુમાવીને સડક પર જ ફસડાઈ પડ્યો.

ઘોડેસવારો નજીક પહોંચીને કૂદકો મારતા નીચે ઊતર્યા ને બેમાંથી એક વિનોદ તરફ ટોર્ચ ચમકાવતો ધસી ગયો ને બીજો ઢળી પડેલા મનોજને તપાસવા લાગ્યો. (ક્રમશઃ)■

---

શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી

# તરુણાવસ્થાએ ડમ્પલીન કિશોરી

### ... તે એવું માની ચૂકી છે કે તેણી સુંદર કહેવડાવાને લાયક નથી કારણકે, તે જાડી છે


સુકૃતિનો પ્રવેશોત્સવ વિહાના ક્લાસમાં સહુએ મનાવ્યો. શું કમી હતી સુકૃતિને?? એકદમ સહજ, સાલસ, સુંદર, પાતળી, ચમકદાર ને દુધ જેવી ગોરી ત્વચા સાથે લક્ઝુરિયસ લાઈફસ્ટાઈલ. બધા જ્યારે ટોળે વળી તેણીની નજીક જવાનો પ્રયત્ન કરી રહેલા હતા ત્યારે વિહા એન્ડ ગ્રૂપને સુકૃતિની સાથે લળી લળીને વાત કરતા જોઈ બધાથી અલગ એકલી બેસેલી ડમ્પલીન કંટાળી. ''અરરર, હવે તો પોતે પણ જાતને ડમ્પલીન કેવા લાગી..?? ''કેટકેટલા પ્રયત્નો કર્યા હતા કે વિહા, રીવા, ત્રિશા, નવ્યા તેઓના ગ્રૂપમાં પોતાને સમાવી લે પણ એ લોકો ક્યારેય મારી સાથે આટલા ફ્રેન્ડલી નથી થયા. અને હજુ હમણાજ આવેલી સુકૃતિ તેઓમાં એવી રીતે ભળી ગઈ જાણે જન્મોના બહેનપણા. આવું વિચારતી તે લગભગ રોઈ પડવાના આરે હતી ત્યાં એના કાને ફરી એ જ શબ્દ અથડાયો..''ઑય..ડમ્પલીન..શું એકલી બેસી રહી છે. ''વિહાના જ બેસ્ટ ફ્રેન્ડ એવા વિવાને ટકોરો મારી લીધો. ''લ્યા રેવા દે બે જણની ત્યાં આમપણ જગ્યા નથી બચતી. શું કેવું છે તારું ડમ્પલીન!!! વિવાન સાથે રહેલા રુષીલે મસ્તી કરવામાં કંઈ બાકી રાખ્યું નહી. ડમ્પલીન..ડમ્પલીન.. ડમ્પલીન.. તેણીના કાનમાં ગૂંજી રહ્યું તેણીએ નક્કી કરી લીધું કે બસ, આજે આ વાતનો ફેંસલો કરી નાખવો છે. બેંચ પરથી ઉભા થતાંવેંત તેના ભારેખમ હાથે રુષીલનો ફેંટો પકડી લીધો. અને બીજા હાથે લગભગ અડબોથ આપવાની અણી પર હતી ત્યાં જ વિવાન વચ્ચે પડ્યો, પેલીએ એને પણ પકડી લીધો. શારિરીક બાંધામાં પાંચ હાથ પુરી હતી, હો..હા.થતા આખો ક્લાસ સુકૃતિને પડતી મુકી ડમ્પલીને બંન્ને હાથે પકડેલા છોકરાઓ તરફ વળ્યો. ખબરદાર જો આજ પછી મને કોઈએ ડમ્પલીન, ડમ્પીંગ કે ડમ્પર કહ્યું છે તો, તમારા બધાની માત્ર ફરિયાદો નહી હું લીગલ એકશન લઈશ અને મુકીશ નહી કોઈને પણ. સખત ગુસ્સામાં, ધ્રૂજતા અવાજે બોલતી એને જોઈ લગભગ આખો ક્લાસ ધ્રુજી ગયો. રીસેસ પુરી થતાં સુધીમાં આખી ઘટના સ્કુલભાં ચોતરફ ફરી વળી અને દિવસ પુરો થતાં સુધીમાં ''ટોક ઓફ ધ ટાઉન ''બની ગયેલી. પણ, આ ડમ્પલીન એટલે શું?? અને શા માટે તમે એ છોકરીને એ નામથી બોલાવો છો??? આ પ્રશ્નો લગભગ દરેકના ઘરે પૂછાયા. શિક્ષકો ને પ્રિન્સિપાલ પણ મૂંઝાયા હતા.

દેખાવમાં થોડા ટૂંકા અને જાડા વ્યક્તિઓ માટે અંગ્રેજીમાં ડમ્પલીન શબ્દ વાપરવામાં આવે છે. કોઈપણ અનાજના લોટનું બેઇઝ કે પછી મીલ જેને શેકીને, બાફીને કે કોઈપણ રીતે ખાવાલાયક બનાવી વચ્ચે મસાલો ભરી તૈયાર કરવામાં આવતી અનેક વાનગીઓના પ્રકારને ડમ્પલીન નામથી ઓળખવામાં આવે છે. સાદી ભાષામાં કહીએ તો એક રીતે ડમ્પલીન એટલે લોટનો પિંડો. આપણે ત્યાં સારી રીતે લોટ બાંધ્યા પછી તેમાં આવતી સુંવાળપ, લચકતા અને આકાર પરથી વધુ ચરબીયુક્ત શરીર ધરાવતા લોકો માટે ક્યારેક આ શબ્દપ્રયોગ કરવામાં આવે છે. આજ વાતનો આધાર લઈને તેણીના ક્લાસમેટસ દ્વારા ડમ્પલીન નામ પાડી દેવામાં આવેલું. જોકે પોતે સાહજીકતાથી એ મસ્તીને હસી કાઢતી પણ તેને અંદરથી જે પીડા થતી તેનો ખ્યાલ તો માત્ર એ જ વ્યક્તિઓને જ આવી શકે કે જેઓ સમાજ દ્વારા પોતાના મોટાપા પર સધાતા નિશાનોનો ભોગ બનેલા હોય,

ડમ્પલીન એનું સાચું નામ નહોતું. નામ તો હતુ ડિમ્પી પણ ગોળમટોળ બાંધાને કારણે એ ડમ્પલીનમાં ફેરવાય ગયેલું. ડિમ્પી ઉર્ફે ડમ્પલીનની સમસ્યા એ નહોતી કે પોતે જાડી છે. એની મુખ્ય સમસ્યા હતી કે એની મમ્મી એક સમયની બ્યુટી ક્વીન રહેલી હોય છે અને હાલ પણ એક સફળ મૉડેલ તરીકે તેની આસપાસના વર્તુળમાં પ્રખ્યાત છે. માતાની આવી વ્યસ્તતા અને જાતની સંભાળ રાખવાની પ્રાથમિકતાને કારણે ડિમ્પી તેની માસી સાથે વધુ રહી છે એટલે એકદમ લીલાલહેર કરતી હોય. મમ્મીની જાણે તેણીને કોઈ પરવા નહોતી અને એવો ખાસ બહુ લગાવ પણ નહોતો.

ધીમીધીમે તરુણાવસ્થામાં પહોચેલી ડિમ્પીની માસીનું અકાળે મૃત્યુ થતાં તેના જીવનમાં અચાનક બે વસ્તુઓ એકસાથે પ્રવેશે છે. એક તેની બ્યુટીક્વીન મા અને બીજો ખાલીપો. ડિમ્પીના જીવનમાં વણમાંગ્યા સ્ટ્રેસના લીધે અકરાંતિયા માફક ખાવાની શરુઆત કરે છે ને ક્યારે જાડી થવા લાગે છે એનો ખ્યાલ પણ નથી રહેતો. વારે તહેવારે મમ્મી સાથે સરખામણી થવા લાગતા પોતાની જ માંની સુંદરતા તેણીમાં inferiority complex ઉભો કરે એ કુદરતી છે. એક વજનદાર દીકરી અને તેની સ્વરૂપવાન મા વચ્ચેના લાગણીઓના ઉતાર-ચડાવના કારણે પરેશાન રહેતી ડિમ્પીની મુસીબતો સ્કુલમાં પણ પૂરી થતી નથી. તે એવું માની ચૂકી છે કે તેણી સુંદર કહેવડાવાને લાયક નથી કારણકે, તે જાડી છે.

યુવાનીએ સુંદરતાના માપદંડ કયા? પાતળું સુડોળ શરીર, સફેદ ચામડી, નકશીદાર ચહેરો.. ?? અરે નાં..નાં.. એવું તે કઈ હોતું હશે? સુંદર તો કોઈ પણ હોઈ શકે, એમાં દેખાવનું શું મહત્ત્વ? આવું બોલતા આપણે એ સ્વીકારવાની વાત આવે ત્યારે કેમ પાછા પડીએ છીએ? સત્ય હકીકત તો એ છે કે આપણે બધા ભલે એવું કહીએ કે સુંદરતા એ દેખાવને મોહતાજ નથી પરંતુ તેમ છતાં જ્યારે બ્યુટી કોન્ટેસ્ટ, ફેશન મૉડેલ્સ કે સિનેમાની વાત આવે ત્યારે અપાતું પ્રાધાન્ય કેમ દેખાવ પર જ આધારિત હોય છે? એનું કારણ કદાચ એ છે કે વાસ્તવિક રીતે આપણને બધાને સુંદરતાને એ જ રીતે મુલવવાની આદત છે. અનેક યુવતીઓ પોતાના જાડાપણાને કારણે જીવનના અનેક ક્ષેત્રોમાં આગળ વધી હોય એના દાખલાઓ ભલે આપણી સમક્ષ ચળકતા કરી મુકવામાં આવતા હોય પરંતુ અઢળક યુવતીઓ પોતાના વજનદાર શરીરને કારણે ઘણીબધી વખત નિષ્ફળતાને વરતી હોય છે, એ છુપા દર્દને તેઓ સમજાવી શકવામાં પણ નિષ્ફળ જતી હોય છે જેને ગણકારવાની પણ પેરવી આપણે કરતા નથી.



(ક્રમશઃ)■

---

નિકહત કુંવર
feedback.ladki@bombaysamachar.com

વિશેષ

# મહિલાઓએ ભેગાં મળીને રચ્યો સુરક્ષાનો પ્રેરક અધ્યાય

### આ મહિલાઓનું માનવું છે કે મહિલાઓને સુરક્ષિત રાખવા માટે કડક કાયદા હોવા છતાં આજે ય મોટી સંખ્યામાં મહિલાઓને હિંસાનો સામનો કરવો પડે છે. તેનું એક કારણ એ પણ છે કે ઉપલબ્ધ નિવારણ તંત્રની માહિતીનો અભાવ છે.



બેટી બચાઓ, બેટી પઢાઓ. સાંભળવામાં તો ખૂબ જ સારું લાગે છે, પણ કડવું સત્ય એ છે કે જમ્મુ - કાશ્મીરથી કન્યાકુમારી સુધી અને ગુજરાતથી લઈને મણિપુર સુધી બેટીઓ સલામત નથી. દરરોજ છોકરીઓ અને મહિલાઓ વિરુદ્ધ અલગ - અલગ હિંસાના અહેવાલો અખબારોમાં વાચવા મળે છે. હરિયાણામાં લિંગ ભેદ ફરી એકવાર માથું ઊંચકી રહ્યો છે. રાજ્યના મહિલા અને બાળ વિકાસ વિભાગના જણાવ્યા મુજબ માત્ર છ મહિનામાં જ લિંગ ભેદમાં ૧૧ ટકાનો ઘટાડો થયો છે. આ વર્ષે જાન્યુઆરીથી જૂન મહિના સુધીમાં લિંગ ભેદ ૯૦૬ છોકરી સામે ૧,૦૦૦ છોકરાનો રેશિયો થઈ ગયો છે. જ્યારે ડિસેમ્બર ૨૦૨૨માં એ ૧,૦૦૦ છોકરા સામે ૯૧૭ છોકરીઓનો હતો. ૨૦૧૬ પછી સૌથી ઓછો એસઆરબી છે. જ્યારે એ અગાઉ ૮૯૧નો હતો.

ગર્ભાવસ્થા દરમિયાન જ છોકરીઓને મારી નાખવાથી માંડીને મહિલાઓ વિરુદ્ધ હિંસા અનેક કારણોના મિશ્રણથી જોવા મળે છે. જેમાં સામેલ છે ભેદભાવ, શરમ, પિતૃસત્તાત્મકતા અને કાયદા ઈમાનદારીથી લાગુ કરવામાં ઢીલ આ બધાં કારણોને પગલે ખામોશીની સંસ્કૃતિ નક્કી થાય છે. આવી ચિંતાજનક સ્થિતિમાં પરિવર્તન ત્યારે જ આવી શકે, જ્યારે મહિલાઓ એક સાથે મળીને સંયુક્ત મોરચો બનાવી લે. આનું એક સારું ઉદાહરણ અજમેરના કિસનગઢમાં જોવા મળી રહ્યું છે, જ્યાં ગ્રામ સખી અને મહિલા મંચ સાથે મળીને હિંસાનો સામનો કરવા માટે હેલ્પલાઈન નંબરોને પ્રમોટ કરી રહી છે. સામાજિક પરિવર્તનની આગેવાની કરનારી આ મહિલાઓ ૩૩ ગામમાં સક્રિય છે. તેમને આ પિતૃસત્તાત્મક સમાજ જેમાં તે રહે છે, તેનો જરાય ડર નથી.

એક ઉલ્લેખનીય પ્રયાસમાં તેમણે ઉત્તરજીવી સહાયતા સમૂહ (સર્વાઈવર સપોર્ટ ગ્રુપ)ની રચના કરી છે. જેમાં તેઓ પોતાને અર્ધન્યાયિક (પેરાલીગલ) વોલન્ટિયરના રૂપમાં પ્રશિક્ષિત કરવામાં આવે છે અને થાક્યા વિના મહિલાઓની વિરુદ્ધ થનારી હિંસાના સંદર્ભમાં જાગરૂકતા અભિયાન ચલાવે છે. કાયદા અને સમાજની સમજ અને જાણકારી મેળવીને એક ગ્રામ સખી - એક ગ્રામ પંચાયત માટે જવાબદાર છે. હિંસાના મુદ્દાઓને સંબોધિત કરે છે, પીડિતાઓનું સશક્તિકરણ કરાવે છે, અને દોષીઓની જવાબદારી નિશ્ચિત કરવાનો પ્રયાસ કરે છે. રૂપનગઢ પોલીસ સ્ટેશને ગ્રામ સખી સરસ્વતીને સુરક્ષા સખીની પણ જવાબદારી સોંપી છે. સરસ્વતીએ આ અંગે જણાવ્યું હતું કે, 'કાયદા અને નિવારણ તંત્રની જાણકારી મેળવવાથી મારામાં આત્મવિશ્વાસ વધ્યો છે અને મારા ગામને જાગરૂક કરવા માટે હું પ્રેરિત થઈ છું. હવે હું આ જાણકારી વિવિધ હેલ્પલાઈન પર શૅર કરી રહી છું અને સ્કૂલ જનારી છોકરીઓને



આત્મરક્ષણની ટ્રેનિંગ આપી રહી છું.

આ મહિલાઓનું માનવું છે કે મહિલાઓને સુરક્ષિત રાખવા માટે કડક કાયદા હોવા છતાં આજે ય મોટી સંખ્યામાં મહિલાઓને હિંસાનો સામનો કરવો પડે છે. તેનું એક કારણ એ પણ છે કે ઉપલબ્ધ નિવારણ તંત્રની માહિતીનો અભાવ છે. ચુંદરી ગામની હિંસાની સર્વાઈવર અને મહિલા ફોરમની સ્વમ્ય સકીનાનું જણાવવું છે કે, 'મહિલાઓ વિરુદ્ધની હિંસાને રોકવા માટે જે હેલ્પલાઈન છે, એની જાણકારી આપવા માટે અમે ઘરેઘર જઈએ છીએ, અને અમે આ ઝુંબેશને વધુ તીવ્ર કરી નાખી છે. આ હેલ્પલાઈન એ મહિલાઓ માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ આધાર છે, જે હિંસા અને ઉત્પીડનનો સામનો કરી રહી છે. આ ઉપયોગી સાધન અંગે જાગરૂક કરવાથી અમને મહિલાઓને સશક્ત કરવાની આશા છે.' આમાં કોઈ બેમત નથી કે જાણકારીના અભાવને કારણે જ મહિલાઓની વિરુદ્ધની હિંસા રોકવાનું મુશ્કેલ બની જાય છે. દાખલા તરીકે રૂપનગઢની એક દલિત મહિલા લાલી રાવનું કહેવું છે કે, 'ફરિયાદ ક્યાં કરવાની છે અથવા તો જરૂર હોય ત્યારે કે મુશ્કેલીના સમયે કોને બોલાવવા તેની મને જાણ નહોતી. ઘણીવાર મને મૌખિક રીતે જણાવવામાં પણ આવ્યું, પણ હું નંબર જ ભૂલી ગઈ. પણ હવે નંબર મારી ઘરની દીવાલ પર જ મૂકવામાં આવ્યો છે એટલે તેને યાદ રાખવાનું સહેલું છે.'

રાજસ્થાનની રાજ્ય સરકારે પણ સારું કામ કર્યું છે. મહિલાઓને ન્યાય અપાવવા માટે તેમણે અનેક રિસોર્સ કેન્દ્ર સ્થાપિત કર્યાં છે, જેમ કે જિલ્લા વિધિ સેવા પ્રાધિકરણ, વન સ્ટોપ સખી કેન્દ્ર, મહિલા સુરક્ષા કેન્દ્ર અને રાજ્ય મહિલા આયોગ પણ આ બધા ત્યારે જ પ્રભાવી થઈ શકે જ્યારે મહિલાઓ જાગરૂક હોય અને સરળતાથી ઉચિત નિવારણ તંત્ર સુધી પહોંચી શકે. શું મહિલાઓને તેની પ્રતિક્રિયાનો ડર નથી? તેના જવાબમાં આ મહિલાઓ વિશ્વાસથી જણાવે છે કે જરાય નહીં. મહિલાઓની વિરુદ્ધ હિંસા રોકવા માટે તેમની આસપાસના નેરેટિવ વિકસિત કરવા માટે ગ્રામ સખીનો સમૂહ રચવામાં આવ્યો છે. આ સમૂહે આ જવાબદારી લીધી છે કે ગામની દરેક મહિલાને કાયદાકીય ફ્રેમવર્ક અને સરકાર દ્વારા સ્થાપિત હેલ્પલાઈન અંગે શિક્ષિત કરવામાં આવે. તે ખૂબ જ કાળજી સાથે ઘરેઘર જાય છે અને દરેક ઘરની બહાર પોસ્ટર લગાવે છે, જેના પર દરેક જરૂરી માહિતી હોય છે કે કઈ - કઈ સેવાઓ ઉપલબ્ધ છે અને જરૂર પડયે કયા હેલ્પલાઈન નંબરોનો ઉપયોગ કરી શકાય. આ સમૂહ મહિલાઓને સશક્ત કરવાની આશા રાખે છે અને મહિલાઓ વિરુદ્ધ હિંસા રોકવાની આશા રાખે છે અને પીડિત કે બીજી કોઈ મહિલા હેલ્પલાઈનનો ઉપયોગ કરશે. સુરક્ષિત અને વધુ જાણકાર સમુદાય બનાવવાનો આ સરાહનીય પ્રયાસ છે. કિશનગઢમાં આ કોશિશ અત્યાર સુધીમાં ૩,૨૧૦ ઘર સુધી પહોંચી છે. જો આ આંદોલનનું સ્વરૂપ પકડશે, જે તેણે બનવું જરૂરી છે, તો મહિલા એકજૂથનો સંદેશ દરેક જગ્યાએ પહોંચશે અને શકય છે કે મહિલાઓ વિરુદ્ધ જે હિંસા ગર્ભાવસ્થાથી જ ચાલુ થઈ જાય છે, કન્યા ભ્રૂણ હત્યાના રૂપમાં, તેના પર પણ લગામ આવશે અને હરિયાણામાં લિંગ ભેદ પણ સંતુલિત થશે. ■

# પુરુષ

કવર સ્ટોરી
શૈલેન્દ્ર સિંહ
feedback@bombaysamachar.com

## નવયુવાનોના બલિદાનોની ગાથા છે

# ભારતની આઝાદી





નજીક આવી રહેલી ૧૫મી ઑગસ્ટને તો આપણે ઉજવીશું પણ એને મેળવવા ભારતના યુવાન સ્વાતંત્ર્ય સૈનિકોએ કેવા બલિદાન આપ્યા છે તેની અજાણી વાતો આપણે જાણવી જરૂરી છે. કમનસીબી એ છે કે આપણે આઝાદી પછી ક્યારેય આવા મહત્ત્વના સંઘર્ષનું દસ્તાવેજીકરણ નથી કર્યું.

આપણે ભારતીયો આપણા પૂર્વજોઓ દ્વારા લડાયેલ આઝાદીના યુદ્ધને આંખ મીંચીને યાદ કરીએ તો અંગ્રેજોની ક્રૂરતાનું એક અત્યંત વરવું દ્રશ્ય આપણી નજર સમક્ષ આવશે. ચાલો આ ચોંકાવનારી હકીકતો વિશે આપણે જાણીએ.

બાજી રાઉત -ઉંમર ૧૨ વર્ષ - બ્રિટિશ સૈન્ય દ્વારા ગોળી મારવામાં આવી

ખુદીરામ બોઝ- ઉંમર ૧૮ વર્ષ ૮ મહિના - બ્રિટિશ શાસન દ્વારા ફાંસી

રાજગુરુ -ઉંમર ૨૨ વર્ષ - બ્રિટિશ શાસન દ્વારા ફાંસી

ભગતસિંહ ઉંમર ૨૩ વર્ષ બ્રિટિશ શાસન દ્વારા ફાંસી

સુખદેવ- ૨૩ વર્ષ અને ૧૦ મહિનાના સુખદેવને બ્રિટિશ સરકારે ફાંસી આપી

ચંદ્રશેખર આઝાદ-ઉંમર ૨૪ વર્ષ ૭ મહિના - બ્રિટિશ પોલીસ દ્વારા ઠાર કરવામાં આવ્યા

આ હૃદયદ્રાવક હકીકતો છે જે આપણને સ્વતંત્રતાના યુદ્ધ વિશે બે ક્રૂર જાણકારી આપે છે. સૌપ્રથમ ૧૮૫૭થી ૧૯૪૭ સુધી એટલે કે ૯૦ વર્ષ સુધી, બ્રિટિશ શાસનથી ભારતીયો દ્વારા લડવામાં આવેલ સ્વતંત્રતા સંગ્રામમાં મોટાભાગના નવયુવાનો શહીદ થયા હતા. આ તથ્યોમાંથી જે બીજી મહત્વની માહિતી બહાર આવે છે જે અંગ્રેજોની ચારિત્રના લાક્ષણિકતાને ઉજાગર કરે છે જેનાથી વધુ ક્રૂર દુનિયાનું કોઈ કામ નથી.

આજે આ બ્રિટિશરો રશિયા-યુક્રેન યુદ્ધને કારણે ઉભી થયેલી ભૂખમરાની કટોકટી વિશે કેટલાક આફ્રિકન દેશોના લોકો સમક્ષ આંસુ સારી રહ્યા છે. તેઓ વિશ્વના દરેક ભાગમાં લોકશાહીની સ્થાપના માટે તેમની હૃદયપૂર્વકની ઇચ્છા વ્યક્ત કરે છે. વિશ્વમાં દરેક વ્યક્તિનું ભવિષ્ય સુરક્ષિત હોવું જોઈએ, દરેકને જીવવાની અને આગળ વધવાની તક મળવી જોઈએ, તેઓ મોટા ઉપદેશ આપે છે. પરંતુ આ અંગ્રેજોએ અને ખાસ કરીને બ્રિટિશરો ઈતિહાસમાં સૌથી વધુ માનવતા પર તબાહી મચાવી છે. ગુલામ ભારતમાં ૧૨ વર્ષના બાજીરાવને મારવામાં તેમને કોઈ શરમ ન હતી, તેમની માનવતા પર જરાય અસર થઈ ન હતી. ૧૮ વર્ષીય ખુદીરામ બોઝ અને ૧૮થી ૨૦ વર્ષની વચ્ચેના હજારો ક્રાંતિકારીઓને નિર્દયતાથી ફાંસી આપતી વખતે અને ગોળીઓ ચલાવતી વખતે માનવ અધિકારો કે માનવતાને લીધે તેઓ ક્યારેય રોકાયા ન હતા.

કમનસીબીની વાત એ છે કે આઝાદી પછી ૯૦ વર્ષ સુધી ભારત સરકારે બ્રિટિશ શાસન સામે આઝાદીની લડાઈનું કોઈ દસ્તાવેજીકરણ કર્યું નહીં, નહીં તો આ ૯ દાયકામાં અંગ્રેજોએ ભારતીયો પર કેવી ક્રૂરતા આચરી હતી, તેમને જોઈને દુનિયા તેમના દંભી અને પાખંડી ચરિત્રને સારી રીતે સમજી હોત. નવાઈની વાત એ છે કે દુનિયાનો દરેક દેશ જે કોઈને કોઈ રાષ્ટ્રીય દુર્ઘટનામાંથી પસાર થાય છે અને પછી જ્યારે તે વિજયી બને છે, ત્યારે માત્ર સ્મૃતિ માટે જ નહીં પરંતુ આવનારી પેઢીઓને તે સંઘર્ષનો વાસ્તવિક પરિચય આપવા માટે તેનું દસ્તાવેજીકરણ કરે છે.

આપણી જેમ ચીને પણ સામાન્ય લોકોની સ્વતંત્રતા માટે લાંબો સંઘર્ષ કર્યો એટલે કે સમાજવાદી ક્રાંતિ તેના પોતાના સામંતવાદમાંથી અને જ્યારે ચીની ક્રાંતિકારીઓ નિર્ણાયક રીતે જીતી ગયા, ત્યારે આ સંઘર્ષની આગેવાની લેનાર માઓએ સમગ્ર સંઘર્ષનું દસ્તાવેજીકરણ કરવા માટે એક કમિશન બનાવ્યું, જે લગભગ ૧૦૦ ગ્રંથોમાં સંકલિત કરવામાં આવી હતી. બોલ્શેવિક ક્રાંતિ પછી રશિયા પાસે પણ દસ્તાવેજો હતા, પરંતુ આપણે જે સંસ્થાનવાદ સામે લડવા માટે વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ અને સૌથી લાંબી લડાઈ લડી છે, તે લડાઈ જીત્યા પછી પણ આપણે આપણા મહાન સંઘર્ષનું દસ્તાવેજીકરણ કર્યું નથી.

હદ તો એ છે કે વિશ્વના સૌથી મોટા વિસ્થાપન એવા ભારત-પાકિસ્તાનના ભાગલા માટેના અધિકૃત દસ્તાવેજો પણ આપણને મળ્યા નથી. આ જ કારણ છે કે લોકો પોતાના રાજકીય હેતુઓ માટે આ ચોંકાવનારી ઘટનાઓનો ઉપયોગ કરે છે અને હકીકતોને વિકૃત કરે છે.

જો કે ભારતની સ્વતંત્રતા માટેની લડાઈ વિશ્વના અન્ય તમામ દેશો દ્વારા લડવામાં આવેલી સંસ્થાનવાદ સામેની લડાઈથી અલગ છે. ભારતની આઝાદીની લડાઈ એ યુવાનોના બલિદાનની ગાથા છે,પરંતુ આઝાદીના ૭૬ વર્ષ પૂરા કર્યા પછી પણ, આપણી પાસે એવા ભરોસાપાત્ર તથ્યો નથી કે જેનાથી આપણે એક સેકન્ડ પણ વિચાર્યા વિના કહી શકીએ કે આઝાદીના આટલા લાંબા ગાળા પછી સંઘર્ષમાં કેટલા લોકો શહીદ થયા હતા. જુદા જુદા ઈતિહાસકારોના મત અલગ અલગ હોય છે. કોઈના મતે આ લાંબા સ્વાતંત્ર્ય સંગ્રામમાં ૧૨,૦૦૦ લોકો શહીદ થયા હતા, કોઈના મતે આ સંગ્રામમાં ૮૦,૦૦૦ થી વધુ લોકો માર્યા ગયા હતા, જ્યારે ઘણા ઈતિહાસકારોના અભિપ્રાય લાખો લોકોની શહાદત વિશે જણાવે છે. તે દુર્ભાગ્યપૂર્ણ છે કે એવો કોઈ એક અને નઅધિકૃતથ ડેટા નથી કે જેનાથી આપણે કહી શકીએ કે આઝાદીની લડતમાં આટલા લોકોએ પોતાના જીવનનું બલિદાન આપ્યું છે. પરંતુ જો આપણે જુદી જુદી ઘટનાઓ પર નજર કરીએ તો એવું જણાતું નથી કે ૯૦ વર્ષના આ લાંબા સંઘર્ષમાં લાખો ભારતીયોએ તેમનો જીવ ન ગુમાવ્યો હોય.

૧૮૫૭નું યુદ્ધ મેરઠથી અલાહાબાદ સુધી અત્યંત ઉગ્ર સ્વરૂપમાં લડવામાં આવ્યું હતું. આજે પણ કાનપુર, લખનૌ, બારાબંકી, બહરાઈચ, ફતેહપુર અને કાનપુર શહેરની આસપાસના ગ્રામ્ય્ વિસ્તારોમાં આવા ભયાનક ચિહ્નો અને ભયાનક દંતકથાઓ પથરાયેલી છે જેને સાંભળીને કોઈ પણ કંપી જાય. કાનપુરથી અલ્હાબાદ જવાના માર્ગથી થોડે દૂર ફતેહપુર જિલ્લાના જહાનાબાદ પાસે આમલીનું ઝાડ છે. એવું માનવામાં આવે છે કે અંગ્રેજોએ માત્ર એક ઝાડમાં બાવન ક્રાંતિકારીઓને ફાંસી આપી હતી,

જેથી આસપાસના લોકો જોઈ શકે અને જાણી શકે કે અંગ્રેજોનો સામનો કરવાનો અર્થ શું છે.

વિશ્વના ડઝનબંધ દેશો તેમની આઝાદી માટે લડ્યા છે અને સદીઓથી આ દેશોના લોકો તેમના પૂર્વજોના આ યુદ્ધ માટે સંપૂર્ણ સન્માન ધરાવે છે. કારણ કે યુદ્ધ જીત્યા પછી અહીં રચાયેલી સરકારોએ તે સંઘર્ષનું દસ્તાવેજીકરણ કર્યું. કદાચ આપણી સરકાર એકમાત્ર એવી સરકાર હશે જેણે પ્રમાણભૂત દસ્તાવેજ પણ બનાવ્યો નથી.

આ ખૂબ જ મહત્વપૂર્ણ છે અને હજી પણ ખૂબ મોડું થયું નથી. જો સરકારે આવનારી પેઢીઓ પાસેથી આ સ્વાતંત્ર્ય સંગ્રામનું મહત્વ અને સન્માન મેળવવું હોય તો તેને ખૂબ જ પ્રમાણિકતાથી દસ્તાવેજીકરણ કરવું પડશે. કારણ કે કોઈપણ દેશની દરેક પેઢી તેના ઈતિહાસનું પોતપોતાની રીતે મૂલ્યાંકન કરે છે અને તેના પ્રત્યે આદર દર્શાવે છે. જો આપણે આપણી યુવા પેઢીને એ વાસ્તવિક સંઘર્ષથી વાકેફ નહીં કરીએ કે જેમાં આપણા પૂર્વજોઓએ શાસકોની ક્રૂરતા અને બર્બરતાનો સામનો કરવો પડ્યો હતો, તો નવી પેઢી આઝાદીની કિંમત કેવી રીતે જાણશે?

જો કે આપણી પાસે સંશોધનને ચકાસવા માટે કોઈ માધ્યમ નથી, તેથી આપણે તેને સત્ય તરીકે સ્વીકારતા અચકાઈએ છીએ. પરંતુ ઓસ્ટ્રેલિયાના બે રિસર્ચ સ્કોલર ડાયલન સુલિવાન અને જેસન હિકેલે રિસર્ચમાં દાવો કર્યો હતો કે બ્રિટિશ ક્રૂરતાના કારણે ૧૮૮૦થી ૧૯૨૦ સુધીના ૪૦ વર્ષમાં ભારતમાં દસ કરોડ ભારતીયોની હત્યા કરવામાં આવી હતી. હવે કારણ કે આપણી સરકારોએ આ દાવાને ચકાસવા માટે કોઈ પ્રયત્નો કર્યા નથી. એટલા માટે તેની તરફેણમાં કે વિરુદ્ધમાં કંઈપણ કહેવું યોગ્ય નથી. પરંતુ આ સંશોધન દસ્તાવેજ જણાવે છે કે અંગ્રેજો કેટલા ક્રૂર હતા અને આજે તેઓ લોકશાહીનું મ્હોરું પહેરીને લોકશાહીના ચેમ્પિયન બનવા માગે છે. ■

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

# જો દુષ્ટોનો નાશ જ થવાનો હોય તો પછી દુષ્ટ શું કામ થવું?



ગીતામાં 'સંભવામિ યુગેયુગે'નો શ્લોક છે. આપણે સૌ એનો અનુવાદ જાણીએ છીએ કે દુષ્ટોનો નાશ કરવા અને ધર્મની સંસ્થાપના કરવા માટે યુગે યુગે ઈશ્વર જન્મ લેતો રહે છે. જોકે આપણે ક્યારેય આ શ્લોકને સાયકોલોજીની દૃષ્ટિથી કે આપણા જીવનના સંદર્ભે જોયો- જાણ્યો નથી, પરંતુ 'અનાસક્તિયોગ'માં ગાંધીજી આ શ્લોકને અત્યંત રસપ્રદ રીતે સમજાવે છે. તેમણે આ શ્લોકને વિજ્ઞાનના કોઈ સિદ્ધાંતની જેમ સિદ્ધ કર્યો છે. ગાંધીજીએ જે તર્ક આપ્યો છે એ તર્ક આપણને શીરાની જેમ ગળે ઊતરે એવો તો છે જ, પરંતુ સાથે ગાંધીજીએ આપણને આપેલો તર્ક આપણને માનસિક શાંતિ પણ આપે એવો છે.

તેઓ કહે છે કે ગીતાકાર કહે છે કે સંભવામિ યુગે યુગે અને એ પણ માત્ર દુષ્ટોનો, પાપીઓનો, અધર્મીઓનો કે નકામા લોકોનો નાશ કરવા! તો એક વાત તો સ્પષ્ટ થઈ ગઈ કે પાપીઓ, દુષ્ટો અને અધર્મીઓનો નાશ તો થાય જ છે. તો પછી આપણે વ્યક્તિગત રીતે પાપી, દુષ્ટ કે અધર્મી શું કામ બનવું? આપણે તો આપણું કામ કરતા રહેવું અને હંમેશાં નીતિ પકડીને, શાંતિપૂર્વક જીવતા રહેવું! જોકે ગાંધીજી આ જ વાતને બીજી રીતે પણ અત્યંત સરસ રીતે સમજાવે છે.

તેમનો બીજો તર્ક એ છે કે આપણે તો પાપી કે દુરાચારી કે ભ્રષ્ટાચારી ન જ બનવું, પરંતુ આપણી આસપાસ જે દુરાચારીઓ, ભ્રષ્ટાચારીઓ કે પાપી છે એમની પણ બહુ ચિંતા ન કરવી. કે ન એમનાથી વધુ ગભરાવું. કારણ કે તેમનું કર્મ તેમને પણ મારવાનું જ છે. એટલે આપણે તેમનાથી ઈન્ફ્યુલન્સ થવાની જરૂર નથી. કે નથી તો તેમની ચિંતામાં આપણો સમય વેડફવાનો. આવા લોકો આપણી આસપાસ એકથી વધુ સંખ્યામાં હોવાના. અને ઘણીવાર આપણે તેમની સાથે કોમ્યુનિકેશન પણ કરવું પડતું હોય છે અથવા અન્ય કોઈ ડિલિંગ પણ કરવાનું આવતું હોય છે.

આવા સમયે એ દુષ્ટો આપણને સાયકોલોજીકલી પરેશાન કરતા હોય છે. અથવા તેઓ આપણને રુલ કરવાનો પ્રયત્ન કરતા હોય છે. બીજી તરફ આપણે એવાઓથી ગભરાઈને કે એવાથી પ્રભાવિત થઈને આપણે સ્ટેટ ઑફ માઈન્ડ પર કે આપણા કામ પર પ્રભાવિત કરતા હોય છે. કેટલીક વાર તો તેઓ આપણું એ સ્તરે શોષણ કરતા હોય છે કે આપણું જીવન હરામ થઈ જતું હોય છે. જોકે એમાં ભૂલ આપણી પણ હોય છે. કારણ કે આપણે તેમને અત્યંત મહત્ત્વ આપી દેતા હોઈએ છીએ. અથવા તો તેમને અવગણવાના હોય ત્યારે એમને અવગણતા નથી. અને તેમનો એટલો બધો વિચાર કરીએ છીએ કે તેઓ તેમની ગેરહાજરીમાં પણ આપણા મન પર સવાર રહેતા હોય છે!

પણ અહીં આપણે ગીતાના પેલા શ્લોક પાસે ધરપત મેળવવાની છે. કે જેઓ દુષ્ટ છે કે નકામા છે કે પાપી છે, તેઓની કોઈ વિસાત નથી. તેમનો અંત નહીં, રાધર તેમનો નાશ થતો જ હોય છે. એટલે આપણે તેમની ઝાઝી ચિંતા કરવી નહીં. બલ્કે શાંતચિત્તે આપણાં કર્મોમાં રમમાણ રહેવું અને પાપીઓથી પ્રાભાવિત થયા વિના કે પછી તેમની પાસે પ્રેરણા લીધા વિના આપણું જીવન જીવતા રહેવું. પ્રેરણાની વાત એટલા માટે કરી કે કેટલાક કિસ્સાઓમાં અમુક પાપીઓના કે ભ્રષ્ટાચારીઓના કે પછી દુષ્ટોના જીવનના જલસા જોઈને બીજા લોકો પણ પ્રેરણા મેળવતા હોય છે. કે આપણે પણ આવા જ થવું! આવા થવામાં જ લક્ઝરી પણ મળે અને જલસા પણ થાય! એટલે પછી બીજા પણ એ રવાડે ચઢે. પણ આપણી ભાષામાં જ એક મજાની કહેવત છે. કે જે ઘણું કરે એ થોડા માટે!' એટલે અનીતિથી થયેલા જલસા ભલે ઝાકઝમાળવાળા લાગતા હોય, પરંતુ એનો અંત બહુ જલદી આવતો હોય છે. અને એમાં જે ભવાડા થાય એ ભવાડા આપણને અનેક દુઃખો, મુસિબતોમાં પાડતા હોય છે.

એના કરતાં પાપમાં પણ પડવું નહીં અને પાપીઓથી પ્રભાવિત પણ થવું નહીં. એમાં આપણું પીસ ઑફ માઈન્ડ પણ રહેશે અને આપણા જીવનમાં પણ વધુ ચણભણો નહીં રહે. ■

ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# તમારી આ ટ્રેનનું છેલ્લું સ્ટેશન છે દુઃખ

### એટલું ગાંઠે બાંધી લો કે મનને અસ્થિર કરી દેતો ભય માત્ર ભૂતકાળ અને ભવિષ્યકાળમાં વસે છે. વર્તમાનમાં ડરનું કોઈ અસ્તિત્વ નથી. ફક્ત એનો માની લીધેલો ફફડાટ જ તમને ચિંતાતુર કરતો રહે છે.

'અમારે તો બધા જ દુઃખી છે અમને દરેકને કંઈને કંઈ સમસ્યા છે!'

આ કોઈ સામાન્ય વ્યક્તિની વાત કે વ્યથા નથી. આ વાત કરી છે વરિષ્ઠ રાજકારણી નીતિન ગડકરીએ.. મોદી સરકારમાં એ વર્ષોથી પરિવહન ખાતાના કેબિનેટ મંત્રી છે. રાજકારણના એ બાહોશ ખેલાડી છે. ચટપટું ખાવાના શોખીન ગોળમટોળ નીતિનભાઉ એમની આકરી વાત શેહ-શરમ રાખ્યા વિના કોઈને પણ સામે મોઢે બહુ જ સહજતાથી કહી શકે છે. જરૂર પડે ત્યારે પોતાના પક્ષના સાથીઓની પણ એ હસતાં હસતાં ખીલ્લી ઉડાડવામાં માહેર છે. એમની બીજી ખૂબી એ છે કે એ પોતા પર પણ ખડખડાટ હસી શકે છે. વચ્ચે એમની તબિયતમાં પંક્ચર પડેલું ત્યારે એ કોઈ મીટિંગ કે ભર સભામાં વારંવાર બેહોશ થઈને ઢળી પડતા. થોડી મિનિટોમાં હોશમાં આવીને એ ખુદ કહેતા : આ તો હું ખાવાનો જરા વધુ પડતો શોખીન એટલે ભગવાને મને આમ કામચલાઉ ઉપર બોલાવીને ચીમકી આપી કે ધ્યાન રાખ, નહીંતર મને કંપની આપવા તને મારી પાસે કાયમી બોલાવી લેવો પડશે..!



આવા હસમુખા નીતિન ગડકરીએ પોતાના જ પક્ષના અચાનક બદલાતા મુખ્ય મંત્રીઓની કેટલીક ઘટનાને લઈને એક સેમિનારમાં પોતાના જ પક્ષની નીતિ-રીતિ પર તીવ્ર કટાક્ષ કર્યો કે અમે બધા એક યા બીજી રીતે દુઃખી છીએ. ચૂંટાયા પછી વિધાનસભ્યને મંત્રીપદ નથી મળતું એટલે એ દુઃખીમંત્રી બન્યા પછી જોઈતો પોર્ટફોલિયો ન મળે તો દુઃખી ..એ મળે તો મુખ્ય મંત્રી ન બની શકવાનું દુઃખ.....તો ચીફ મિનિસ્ટરને એ વાતનું ટેન્શન કે એમની ખુરશી ક્યાં સુધી ટકશે..? આને લીધે એ પણ સતત દુઃખી રહે છે.! ગડકરીભાઉ ટિપિકલ બમ્બૈયા ભાષામાં બિન્ધાસ્ત આવું કહી શકે છે , કારણ કે એક કેન્દ્રિય મંત્રી તરીકે આટલાં વર્ષોથી એમની કામગીરી વખાણવા લાયક રહી છે. એમાં કોઈ એબ દેખાડી શકે તેમ નથી.

'-અને એટલે જ આ બધા વચ્ચે હું ટેન્શન-ફ્રી રહું છું એટલે ખુશ છું પોતાની ખુશમિજાજીનું બીજું કારણ આપતા નીતિન ગડકરી કહે છે કે હું ભવિષ્યની ચિંતા કરતો નથી. જિંદગી હું ટેસ્ટ મેચની જેમ નહીં, પણ વન-ડે ક્રિકેટની જેમ રમું છું ને માણું પણ છું !'

'આપણા રોજિંદા જીવનમાં એક વ્યક્તિ એવી છે, જે તમે બેઠાં હો-સૂતાં હો-વાંચતા હો કે ઑફિસાનાં કામમાં વ્યસ્ત હો કે પછી પ્રવાસ કરતા હો ત્યારે એ પ્રગટપણે નજરે દેખાતી નથી,પણ પેલી વ્યક્તિ સતત તમારી સાથે જ રહે છે. આવી સતત તમારો પીછો કરતી વ્યક્તિ છે ભય.'

આવો ભય કે ડર તમારી રોજિંદી જિંદગીમાં તમને કહ્યા વગર પ્રવેશી ગયો છે. એ વણનોતર્યો મહેમાન જેવો છે. નીતિન ગડકરીજીએ તો એમના જેવા રાજકારણીઓના ભય - દુઃખની વાત કરી, પણ આપણને સહજે જિજ્ઞાસા થાય કે આ ભય શું છે-ડર કે દહેશત શું છે - ઉદ્વેગ શું છે ને દુઃખ શું છે? આમ તો આ પ્રકારના બધા જ ઈમોશન - મનોભાવ પર અલગ અલગ પ્રકરણ કે પુસ્તક પણ લખી શકાય.

સુરતના એક જાણીતા મનોચિકિત્સક ભયને આ રીતે સમજાવતા કહે છે : 'કશુક અજુગતું થશે એવો મનોભાવ પ્રગટે એટલે ડર - ભય. મનના અજાગ્રત પ્રદેશમાંથી ભય ડોકાઈ જાય પછી એ આપોઆપ ચિંતામાં પલટાઈ જાય છે....' પેલા મનોચિકિત્સક ઉમેરે છે કે બાળપણના કેટલાક અનુભવ સમય વીતતા મનના ઊંડાણમાં ધરબાઈ ગયા હોય છે,જે કોઈ પ્રસંગે અચાનક અવાસ્તવિક ફિયર-ભય બનીને બહાર આવી જાય છે. એ ભયનું સમયસર નિવારણ ન થાય તો એ ફોબિયામાંય પલટાઈ જાય પછી એ વધુ ભયથી પીડવા માંડે.'



આ જ રીતે , ક્યારેક આસપાસ બનતી કેટલીક ઘટનાની ઊંડી છાપ પણ આપણા પર પડે છે. અમદાવાદના એક પ્રખ્યાત મનોવિજ્ઞાની એનું એક ઉદાહરણ આપતા કહે છે કે 'ધારી લો કે આપણા કોઈ મિત્રને હાર્ટએટેક આવ્યો કે એ કોરોનાગ્રસ્ત થયો. આવી ચિંતાગ્રસ્ત પરિસ્થિતિનો આપણે વિચાર કરીએ તો મનમાં એક પ્રકારનું અનકોન્સિયસ મિરરિંગ ( અચેતન મન પર પડતું પ્રતિબિંબ ) થઈ જાય પછી એને કારણે આપણે પણ અજાણતા જ પેલા મિત્ર જેવી જ પરિસ્થિતિનો ભય અનુભવવા માંડીએ. આમ એકનો વાસ્તવિક ભય બીજાનો કાલ્પનિક ભય બની જાય છે...!'

આમ બીજાની સાચુક્લી સ્થિતિ -પરિસ્થિતિ કોઈનો કાલ્પનિક ભય બની જાય એમાંથી પછી એક પ્રકારની ઍન્ક્ઝાયટી- અસ્વસ્થતા- ચિંતા પ્રગટે છે.

આપણી રોજિંદી ભાષામાં કહીએ તો આવી અર્થહીન ચિંતાનું 'ટોપલું' માથે લઈને અનેક લોકો ફરતાં રહે છે. એનું કારણ તબીબી ભાષામાં સમજાવીએ તો વધુ પડતા લાગણીશીલ માણસના લોહીમાં રહેલાં 'ઍડ્રેનાલિન' નામક હોર્મનનું પ્રમાણ અચાનક વધી જાય ત્યારે એ અમથી એવી વાતમાં વધુ ચિંતાગ્રસ્ત બની જતા હોય છે . એ પછી ડર-દહેશતનું વિષ-ચક્ર શરૂ થઈ જાય છે.

અહીં અમદાવાદના જ એક મનોવિજ્ઞાની ચેતવણીના સૂરમાં કહે છે : 'આવો વધુ પડતો અકારણ ભય જોખમી ન હોવા છતાં કોઈ તીવ્ર અણગમો વ્યક્ત કરે તો એને આપણે 'ફોબિયા' તરીકે ઓળખાવીએ છીએ.'

'-તો પછી આ ભયની ભૂતાવળ વચ્ચે નીતિન ગડકરીજીએ જે 'અમે બધા દુઃખી છીએ'ની વાત કરી એ દુઃખ ક્યાં આવ્યું?'

આ આખી વાતને સુરતના મનોચિકિત્સક સરસ રીતે સમેટી લેતા કહે છે :

'ડર જ્યાં પગદંડો જમાવી શકે એ માત્ર તમારું મન છે.ડરનું બીજું કોઈ રહેઠાણ નથી અને તમે જે ભય-ડર નામની ટ્રેનમાં બેઠા છો એનું છેલ્લું સ્ટેશન છે દુઃખ ! ' ■

ફોક્સ
દિક્ષિતા મકવાણા
feedback@bombaysamachar.com

# ચહેરાની ચમક જાળવવામાં મદદરૂપ છે ઓટ્સ

ઓટ્સ એક એવો ખાદ્યપદાર્થ છે, જેના સેવનથી લોકો ખૂબ જ સ્વસ્થ રહે છે. જે લોકો ફિટ રહેવા માટે જીમમાં જાય છે તેઓ ઘણીવાર ઓટ્સ ખાવાનું પસંદ કરે છે. કામ કરતા લોકો, જેમની પાસે નાસ્તો કરવાનો વધુ સમય નથી, તેઓ પણ ઓટ્સ ખાવાનું પસંદ કરે છે. દિવસની સારી શરૂઆત કરવા માટે આ એક સંપૂર્ણ નાસ્તો છે, શું તમે જાણો છો કે ઓટ્સ તમને અંદરથી ફિટ રહેવાની સાથે સાથે તમારી ચહેરાની સુંદરતા વધારવામાં પણ મદદ કરી શકે છે?

જી હા, તમે ઓટ્સની મદદથી કેટલાક અલગ-અલગ પ્રકારના ફેસ પેક બનાવીને ચમકદાર ત્વચા મેળવી શકો છો. ઓટ્સમાં મેગ્નેશિયમ, ફોસ્ફરસ, ફાઈબર, પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ્સ, ઝિંક, સોડિયમ, પોટેશિયમ વગેરે હોય છે, જે ત્વચાને ખૂબ જ ફાયદો કરે છે. આવી સ્થિતિમાં, આજે અમે તમને ઓટ્સની મદદથી કેટલાક ફેસ પેક કેવી રીતે બનાવવા તે શીખવીશું, જે તમને ચમકતી ત્વચા મેળવવામાં મદદ કરી શકે છે. આ પેક બનાવવું ખૂબ જ સરળ છે.

**ઓટ્સ અને દહીં**

ઓટ્સમાં દહીં મિક્સ કરીને ચહેરા પર લગાવવાથી તમારી ત્વચાને ઘણો ફાયદો થશે. આ પેક બનાવવા માટે સૌથી પહેલા એક બ્લેન્ડરમાં બે ચમચી ઓટ્સ નાખો. તેમાં બે ચમચી દહીં મિક્સ કરીને પેસ્ટ બનાવો. તેને એક બાઉલમાં કાઢી લો. આ પેકમાં થોડું મધ ઉમેરો. આ પેક બરાબર મિક્ષ કર્યા પછી તૈયાર છે. આ પેસ્ટને લગાવવા માટે સૌથી પહેલા તમારે તમારો ચહેરો સાફ કરવો પડશે. ત્વચાને સાફ કર્યા પછી આ પેસ્ટને ૧૫ મિનિટ સુધી ચહેરા પર લગાવો અને તેને પાણીથી સાફ કરો. આ પેકથી તમે ખીલ, ફોલ્લીઓ, કરચલીઓ જેવી સમસ્યાઓથી છુટકારો મેળવી શકો છો.

(જુઓ પાનું ૬) ▸▸

# પ્રજ્ઞેશ પટેલની જામીન અરજી નામંજૂરઃ તથ્યનું લાઇસન્સ આજીવન રદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કોર્ટે તથ્યના પિતા પ્રજ્ઞેશ પટેલની જામીન અરજી નામંજૂર કરી હતી. અમદાવાદમાં ૧૯ જુલાઈની મધરાતે જેગુઆર કારથી નવને કચડી મારનાર તથ્યને જેલ મેન્યુઅલ પ્રમાણે બે ટાઇમ ઘરનું જમવાનું મળશે. તથ્ય પટેલની માગણીઓ પર સરકારનો જવાબ રજૂ કરાયો હતો. અઠવાડિયામાં એક વખત સગાને મળવા અથવા ફોન કરવા દેવામાં આવશે, જ્યારે અમદાવાદ આરટીઓ દ્વારા તથ્ય પટેલનું લાઇસન્સ આજીવન રદ કરવામાં આવ્યું હતું.

તા.૭મી ઓગસ્ટની સુનાવણીમાં તથ્ય પટેલ અને તેના પિતા પ્રજ્ઞેશ પટેલ તરફથી કેટલીક માગણીઓ કોર્ટ સમક્ષ કરવામાં આવી હતી. જેમાં તેમણે કેસને લગતા જરૂરી ડોક્યુમેન્ટની માગ, આ કેસમાં લેવાયેલા ૧૬૪નાં નિવેદનની કોપી, બાઇકચાલકે ઉતારેલો વીડિયો અને સીસીટીવીના ફૂટેજની માગ, ઘરનું ટિફિન જેલમાં મળે એવી માગ કરી હતી. આ ઉપરાંત સૌથી મહત્ત્વની માગ તથ્ય ૨૦ વર્ષનો હોવાથી તેને ડિસ્ટન્સ લર્નિંગ માટે પરમિશનની માગ કરી હતી.

ચાર્જશીટમાં અકસ્માત બાદ કરાયેલા જુદા-જુદા રિપોર્ટ્સનો સમાવેશ થાય છે. મોટા ભાગના રિપોર્ટ એફએસએલ સંલગ્ન છે, જે પરથી સ્પષ્ટ થાય છે કે ટેક્નિકલ રિપોર્ટ બરાબર છે તેમ જ અકસ્માત માનવ ભૂલને લઈને થયો છે, જેમ કે અકસ્માત બાદ પોલીસ દ્વારા ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાયું હતું, જેના તારણમાં જણાવાયુ છે કે કર્ણાવતી ક્લબથી રાજપથ ક્લબ તરફ જવાના ઇસ્કોન બ્રિજ ઉપર જેગુઆર ગાડીમાં ડ્રાઇવર સીટથી બનાવની જગ્યાનું અંતર ૨૪૫ મીટર જેટલું છે, જે જોઈ શકાતું હતું. જેગુઆર ગાડીની હેડલાઈટ લો બીમની સ્થિતિમાં જોતાં આશરે ૬૬ મીટરના અંતર સુધી પ્રકાશ ફેલાતો હતો. જ્યારે હાઇ બીમની સ્થિતિમાં ૮૭ મીટર સુધી પ્રકાશ ફેલાતો હતો. જેગુઆર કંપની પાસેથી ગાડીના સ્પેસિફિકેશનની વિગતો મગાવાઈ હતી. અકસ્માત બાદ ગાડીને આરટીઓ દ્વારા ચેક કરાઈ હતી, જેમાં બ્રેક પણ બરોબર હતી. ઓથોરિટીએ અકસ્માતના સ્થળે સ્ટ્રીટલાઈટ ચાલુ હોવાનો પણ રિપોર્ટ આપ્યો છે. સોલા સિવિલ હોસ્પિટલમાં તથ્ય પટેલનો કરાયેલો વીઝન ટેસ્ટ પણ બરોબર છે. ■

# સુરેન્દ્રનગરમાં ગાંજાનું વાવેતર ઝડપાયું

અમદાવાદઃ સુરેન્દ્રનગર જિલ્લાના ભોજપરી ગામમાંથી પોલીસે ગાંજાનું વાવેતર ઝડપ્યું હતું. પોલીસે ૭૧ છોડ જપ્ત કરીને એન.ડી.પી.એસ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી પોલીસે બાતમીના આધારે ભોજપરી ગામની સીમમાં દિનેશ મકવાણા (ઉં.વ.૩૨)ના ખેતરમાં ગેરકાયદે લીલા ગાંજાના છોડનું વાવેતર કરેલ છે તેવી બાતમીના આધારે ખેતરમાં જઇને તપાસ કરતા ખેતરમાંથી લીલા ગાંજાના ૭૧ છોડ મળી આવ્યા હતા જેનું વજન સાત કિલો ૪૭૦ ગ્રામ જેટલુ હતું જેની બજાર કિંમત ૭૪,૭૦૦ રૂપિયા જેટલી થવા જાય છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. ■

# ખેડામાંથી ૧૯ લીલા ગાંજાના છોડ મળ્યાઃ પોલીસે ૧.૩૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ખેડા જિલ્લાના નડિયાદ તાલુકાના હાથનોલી ગામમાં ખેતરમાંથી ગાંજાનું ગેરકાયદેસર વાવેતર પોલીસે ઝડપી પાડ્યું હતું. પોલીસને ખેતરમાંથી ૧.૩૨ લાખની કિંમતના ૧૯ લીલા ગાંજાના છોડ મળી આવ્યા હતા.

પોલીસની ટીમને નડિયાદ તાલુકાના હાથનોલી ગામમાં ખેતરમાં ગાંજાનું વાવેતર કર્યું હોવાની માહિતી મળી હતી. પોલીસ ખેડૂતના ખેતરમાં પહોંચી તપાસ કરવામાં આવતા ૧૯ જેટલા લીલા ગાંજાના છોડ ઉગાડવામાં આવ્યા હતા. પોલીસે રૂ. ૧,૩૨,૯૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો જ્યારે ગાંજાના છોડનું વાવેતર કરનાર આરોપી વજેસિંહ રાઠોડ ફરાર થઇ ગયો હતો. પોલીસે ગુનો નોંધીને આરોપીને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં બે-બે યુનિવર્સિટીમાં સર્ચ ઓપરેશનમાં ગાંજાનું વાવેતર બહાર આવ્યા બાદ પણ પોલીસનો કોઈ ડર ન હોય તેમ અમદાવાદ મનપા સંચાલિત નર્સરીમાં અને ખેડા જિલ્લાના નડિયાદ તાલુકાના ખેડુત પણ યુવાનોને આવી બદીમાં ધકેલવા કમર કસી હોય તેમ લાગી રહ્યું છે. આ પહેલા પણ કપડવંજ તાલુકાના ગામમાં ૫૪ લાખના પોસડોડાનું વાવેતર પકવતા ખેડૂતને ઝડપી પાડ્યો હતો. ■

# ડેડિયાપાડામાં આદિવાસી દિવસની ઉજવણીમાં રાજ્ય કૃષિ પ્રધાને ભૂલથી દેશી દારૂનો ઘૂંટ મારી લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકાર દ્વારા આદિવાસી સમાજનું પ્રભુત્વ ધરાવતા જિલ્લાઓમાં આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેના ભાગરૂપે ડેડિયાપાડામાં ઉજવણીના કાર્યક્રમ દરમિયાન પૂજા વિધિ કરવામાં આવી રહી હતી. જેમાં હાજર રહેલા રાજ્ય કૃષિ પ્રધાન આદિવાસી પરંપરાથી અજાણ હોઇ ધરતીને ધરાવવા માટે આપવામાં આવેલા દારૂને ચરણામૃત સમજીને ભૂલથી ઘૂંટ મારી પી લીધો હતો. જે અંગે તેમણે જણાવ્યું હતું કે, આદિવાસી પરંપરાની માહિતી ન હોવાથી આવું થયું છે.

નર્મદા જિલ્લાના ડેડિયાપાડામાં બુધવારે આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી રહી હતી. જેમાં રાજ્યના કૃષિ પ્રધાન રાઘવજી પટેલ ઉપરાંત પ્રધાનો અને સ્થાનિક નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. આદિવાસી દિવસની ઉજવણીમાં ખાસ પરંપરા અનુસાર પૂજા વિધિનું આયોજન કરાયું હતું. આ દિવસે આદિવાસી સમાજ દ્વારા ધરતીમાતાને દેશી દારૂનો અભિષેક કરવાની વર્ષોથી પરંપરા ચાલી રહી છે.

બુધવારે પૂજા વિધિ દરમિયાન પૂજારી દ્વારા હાજર કૃષિ પ્રધાન, નેતાઓ અને સ્થાનિક આગેવાનોને એક પાનમાં દેશી દારૂ આપ્યો હતો. જેને વિધિ અનુસાર ધરતી માતાને ધરાવવામાં આવે છે. અન્ય નેતાઓ અને આગેવાનોએ વિધિ અનુસાર દારૂ ધરતીને ધરાવી દીધો હતો પરંતુ આ અંગે કૃષિ પ્રધાન રાઘવજી માહિતગાર ન હોઇ તેમણે પાનમાં આપવામાં આવેલા દારૂનો ઘૂંટ મારી લીધો હતો. જોકે બાજુમાં ઊભેલા આગેવાને પ્રધાનનું ધ્યાન દોર્યું હતું અને પ્રધાનોએ પાનમાં બાકી રહેલો દારૂ ધરતીને ધરાવ્યો હતો.

આ અંગે રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, આદિવાસી પરંપરાઓ વિશે મને વધુ જ્ઞાન નથી. આ પ્રકારની વિધિ અને રિવાજોથી હું અજાણ છું. હું પહેલી વખત અહીં આવ્યો છું. અમારે ત્યાં આ રીતે હાથમાં ચરણામૃત આપતા હોય છે. એટલે મેં ચરણામૃત સમજીને ચાખ્યું હતું, પરંતુ તેને ધરતીને અર્પણ કરવાનું હતું. મને એ વાતનો ખ્યાલ ન હોવાથી આવું થયું છે તેવું તેમણે જણાવ્યું હતું. ■

# ભૂવાના ડામનો ભોગ બનેલી બાળકીનું રાજકોટમાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિરમગામ નજીક અલીગઢના ઝૂંપડામાં રહેતી ૧૦ મહિનાની બાળકીને તાવ ઉધરસ થતા તેની તબિયત લથડી હતી. તેના પિતા બાળકીને સુરેન્દ્રનગર જિલ્લાના દશાળા ખાતે મંદિરે જોવડાવવા લઈ ગયા હતા. ત્યાં મહિલાએ ગરમ સળિયાના ડામ આપતા બાળકીની તબિયત લથડી હતી. તેને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં સારવાર દરમિયાન બાળકીનું મોત નિપજ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર વિરમગામ તાલુકાના અલીગઢના ઝૂંપડામાં રહેતા પ્રવીણભાઈ સુરેલાની દીકરી કોમલ (ઉ.વ.૧૦) ને તાવ આવતો હતો. જેથી તેની તબિયત સારી રહેતી ના હોવાથી તેને હોસ્પિટલે લઈ જવાના બદલે કોમલને સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકાના વડગામ ખાતે આવેલા માતાજીના મંદિરે લઈ ગયા હતા. ત્યાં હાજર શકરી મા નામની મહિલાને તેમની દીકરી કોમલની તબિયત સારી ન રહેતી હોવાનું જણાવતા શકરીમા નામની મહિલાએ ગરમ ધગધગતા સળિયાના ડામ બાળકીને આપતા તેણી ગંભીર રીતે દાઝી ગઈ હતી. બાળકીને ઘરે લઈ ગયા બાદ તબિયત વધુ લથડતા સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. આ દરમિયાન બુધવારે સારવાર બાદ માસૂમ બાળકીનું મોત નિપજ્યું હતું. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ■

# અમદાવાદમાં ભાજપના મહિલા કોર્પોરેટરનો હુરિયો બોલાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના મેયર કિરીટ પરમાર અને મહિલા ધારાસભ્ય કંચન રાદડિયાના વોર્ડમાં ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સ્થાનિકોએ ઠક્કરબાપાનગર વિસ્તારમાં ટીપી-૬૫ રોડ ખોલવા મુદ્દે ભાજપના કોર્પોરેટરો વિરુદ્ધ સૂત્રોચાર કરીને હુરિયો બોલાવવામાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદ શહેરના ઠક્કરબાપાનગર વોર્ડમાં યોજાયેલા લોક ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં મણીબા સ્કૂલની પાછળ આવેલી સોસાયટીના સ્થાનિક રહીશો પહોંચ્યા હતા. જેમણે ભાજપના મહિલા કોર્પોરેટર હર્ષાબેન ગુર્જર હાય-હાયના નારા લગાવીને ઉગ્ર વિરોધ કર્યો હતો. સ્થાનિક રહીશોની ફરિયાદ છે કે, મણીબા સ્કૂલ નજીક ટીપી-૬૫ રોડ ખોલવામાં નથી આવી રહ્યા. જો કે મનપાના એસ્ટેટ વિભાગ દ્વારા આ રોડને ખોલવામાં નથી આવતો કે દબાણો પણ દૂર કરવામાં નથી આવી રહ્યા. જેથી અહીં અવારનવાર ટ્રાફિકજામની સમસ્યા રહે છે. ■

# અમદાવાદમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકના ૬૬૨ એકમોને નોટિસઃ ૧૮ યુનિટો સીલ, ₹ ૬.૧૮ લાખનો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેર મનપાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગે તા. ૨જીથી તા.૮મી ઓગસ્ટ દરમિયાન એક અઠવાડિયામાં ૩૭૩૫ જેટલાં એકમો ચેક કરી સિંગલ યુઝ પ્લાસ્ટિક કે ૧૨૦ માઈક્રોનથી ઓછી જાડાઈનાં પ્રતિબંધિત પ્લાસ્ટિક્નાં ઉપયોગ, વેચાણ કે ઉત્પાદન કરતાં હોય તેવા ૬૬૨ એકમોને નોટિસ આપી કુલ રૂપિયા ૬.૧૮ લાખ દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. તેમજ ૨૫૬ કિ.ગ્રા. જેટલો જથ્થો જપ્ત કરી ૧૮ જેટલા યુનિટોને સીલ કરવામાં આવ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર શહેરમાં જાહેર રસ્તાઓ પર કચરો નાખી ગંદકી કરતાં એકમો સામે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ - વિભાગની વોર્ડ લેવલની ટીમોએ દંડનીય કાર્યવાહી કરી હતી. આ અઠવાડિયામાં કુલ રૂપિયા ૧૬.૫૮ લાખ વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો હતો.

વારંવાર ગંદકી કરતાં હોય તેવા ૧૪૯ એકમોને સીલ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત શહેરમાં સી એન્ડ ડી વેસ્ટ મકાન રિપેરિંગનો કાટમાળ નાખતા હોય તેવા ૭૩ જેટલાં ઇસમોને નોટિસ આપી રૂપિયા ૧.૮૯ લાખ વહીવટી ચાર્જ વસૂલ લેવામાં આવ્યો હતો. ■

# ગુજરાતમાં નવા મતદાર તરીકે નોંધણી માટે ૧.૪૯ લાખથી વધુ ફોર્મ ભરાયાં

અમદાવાદઃ ભારતના ચૂંટણી પંચની સૂચના અને મુખ્ય નિર્વાચન અધિકારીના માર્ગદર્શન હેઠળ મતદારયાદી સુધારણા કાર્યક્રમ-૨૦૨૪ શરૂ થાય તે પૂર્વે તા.૨૧ જુલાઈથી તા.૨૧ ઓગસ્ટ સુધી રાજ્યભરમાં હાઉસ ટુ હાઉસ સરવે હાથ ધરવામાં આવ્યો છે. જે અંતર્ગત મતદાર તરીકે નોંધણી કરાવવા ૧.૪૯ લાખથી વધુ ફોર્મ નં.૦૬ જ્યારે મતદારોની સરનામા સહિતની વિગતોમાં સુધારો કરાવવા ૨.૫૧ લાખથી વધુ ફોર્મ નં.૦૮ મેળવવામાં આવ્યા છે.

રાજ્યમાં હાઉસ ટુ હાઉસ સરવે દરમ્યાન મતદારયાદીમાં નામ નોંધણી માટેના રાજ્યભરમાં કુલ ૧.૪૯ લાખથી વધુ ફોર્મ નં.૦૬ મેળવવામાં આવ્યા હતા. જેની નિયમાનુસાર ચકાસણી બાદ નવા મતદારોનું નામ મતદારયાદીમાં ઉમેરવામાં આવશે. ક્ષતિરહિત મતદારયાદી માટે સૌથી અગત્યની બાબત જેવી કે એક જ મતદારના એકથી વધુ મતવિસ્તારની મતદારયાદીમાં ચાલતા નામ, કાયમી સ્થળાંતર કે મૃત્યુના કિસ્સામાં મતદારયાદીમાંથી નામ કમી કરવા અંગે રાજ્યભરમાંથી કુલ ૩.૧૪ લાખ જેટલા ફોર્મ નં.૦૭ મેળવવામાં કે ભરવામાં આવ્યા છે. જ્યારે સ્થળાંતરના કારણે સરનામું બદલવા, મતદારયાદીમાં નોંધાયેલી વિગતોમાં સુધારો કરાવવા, જૂનાને બદલે નવું મતદાર ઓળખપત્ર મેળવવા તથા દિવ્યાંગ મતદાર તરીકે નોંધણી કરાવવા રાજ્યભરમાંથી કુલ ૨.૫૧ લાખથી વધુ ફોર્મ નં.૦૮ મેળવવામાં આવ્યા છે. ન્યાયી અને સુગમ ચૂંટણીઓ માટે મતદારયાદીને ક્ષતિરહિત બનાવવા બીએલઓની હાઉસ ટુ હાઉસ મુલાકાત દરમ્યાન તેમને પૂરતો સહયોગ આપવા તથા પાત્રતા ધરાવતા નાગરિકોને મતદારયાદીમાં નામ નોંધાવવા મુખ્ય નિર્વાચન અધિકારી દ્વારા જાહેર અપીલ પણ કરવામાં આવે છે. ■

# વડોદરામાં મનપાના અર્બન હેલ્થ સેન્ટરોમાં આંખના ડ્રોપ્સનો જથ્થો ખૂટ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેરમાં કન્જક્ટીવાઈટીસ એટલે કે આંખો આવવાનો ચેપી રોગ આતંક મચાવી રહ્યો છે અને રોગે બાળકોને ભરડામાં લીધા છે. શહેરની સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં રોજના ૪૦૦થી વધુ આંખો આવવાના કેસો નોંધાઈ રહ્યા છે. શહેરના મનપા હસ્તકના અર્બન હેલ્થ સેન્ટરોમાં આંખના ટીપાંની દવાનો જથ્થો ખૂટી પડતા દર્દીઓને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર વડોદરા શહેરમાં કન્જક્ટીવાઈટીસ રોગના ૪૦૦થી વધુ કેસ પ્રતિદિન સરકારી અને ખાનગી હોસ્પિટલમાં નોંધાય છે. બીજી તરફ મનપા દ્વારા અર્બન હેલ્થ સેન્ટરોમાં દર્દીઓને ખાનગી હોસ્પિટલ કરતાં પણ વધુ સારી સુવિધા સાથે નિઃશુલ્ક સારવાર આપવામાં આવતી હોવાના દાવા કરવામાં આવે છે, પરંતુ કન્જક્ટીવાઈટીસ રોગે માથું ઊંચકતા અર્બન હેલ્થ સેન્ટરોમાં આંખના ડ્રોપ્સનો જથ્થો ખૂટી પડતા ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ બહારથી વેચાતા આંખના ડ્રોપ્સ લાવવા મજબૂર બન્યાં છે. મનપાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને જણાવ્યું હતું કે, કન્જક્ટીવાઈટીસના રોગની હાલ જે હાલત છે. જેમાં કેટલાક અર્બન હેલ્થ સેન્ટરોમાં ડ્રોપ છે. કેટલીક જગ્યા એ ઓછા છે. તો કેટલીક જગ્યા એ ખૂટી પડ્યા છે. તમામ સેન્ટરોને પૂરતો જથ્થો આપવા અમારો વિભાગ સક્ષમ છે. ■

# બીઆરટીએસમાં રોજની હાલાકીથી પરેશાન સુરતના વિદ્યાર્થીઓએ બસો રોકી સૂત્રોચ્ચાર કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરતઃ બીઆરટીએસની ખીચોખીચ ભરેલી બસોમાં મુસાફરી કરવાના રોજના ત્રાસથી કંટાળીને વિદ્યાર્થીઓએ પર્વત પાટિયા પાસે બીઆરટીએસ બસો અટકાવીને સૂત્રોચ્ચાર કર્યા હતા. જોકે પોલીસે આ મામલે વિદ્યાર્થીઓને સમજાવી વાત થાળે પાડી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ સુરતમાં બસના દરવાજા પર લટકીને જવું પડતું હોવા છતાં બસોની સંખ્યા કે ફ્રિક્વન્સી વધતી ન હોવાથી ત્રાસેલાં વિદ્યાર્થીઓએ પર્વત પાટિયા પાસે બસો અટકાવી સૂત્રોચ્ચાર કર્યા હતા. સુરતમાં બીઆરટીએસ બસમાં છેલ્લા ઘણા સમયથી વિદ્યાર્થીઓને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. ખીચોખીચ ભરાઇને જતી બસોમાં વિદ્યાર્થિનીઓને વિશેષ હાલાકીનો સામનો કરવો પડતો હોય છે. વિદ્યાર્થીઓને બસના દરવાજા પર લટકીને મુસાફરી કરવી પડે છે. આથી વિદ્યાર્થીઓએ બીઆરટીએસ સામે આંદોલન છેડ્યું હતું. આજે વહેલી સવારે વિદ્યાર્થીઓએ સુરતના પર્વત પાટિયા પાસે મોટી સંખ્યામાં એકત્ર થઈ બીઆરટીએસ બસો અટકાવી દીધી હતી. જો કે, પોલીસને જાણ થતા કાફલો દોડી આવ્યો હતો અને વિદ્યાર્થીઓને સમજાવી મામલો થાળે પાડ્યો હતો.

સુરતના વરાછાથી યુનિવર્સિટી માટે રોજના હજારો વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા માટે જાય છે. વિદ્યાર્થીઓ બીઆરટીએસ બસનો ઉપયોગ કરે છે. ત્યારે વિદ્યાર્થીઓને સવારે અને સાંજે આવતી જતી વખતે બીઆરટીએસમાં ભારે સમસ્યાઓનો સામનો કરવો પડે છે. જેના નિવારણ માટે વિદ્યાર્થી સંગઠન એબીવીપી દ્વારા બસ વધારવા તંત્રને રજૂઆત કરવામાં આવી હતી, પરંતુ તેમ ન થતાં બીઆરટીએસ સામે ઉગ્ર આંદોલન કરવામાં આવ્યું હતું.

સુરતના મોટા વરાછા, સરથાણા યોગીચોક સહિતના વિસ્તારોમાંથી વિદ્યાર્થીઓ બીઆરટીએસનો ઉપયોગ કરે છે અને બસ સરથાણાથી પર્વત પાટિયા કેનાલ રોડ થઈ યુનિવર્સિટી તરફ જતી હોય છે. ત્યારે આ રૂટ પર દોડતી બીઆરટીએસ બસ ખૂબ જ ઓછી છે. જેની સામે વિદ્યાર્થીઓની સંખ્યા ખૂબ જ વધારે છે. જેને લઈ સમગ્ર બસ ખીચોખીચ ભરાઈ જાય છે. વિદ્યાર્થીઓને ઊભા રહેવાની પણ માંડ માંડ જગ્યા મળે છે. જેને લઈ વિદ્યાર્થીઓએ બસની અંદર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જીવના જોખમે વિદ્યાર્થીઓને દરવાજા પાસે ઊભા રહી મુસાફરી કરવી પડે છે. ઓછી ફ્રિક્વન્સી અને ઓછી બસો હોવાથી બીઆરટીએસ બસની અંદર વિદ્યાર્થીઓ એકસાથે આ બસમાં મુસાફરી કરવા ચડી જાય છે. વિદ્યાર્થીઓની સંખ્યા એટલી બધી વધી જાય છે કે, બસનો દરવાજો પણ બંધ થઈ શકતો નથી. જેને લઈ દરવાજા પર પણ લટકીને વિદ્યાર્થીઓ જીવના જોખમે મુસાફરી કરવા મજબૂર બને છે. બીજી તરફ વિદ્યાર્થિનીઓની પણ સંખ્યા ખૂબ વધારે છે અને તેઓ પણ ધક્કામુક્કીમાં મુસાફરી કરવા મજબૂર બને છે. જેને લઈ તેમની સલામતીને લઇને રાવ ઊઠી છે.

છેલ્લા ઘણા સમયથી બીઆરટીએસની નાની મોટી સમસ્યાઓને લઈ પરેશાન થતા વિદ્યાર્થીઓ દ્વારા આજે વહેલી સવારે ઉગ્ર આંદોલન છેડી દેવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ પર્વત પાટિયા તરફથી જતી તમામ બીઆરટીએસ બસને બંધ કરી અટકાવી દીધી હતી અને ઉગ્ર સૂત્રોચ્ચાર સાથે વિરોધ કર્યો હતો. ■

# અમદાવાદથી અંબાજી, અમરેલી અને રાજકોટ સહિત ૧૧ રૂટ પર વિમાન કે હેલિકૉપ્ટરમાં ઊડીને જઈ શકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદથી અંબાજી, અમરેલી, રાજકોટ, પોરબંદર, કેશોદ, ભાવનગર અને સ્ટેચ્યૂ ઓફ યુનિટી જવા રેલ અને મોટર ઉપરાંત વિમાન કે હેલિકૉપ્ટરનો વિકલ્પ નાગરિકોને મળી શકે છે. ગુજરાત સરકારના નાગરિક ઉડ્ડયન વિભાગે આંતર રાજ્ય ઉડ્ડયન સેવાઓ શરૂ કરવા માટે વાયેબિલિટી ગેપ ફંડિંગ યોજના હેઠળ ઈ-ટેન્ડર જાહેર કર્યા છે. વૈશ્વિક સ્તરે નાના એરક્રાફ્ટ મારફતે લોકલ એર સર્વિસ આપતી કંપનીઓને રાજ્યના ૧૧ હવાઈ રૂટ ઉપર સેવાઓ પૂરી પાડવા સરકારે બીડ મંગાવી છે.

આંતર રાજ્ય હવાઈ સેવાઓને પ્રોત્સાહન મળે તે ઉદ્દેશ્યથી ગુજરાત સરકારે વાયેબિલિટી ગેપ ફંડિંગ યોજના અમલમાં મુકી છે. આ યોજના હેઠળ આવી સેવાઓ પૂરી પાડનાર એર સર્વિસ કંપનીને આર્થિક સ્તરે થતા નુકસાનમાં સરકાર દ્વારા આર્થિક અનુદાન પૂરું પાડવામાં આવશે. કોવિડ-૧૯ની મહામારી પૂર્વે પણ આ જ યોજના હેઠળ અમદાવાદથી પોરબંદર, ભૂજ અને સુરતથી પોરબંદર, ભૂજ જેવી હવાઈ સેવાઓ થઈ હતી. જો કે, મુસાફરોના અભાવે અને મોંઘા ટિકિટ દરોને કારણે આ સેવા લાંબો સમય ટકી શકી નહોતી. હવે ત્રીજી ઓગસ્ટના રોજ ફરીથી ૧૧ રૂટ પર હવાઈ સેવા શરૂ કરવા માટે ફરીથી ઈ-ટેન્ડર મારફતે બીડ મંગાવવામાં આવ્યા છે. જેની છેલ્લી તારીખ બીજી સપ્ટેમ્બર છે. અમદાવાદથી અંબાજી, અમરેલી, રાજકોટ, પોરબંદર, કેશોદ, ભાવનગર અને સ્ટેચ્યૂ ઓફ યુનિટી- એસઓયુ એમ સાત રૂટ પૈકી અંબાજી અને સ્ટેચ્યૂ ઓફ યુનિટી માટે હેલિકૉપ્ટરની જોગવાઈ કરવામાં આવી છે. આ સાત રૂટ ઉપરાંત વડોદરાથી ભૂજ, પોરબંદર, કેશોદ અને રાજકોટ એમ ચાર રૂટ ઉપર પણ હવાઈ સેવાઓ શરૂ કરવાનો સરકારે ઈરાદો જાહેર કર્યો છે. જેના માટે સપ્તાહમાં ઓછામાં ઓછા બે દિવસ હવાઈ સેવાઓ આપવા કોઈ પણ એરક્રાફ્ટનો ઉપયોગ કરી શકાશે. ડાયરેક્ટર જનરલ ઓફ સિવિલ એવિએશન- ડીજીસીએના નિયમ અનુસાર ધારાધોરણોનો અમલ અને થર્ડ પાર્ટી ઈન્સ્યોરન્સ કંપનીઓએ લેવાનો રહેશે. ■

# આજે વિશ્વ સિંહ દિવસઃ ગીરમાં એક વર્ષમાં ઈજાગ્રસ્ત ૪૩ સિંહોનું સફળ રેસ્ક્યૂ કરાયું

અમદાવાદઃ ગુજરાતમાં દર વર્ષે ૧૦ ઑગસ્ટના રોજ વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવે છે. એશિયા ખંડમાં માત્ર ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલા ગીર જંગલમાં સિંહની વસ્તી છે. દેશ અને વિદેશથી સાસણ ગીરમાં લોકો સિંહ જોવા આવે છે. શેત્રુંજી વન્યજીવ વિભાગ પાલિતાણા અંતર્ગત અમરેલીમાં વર્ષ ૨૦૨૨-૨૩માં સિંહ સંરક્ષણને લઈને સફળ કામગીરી કરવામાં આવી છે.

લીલીયા રેન્જ ફોરેસ્ટ ઓફિસરે જણાવ્યું હતુ કે અમરેલી જિલ્લામાં ગ્રેટર ગીર અટલે કે બૃહદ ગીરના વિસ્તારમાં એટલે કે, જંગલ સિવાયના વિસ્તારમાં અંદાજે ૧૦૦ થી ૧૧૦ જેટલા સિંહોનો વસવાટ છે. શેત્રુંજી વન્યજીવ વિભાગ પાલિતાણા અંતર્ગત અમરેલી અને ભાવનગરનો વિસ્તાર આવે છે. આ વિસ્તારમાં વર્ષ ૨૦૨૨-૨૩માં ઈજાગ્રસ્ત ૪૩ સિંહના સફળ રેસ્ક્યુ કરીને સિંહને બચાવવામાં આવ્યા હતા.

બીજી બાજુ રાજ્યમાં સતત સિંહની વસ્તીમાં વધારો થઈ રહ્યો છે. વર્ષ-૨૦૦૫માં સિંહની વસ્તી ૩૫૯ હતી જે વધીને વર્ષ-૨૦૨૦માં ૬૭૪ થઈ છે. ગુજરાત સરકારના વન વિભાગ અંતર્ગત સિંહ સહિતના વન્યજીવોને સંરક્ષણને લઈને વિવિધ પ્રકારની કામગીરી કરવામાં આવી રહી છે. ઉનાળા દરમિયાન સિંહો માટે અલાયદી અને વિશેષ વ્યવસ્થાના ભાગરૂપે સિંહ માટે પીવાના પાણીની સગવડ ધારી પૂર્વ વન્યજીવ રેન્જમાં કરવામાં આવે છે. ઈજાગ્રસ્ત સિંહો માટે સારવાર અને ઓબ્ઝર્વેશન સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. સિંહોનું વિશેષ પ્રકારે સંરક્ષણ કરવામાં આવી રહ્યું છે. શેત્રુંજી વન્યજીવ વિભાગ અંતર્ગત અમરેલી અને ભાવનગર વિસ્તારમાં સિંહ સહિતના વન્યજીવો ખેડૂતોની ખેતીની જમીનમાં ખુલ્લા કૂવામાં ના પડે તે માટે ૬૭૩ કૂવાઓની પારાપીટનું બાંધકામ કરીને કૂવાઓને સુરક્ષિત કરવામાં આવ્યા છે. અમરેલી વિસ્તારમાં ખેડૂતોની ખેતીની જમીનમાં અંદાજે ૬૦૦ જેટલા મંચાણા (મેડા) બનાવવામાં આવ્યા છે. ગુજરાત સરકાર અંતર્ગત વન વિભાગ દ્વારા સિંહ સંરક્ષણને લઈને તમામ પ્રકારની કામગીરી નિયમિત રીતે કરવામાં આવી રહી છે. સૌરાષ્ટ્ર અને ગુજરાતની આન બાન અને શાન ગણાતા સિંહોના સંરક્ષણને લઈને બીમાર સિંહોની સારવાર સહિતની સુવિધાઓ અને વ્યવસ્થાઓ સુદ્રઢ રીતે કરવામાં આવી છે. ■

# મહેમદાવાદમાં અજાણ્યા ઈસમોએ ઢેલ પર ફાયરિંગ કરતાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહેમદાવાદ તાલુકાના રુદણ ગામમાં આવેલા ગજકૂઈ વિસ્તારમાં અજાણ્યા ઈસમોએ ફાયરિંગ કરી ઢેલ પક્ષીનું મોત નીપજાવ્યું હતું જે ઘટનાની જાણ ગ્રામજનોને થતા ગ્રામજનોમાં ભારે રોષની લાગણી વ્યાપી ગઈ હતી. ઘટનાની પોલીસને જાણ થતા પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી હતી તેમજ વન વિભાગના અધિકારીઓ પણ દોડી આવ્યા હતા. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર મહેમદાવાદ તાલુકાના રુદણ ગામની સીમ વિસ્તારમાં ફાયરિંગનો અવાજ આવતા આજુબાજુના લોકો ભેગા થઈ ગયા હતા તેમજ તેઓએ સ્થળ પર જઈને જોયું તો એક ઢેલ મૃત હાલતમાં મળી આવી હતી જેને ગોળી વાગી હતી. અજાણ્યા ઈસમો ફાયરિંગ કરીને ત્યાંથી પલાયન થઈ ગયા હતા ઘટનાની જાણ સરપંચને કરવામાં આવી હતી. સરપંચે ઘટનાની જાણ પોલીસ અને ફોરેસ્ટ વિભાગની ટીમને કરતા પોલીસ અને વન વિભાગ સ્થળનું નિરીક્ષણ કરવા માટે આવ્યા હતા. તેમજ આ મૃત ઢેલના મૃતદેહને કચેરીએ લઈ જઈ પીએમ કરવામાં આવ્યું હતું. ■

# ભૂસ્ખલનને કારણે અમરનાથના યાત્રાળુઓને જમ્મુમાં અટકાવાયા

બનિહાલ/જમ્મુ: બુધવારે વહેલી સવારે રામબન જિલ્લામાં જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ એક વિશાળ ભૂસ્ખલનને કારણે અવરોધાયો હતો, જેના પગલે અમરનાથ યાત્રીઓના કોઈ નવા જથ્થાને જમ્મુથી જવાની મંજૂરી આપવામાં આવી ન હતી.

ટ્રાફિક કંટ્રોલ રૂમના જણાવ્યા અનુસાર, સવારે ત્રણ વાગ્યાની આસપાસ મારુગ નજીક હાઇવે પર ભૂસ્ખલન થયું હતું.

વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું કે પુનઃસ્થાપન કાર્ય ચાલુ છે અને ટૂંક સમયમાં એ પૂર્ણ થવાની અપેક્ષા છે, જેના પગલે જમ્મુમાં નાગરોટા અને કાશ્મીરના કાઝીગુંડ એમ બંને બાજુથી રોકાયેલા ટ્રાફિકને મંજૂરી આપવામાં આવશે.

જમ્મુના ડિવિઝનલ કમિશનર રમેશ કુમારે જણાવ્યું કે હાઈવે પર ભૂસ્ખલનને કારણે ભગવતી નગર બેઝ કેમ્પથી યાત્રા દિવસભર માટે સ્થગિત કરવામાં આવી હતી.

તેમણે કહ્યું કે હાઇવેને ટ્રાફિકેબલ બનાવવા માટે રિસ્ટોરેશનનું કામ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે.

૧ જુલાઈના રોજથી ૬૨ દિવસની લાંબી યાત્રા શરૂ થઈ ત્યારથી અત્યાર સુધીમાં ૪.૨૫ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ અમરનાથની ૩૮૮૦ મીટર ઊંચી ગુફામાં જઇને ભગવાન શિવની પૂજા-અર્ચના કરી છે. ■

# રમકડાંની નિકાસ ૬૦ ટકા વધી

નવી દિલ્હી: વાણિજ્ય અને ઉદ્યોગ રાજ્ય મંત્રી સોમ પ્રકાશ દ્વારા સંસદને બુધવારે આપવામાં આવેલા ડેટા અનુસાર ભારતની રમકડાંની નિકાસ વર્ષ ૨૦૧૮-૧૯માં ૨૦૩.૪૬ મિલ્યન યુએસ ડોલરથી વધીને ૨૦૨૨-૨૩માં ૩૨૫.૭૨ મિલ્યન યુએસ ડોલર થઈ છે. બીજી તરફ આયાત ૨૦૧૮-૧૯માં ૩૭૧.૬૯ મિલ્યન યુએસ ડોલરથી ૫૭ ટકા ઘટીને ૨૦૨૨-૨૩ માં ૧૫૮.૭૦ મિલ્યન યુએસ ડોલર થઈ છે. તેમણે વધુમાં કહ્યું કે સરકારે ઘરેલું રમકડાં ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે સક્રિય પગલાં લીધાં છે. સરકાર દ્વારા લેવામાં આવેલા વિવિધ પગલાઓના પરિણામે, ભારતીય બજારમાં રમકડાંની આયાતનું પ્રમાણ સતત ઘટી રહ્યું છે. એક અલગ જવાબમાં, તેમણે કહ્યું કે જાન્યુઆરી ૧૯૯૧થી ૩૧ જુલાઈ, ૨૦૨૩ સુધીમાં મંત્રાલય હેઠળ નોંધાયેલા ઉદ્યોગોની કુલ સંખ્યા ૧,૧૦,૫૨૫ છે. ઓપન નેટવર્ક ફોર ડીજીટલ કોમર્સ પરના એક પ્રશ્નના જવાબમાં વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું હતું કે ઓપન નેટવર્ક ફોર ડીજીટલએ ૯૦ ફીટ ઓન સ્ટ્રીટ સંસાધનો સમાવતા પ્રોગ્રામ શરૂ કર્યો છે, જે તેના લાભો વિશે વિક્રેતાઓને જાણકારી આપવા અને શિક્ષિત કરવામાં નેટવર્ક સહભાગીઓને ટેકો આપે છે. ઓપન નેટવર્ક ફોર ડીજીટલ એ એક પ્રોટોકોલ છે જે નેટવર્ક સહભાગીઓને સામાન અને સેવાઓની કાર્યક્ષમતાથી આપલે કરવા સક્ષમ બનાવે છે. (પીટીઆઈ)■



**સ્વાતંત્ર્યદિનની પૂર્વ તૈયારી:** સ્વાતંત્ર્યદિનની પૂર્વ તૈયારી રૂપે હૈદરાબાદમાં નાના ત્રિરંગા રાષ્ટ્રધ્વજોનું પેકિંગ કરતી શ્રમિક મહિલાઓ. (પીટીઆઈ)

# પૂર્વ દિલ્હીના ગાંધી નગરમાં ભીષણ આગ

નવી દિલ્હી: પૂર્વ દિલ્હીના ગાંધી નગર વિસ્તારમાં બુધવારે સવારે એક પ્લાયવૂડ ફેક્ટરીમાં મોટી આગ ફાટી નીકળી હતી.

રાજેન્દ્ર અટવાલ, સેન્ટ્રલ ડિવિઝનલ ઓફિસના જણાવ્યા અનુસાર, સવારે૪.૦૭ વાગ્યે આગની માહિતી મળી હતી, જેના પગલે ૨૧ ફાયર ટેન્ડર ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે અને કૂલિંગ ઓપરેશન ચાલુ છે. સદનસીબે, હજુ સુધી કોઈ ઈજા નોંધાઈ નથી.

પોલીસના જણાવ્યા અનુસાર, સવારે ૩.૫૫ વાગ્યે ગાંધી નગર પોલીસ સ્ટેશનની એક પેટ્રોલિંગ ટીમે પોલીસ સ્ટેશનની બાજુમાં આવેલા જગમોહન પ્લાયવૂડ સ્ટોરમાંથી થોડો ધુમાડો નીકળતો જોયો. તેઓએ પાણી વડે આગ ઓલવવાનો પ્રયાસ કર્યો હતો અને પીસીઆર કોલ પણ કર્યો હતો.

જો કે સૂકા લાકડાને કારણે આગ ઝડપથી ફેલાઈ હતી. (પીટીઆઈ)■

# વિકલાંગો માટેના ફ્રેન્ચ હોલિડે હોમમાં આગ લાગતા ઓછામાં ઓછા નવ લોકોનાં મોત

પેરિસ: બચાવ કામગીરીના વડા લેફ્ટનન્ટ-કર્નલ ફિલિપ હોવિલરે જણાવ્યું હતું કે પૂર્વી ફ્રાન્સના વિન્ટઝેનહેમ શહેરમાં બુધવારે પુખ્ત વયના વિકલાંગ લોકો માટેના વેકેશન હોમમાં સવારે ૬.૩૦ વાગ્યે આગ ફાટી નીકળી હતી, જેમાં નવ લોકોના મોત થયા હતા જ્યારે બે અન્ય લોકો મૃત્યુ પામ્યા હોવાનું માનવામાં આવે છે. સત્તર ઇજાગ્રસ્તોને બહાર કાઢવામાં આવ્યા હતા, જેમાંથી એકની હાલત ગંભીર છે, તેને હૉસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો. ક્રિસ્ટોફ મેરોટે, સ્થાનિક વહીવટીતંત્રના સેક્રેટરી જનરલ, ન્યૂઝ બ્રોડકાસ્ટર ફ્રાન્સ ઇન્ફો પર જણાવ્યું હતું કે જૂથમાં 'થોડી બૌદ્ધિક અક્ષમતા' ધરાવતા પુખ્ત વયના લોકોનો સમાવેશ થાય છે. મૃતકોમાં ૧૦ વિકલાંગ લોકો અને સાથે એક વ્યક્તિ હોવાનું માનવામાં આવે છે.

ફાયર વિભાગે આગને કાબુમાં લેવા અને પીડિતોની સારવાર માટે ૭૬ ફાયર ફાઈટર, ચાર ફાયર એન્જિન અને ચાર એમ્બ્યુલન્સ તૈનાત કરી હતી. ચાલીસ પોલીસ અધિકારીઓને મોકલવામાં આવ્યા હતા. આગ કાબૂમાં આવી ગઈ છે.

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોને એક્સ પર લખ્યું કે આ દુર્ઘટનામાં, મારા વિચારો પીડિતો, ઘાયલો અને તેમના પરિવારો સાથે છે. અમારા સુરક્ષા દળો અને કટોકટી સેવાઓનો આભાર માનું છું. (એપી)■

# શિમલામાં સફરજન ભરેલી ટ્રકે પરિણીત દંપતી, અન્ય બે લોકોને કચડ્યા

શિમલા: શિમલામાં બે અલગ-અલગ માર્ગ અકસ્માતોમાં સફરજનથી ભરેલી ટ્રક પલટી જતા એક દંપતી સહિત ચાર લોકોના મોત થયા હતા. એક નિયંત્રણ બહાર ગયેલી સફરજન ભરેલી ટ્રક નીચે મોહન નેગી અને તેની પત્ની આશા નેગી કચડાઈ ગયા હતા.

મંગળવારે સાંજે નારકંડાથી ટ્રક રાજગઢ-સોલન રોડ થઈને રાજ્યની બહાર જઈ રહી હતી ત્યારે આ ઘટના બની હતી. પોલીસની પ્રાથમિક તપાસ મુજબ બ્રેક ફેલ થવાના કારણે અકસ્માત થયો હતો. મૃતદેહોને ખોદકામ યંત્ર દ્વારા બહાર કાઢવામાં આવ્યા હતા અને થિયોગની સિવિલ હૉસ્પિટલમાં પોસ્ટ મોર્ટમ માટે મોકલવામાં આવ્યા હતા.

ટ્રકના ડ્રાઈવર સામે બેદરકારી અને બેદરકારીથી ડ્રાઇવિંગ અને જીવને જોખમમાં મૂકવાનો કેસ આઈપીસીની કલમ ૨૭૯, ૩૩૭ અને ૩૦૪ એ હેઠળ નોંધવામાં આવ્યો છે અને તપાસ ચાલી રહી છે. (પીટીઆઈ)■

## ક્લાસિફાઈડ

### ૪. ધાર્મીક સંબંધી

***રુદ્રાભિષેક***
કથા, રાંદલ, લગ્ન, વાસ્તુ, કુંડલી, મરણ-વિધિ, દાન, આપવા. 9820718979. (બી-૧૨૬૩૧)

### ૫. અંગત

**SPARX • CAMPUS • WOODLAND: SALE**
Sport Shoes Sandals or Slippers upto 50% Off Lakhamshi Nappoo Hall, Chandavarkar Road Matunga (E) CR. 9322284581. (13366-B)

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન-8879576963. (દહેજ નહીં.) (૧૩૩૫૪-એ)

### ૧૨. યાત્રા સહેલગાહ

દુબઈ-અબુધાબી વિઝા-ફરારી-મીરેકલ બુર્જ ખલીફા, લીમો, સફારી, રોયલ કેરેલા મુન્નાર, અલ્લપી, પુવાર, ઠેકડી, કોચી કન્યાકુમારી, દિ.૧૦ ઉ. ઓગ.થી જાન્યુ. તિરૂપતી, રામેશ્વર, વેલ્લુર, શ્રીરંગમ દિ.૧૧, ઉ.ન્વે./ડિસે શ્રીલંકા-માલદિવ આસામ-મેઘાલય-અરૂણાચલ-ઉ.ઓક્ટો. કાશ્મીર સપ્ટે. થી ન્વે. ગુલમર્ગ, સોનમર્ગ, શ્રીનગર, વૈષ્ણોદેવી ચારધામ ઉ.ઓક્ટો. Vibha K Sanghavi Since 1987 તન્વી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ 9892542448 9167970448 અમારી અન્ય કોઈ શાખા નથી
(બી-૧૨૬૨૦)

### ૧૪. નોકરી ખાલી છે

**સુવર્ણ તક**
રીટાયર્ડ, બેંકર્સ, એકાઉન્ટન્ટ, હાઉસ વાઈફ. (પાર્ટ ટાઈમ) Contact - 9892019090. (૧૩૩૮૧-એ)

■ ગૃહકાર્ય જોઈએ છે નવ થી નવ, ગુજરાતી પરિવાર માટે સારાં ઘરના મધ્યમ વયસ્ક વૈષ્ણવ બહેન, ગૃહકાર્ય માટે - 7801917859. (બી-૧૨૭૧૫)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

### ૧૪. નોકરી ખાલી છે

EXCELLENT PART TIME Jobs for Retired / House-wives, Pay + Incentives: 9930421002. (B-12714)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઇવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઇન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૧૮૪૨-સી)**

**વસઈ - કામણ**
ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા, વેચવા, ભાડેથી સંપર્ક:- રાજેશ દડીયા 9326495003 / 9322762805. (૧૧૭૮૮-એ)

**વસઈ**
ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા - વેચવા ભાડેથી. રૂષભ ઉપાધ્યાય :- 9049625073. હિતેષ ઉપાધ્યાય :- 9326470109, 7977545225. (એસડીબી-૧૪૦૩)

### ૨૦. ધંધાદારી જગ્યા

**વિલેપાર્લે વેસ્ટ**
**એસ.વી.રોડ લીવ-લાઈસન્સથી 500' વેલ-ફરનીશડ ઑફિસ આપવી છે. એજન્ટ: અશ્વિન મર્ચન્ટ 9819874515. (એસડીબી-૧૪૦૪)**

### ૩૪. ફર્નીચર ફીક્ષ્ચર

**અમેરીકન હુક**
છત (સિલિંગ) તોડયા વગર હિંચકાના કડા, પંખા, જુમ્મરના હુક ફીટ કરી આપીશું. હેમંત વાસા - ૯૮૬૯૭૬૮૭૬૭, ૯૮૨૧૩૮૨૨૮૭. (૧૩૩૬૩/એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

■ સાંઈ ચમત્કાર જ્યોતિષ લવ પ્રોબ્લેમ, છૂટાછેડા, શત્રુનાશ, વેપાર, પ્રોબ્લેમ, પતિ-પત્ની ત્રાસ, દરેક સમસ્યાનું નિકાલ ઘરકંકાસ, નાલાસોપારા વેસ્ટ 9974311351. (બી-૧૨૬૧૦)

**માં શક્તિ જ્યોતિષ**
જન્મ પત્રિકા, સૌતન મુક્તી, પતિ-પત્ની, સાસુ-બહુનો અનબનાવ, છુટાછેડા, ઘરમાં ઝગડો, શત્રુનાશ, લક્ષ્મીપ્રાપ્તિ, લગ્નમાં રુકાવટ, વિદેશ-યોગ, સંતાન સુખ, કોર્ટ-કચેરીમાં વિજય, તાત્કાલિક રિઝલ્ટ સાંઈબાબા નગર, બોરીવલી (વેસ્ટ)- 9157187283. (૧૩૩૭૦-એ)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ કાંદિવલી: 9833523290, 9220789533, ચીરાબજાર: 9029181030. (૧૩૨૭૭-બી)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719/ 7208019515. (૧૩૧૯૨-સી)

# અમેરિકાનાં જેકપોટ વિજેતાને મળશે અધધધ ૧.૫૮ અબજ ડૉલરનું જંગી ઇનામ

લાસ વેગાસ: લોટરી ખેલાડીઓને મંગળવારે રાત્રે જંગી મેગા મિલિયન્સ ઇનામમાં ૧.૫૮ અબજ ડૉલરનું

જંગી ઇનામ જીતવાની તક મળશે અને અમેરિકાના ઇતિહાસમાં આ જેકપોટ ત્રીજા સૌથી મોટા જેકપોટ તરીકે સ્થાન ધરાવે છે.

અંદાજિત ૧.૫૮ અબજ ડૉલરનું ઇનામ જેકપોટ વિજેતા વિનાના ૩૧ સીધા ડ્રોને આભારી છે.

વિજેતા વિનાના દરેક ડ્રોએ ઇનામની રકમ રેકોર્ડ ૨.૦૪ અબજ ડૉલરના પાવરબોલ જેકપોટ સુધી પહોંચાડી હતી,

જે કેલિફોર્નિયામાં કોઈએ ગયા વર્ષે જીત્યો હતો.

આ અગાઉ ૨૦૧૬માં કદમાં બીજું સૌથી મોટું ઈનામ હતું, જ્યારે પાવરબોલ જેકપોટ ૧.૫૮૬ અબજ ડૉલરની લગભગ સમાન રકમ પર પહોંચ્યો હતો.

મેગા મિલિયન્સ જેકપોટ ૩૦૨.૬ લોટરીમાંથી એકને લાગતો હોવાથી ખૂબ જ દુર્લભ છે.

જેકપોટનાં ૧.૫૮ અબજ ડૉલરની ચૂકવણી એવા વિજેતાને થશે જે ૩૦ વર્ષથી વધુ સમય વાર્ષિકી રકમ માટેનો વિકલ્પ પસંદ કરે છે, પરંતુ લોકો સામાન્ય રીતે એકસામટી મોટી રકમ લેવાનો વિકલ્પ પસંદ કરતા હોય છે, જે મંગળવારના જેકપોટ માટે અંદાજિત ૭૮૩.૩ મિલિયન ડૉલર હશે.

મેગા મિલિયન્સ ૪૫ રાજ્યો, વૉશિંગ્ટન, ડીસી અને યુએસ વર્જિન ટાપુઓમાં રમાય છે. ■

# અંગત માહિતીના રક્ષણાર્થે ખરડો સંસદમાં પસાર

નવી દિલ્હી: રાજ્યસભાએ બુધવારે ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન ખરડો ૨૦૨૩ પસાર કર્યો હતો. આ ખરડો સોમવારે લોકસભામાં પસાર કરવામાં આવ્યો હતો. યુઝર્સનો ડેટા ઓનલાઈન પ્લેટફોર્મ દુરુપયોગ ન કરી શકે તે હેતુથી ખરડો લાવવામાં આવ્યો છે. છ વર્ષ અગાઉ રાઈટ ટુ પ્રાઈવેસી એટલે કે ગોપનીયતાના અધિકારને સુપ્રીમ કોર્ટ દ્વારા મૂળભૂત અધિકાર જાહેર કરવામાં આવ્યો હતો.

ઓનલાઈન ખાનગી અને સરકારી પ્લેટફોર્મ નાગરિકોના ડેટાનો દુરુપયોગ કરી ન શકે તેવું ખરડામાં કહેવામાં આવ્યું છે. નાગરિકોના ડેટાનું રક્ષણ કરવામાં નિષ્ફળ જનારી અથવા દુરુપયોગ કરનારી સંસ્થાઓ પર રૂા. ૨૫૦ કરોડ સુધીની પેનાલ્ટી લાદવાની ખરડામાં દરખાસ્ત છે.

કેન્દ્રીય ઈન્ફોર્મેશન ટેકનોલોજિ પ્રધાન અશ્વિની વૈષ્ણવે કહ્યું કે જાહેર જનતાના સૂચનોને ધ્યાનમાં લઈ ખરડો તૈયાર કરવામાં આવ્યો છે પ્રવર્તમાન કાયદાને આધારે વ્યક્તિનો અંગત ડેટા લઈ શકાય છે અને જે હેતુ માટે લેવામાં આવ્યો છે તેના સિવાય અન્ય હેતુ માટે ઉપયોગ નહીં કરી શકાય તેવું વૈશ્વણે કહ્યું હતું. ■

# જેસલમેરમાં 'પાકિસ્તાન ઇન્ટરનેશનલ એરલાઇન્સ' લખેલો બલૂન મળ્યો

જેસલમેર: રાજસ્થાનના જેસલમેર જિલ્લામાં સરહદી વિસ્તાર નજીક ''પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાઈન્સ'' લખેલું એરોપ્લેન આકારનું બલૂન મળ્યું હતું.

સોમવારે સાંજે નાગરાજા ગામમાં કેટલાક સ્થાનિકો એ હવા નીકળેલા લીલા અને સફેદ બલૂન જોયા હતા.

''પાકિસ્તાન ઇન્ટરનેશનલ એરલાઇન્સ'', ''એસજીએ'' અને ઉર્દૂમાં કેટલાક શબ્દો એરોપ્લેન જેવા આકારના બલૂન પર લખેલા છે.

તેઓએ કહ્યું કે બલૂનમાં કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી અને આ મામલે તપાસ કરવામાં આવી રહી છે. (પીટીઆઈ)■



**ઢમ ઢમ ઢોલ બાજે:** રાંચી યુનિવર્સિટીએ 'વર્લ્ડ ટ્રાઇબલ ડે' નિમિત્તે યોજેલા કાર્યક્રમમાં ઝારખંડના રાજ્યપાલ સી.પી. રાધાકૃષ્ણને પરંપરાગત ઢોલ પર હાથ અજમાવ્યો હતો. (પીટીઆઈ)

# સરદાર સરોવર ડેમની જળ સપાટી ૧૩૧ મીટરથી ઉપર: બુધવારે સવાર કરતાં સાંજે બમણો ઇનફ્લો

અમદાવાદ: ઉપરવાસ વિસ્તારોમાં અત્યાર સુધીમાં સારા વરસાદને કારણે ગુજરાતના નર્મદા જિલ્લામાં આવેલા સરદાર સરોવર ડેમની જળ સપાટી બુધવારે સાંજે ૧૩૧.૧૫ મીટરે પહોંચી ગઇ હતી, જે તેના ૧૩૮.૬૮ મીટરના સંપૂર્ણ જળાશય સ્તરની નજીક ગણાય એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

આ ચોમાસાની સિઝનમાં પ્રથમ વખત નર્મદા નદી ઉપર કેવડિયા ખાતે પ્રતિષ્ઠિત 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' નજીક સ્થિત ડેમનું પાણીનું સ્તર ૧૩૧ મીટરને વટાવી ગયું છે એવું સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના સૂત્રોએ જણાવ્યું હતું. હાલમાં, ડેમમાં ૭૧,૦૩૯ ક્યુસેક (એક ક્યુબિક ફૂટ પ્રતિ સેકન્ડ) પાણીની આવક થઈ રહી છે, જે સવારે ૪૯,૫૬૩ ક્યુસેક ઇનફ્લોથી નોંધપાત્ર વધારો ગણાય એમ તેમણે જણાવ્યું હતું. ૪૯,૦૦૦ ક્યુસેકથી વધુ પાણી નદીના ડાઉનસ્ટ્રીમમાં અને નર્મદા મુખ્ય કેનાલમાં છોડવામાં આવી રહ્યું છે, એમ તેમણે ઉમેર્યું હતું. જ્યારે રિવર બેડ પાવર હાઉસ દ્વારા નર્મદામાં ૪૪,૦૭૩ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે, ત્યારે કેનાલ હેડ પાવર હાઉસ દ્વારા લગભગ ૫,૧૦૦ ક્યુસેક પાણી કેનાલમાં છોડવામાં આવે છે, એમ રિલીઝમાં જણાવાયું છે. તેના અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં ડેમની જળ સપાટીમાં ૧૧ સેન્ટિમીટરનો વધારો થયો છે. (પીટીઆઈ)■

# વર્ષ ૨૦૨૩માં ગુજરાતી ક્રિકેટર રવીન્દ્ર જાડેજાનો સૌથી વધુ વખત ડોપ ટેસ્ટ કરાયો

નવી દિલ્હી: નેશનલ એન્ટી ડોપિંગ એજન્સી (નાડા)ના ડેટા અનુસાર ભારતના ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાએ આ વર્ષે જાન્યુઆરીથી મે સુધીમાં ત્રણ વખત ડોપ ટેસ્ટ માટે સેમ્પલ આપ્યું છે. આ સાથે તે સૌથી વધુ વખત ટેસ્ટ કરાવનાર ક્રિકેટર બની ગયો છે.

નાડાની વેબસાઈટ પર જાહેર કરાયેલી તાજેતરની યાદી મુજબ, વર્ષના પ્રથમ પાંચ મહિનામાં કુલ ૫૫ ક્રિકેટરો (પુરુષ અને સ્ત્રી)ના ડોપ ટેસ્ટ કરાયા હતા.

આનો અર્થ એ થયો કે આ વર્ષે ક્રિકેટરો પાસેથી એકત્ર કરાયેલા સેમ્પલની સંખ્યા પાછલા બે વર્ષની સરખામણીમાં ઘણી વધારે હોવાની શક્યતા છે. આંકડા અનુસાર, નાડાએ ૨૦૨૧માં ૫૪ અને ૨૦૨૨માં ૬૦ ક્રિકેટરોના સેમ્પલ લીધા હતા. વર્ષ ૨૦૨૩ના પ્રથમ પાંચ મહિનામાં ભારતીય કેપ્ટન રોહિત શર્મા અને સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીનો ટેસ્ટ કરાયો નથી ■

# કેજરીવાલ, સંજયસિંહે ગુનાહિત બદનક્ષી કેસમાં સમન્સ પર રોક માટે ગુજરાત હાઈ કોર્ટમાં કરી અરજી

નવી દિલ્હી: દેશની રાજધાની દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલ અને આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ સંજય સિંહે બુધવારે જ્યાં સુધી સેશન્સ કોર્ટમાં પુનર્વિચાર અરજીનો નિકાલ ન આવે ત્યાં સુધી તેમના વિરુદ્ધ થયેલા ગુનાહિત બદનક્ષીના કેસની ગતિવિધિઓ પર રોક લગાવવા ગુજરાત હાઇકોર્ટ સમક્ષ માગ કરી છે. આ મુદ્દે ૧૧ ઓગસ્ટે સુનાવણી હાથ ધરવામાં આવશે. મેટ્રોપોલિટન કોર્ટે આ પહેલા બંને નેતાઓને વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ડિગ્રી વિશે કટાક્ષયુક્ત અને અપમાનજનક નિવેદન આપવા અંગે ગુજરાત યુનિવર્સિટીએ દાખલ કરેલા કેસ અંગે સમન્સ પાઠવ્યું હતું. કેજરીવાલ અને સંજયસિંહે આ અંગે મેટ્રોપોલિટન કોર્ટના સમન્સને પડકારતી અને પુનર્વિચારની માગ કરતી અરજી સેશન્સ કોર્ટમાં દાખલ કરી હતી. જો કે તે અરજી ખારિજ થતાં તેમણે હાઇકોર્ટના દરવાજા ખટખટાવ્યાં છે.

પ્રાથમિક દૃષ્ટિએ બંને નેતાઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૦ હેઠળ કેસ દાખલ થયો હોવાનું જણાયા બાદ મેટ્રોપોલિટન કોર્ટે તેમને સમન્સ પાઠવ્યું હતું. પીએમ મોદીના ડિગ્રી અંગેના ચીફ ઇન્ફોર્મેશન કમિશનરના આદેશને ગુજરાત હાઇકોર્ટે રદ કર્યા બાદ બંને નેતાઓએ પીએમ મોદીની ડિગ્રી અંગે તેમણે આપેલી ટિપ્પણીઓ પર ગુજરાત યુનિવર્સિટીના રજીસ્ટ્રાર પિયુષ પટેલે બદનક્ષીનો કેસ દાખલ કર્યો હતો. ફરિયાદીએ જણાવ્યું હતું કે તેમણે પત્રકાર પરિષદ અને ટ્વીટર પર ગુજરાત યુનિવર્સિટી પર નિશાન સાધી પીએમ મોદીની ડિગ્રી વિશે અપમાનજનક ટિપ્પણીઓ કરી હતી. જેણે યુનિવર્સિટીની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડી હતી. તેમણે જણાવ્યું હતું કે તેમના નિવેદનો કટાક્ષભર્યા હતા અને ઇરાદાપૂર્વક યુનિવર્સિટીની પ્રતિષ્ઠાને ઠેસ પહોંચાડવાનો તેમનો હેતુ હતો.

કેજરીવાલની ટિપ્પણીઓ ટાંકતા ફરિયાદીએ કહ્યું,''જો કોઈ ડિગ્રી મળી છે અને તે અસલી છે, તો પછી તે શા માટે આપવામાં બતાવવામાં આવતી નથી?'', ''તેઓ એટલા માટે ડિગ્રી નથી બતાવી રહ્યા કારણ કે તે નકલી હોઈ શકે છે''. ■

# સોનાએ ૫૯,૦૦૦ની અને ચાંદીએ ૭૧,૦૦૦ની સપાટી ગુમાવી, રૂપિયામાં સુધારો

મુંબઇઃ વિશ્વબજારમાં કિંમતી ધાતુના ભાવમાં ઘટાડો થવાથી સ્થાનિક બજારમાં સોનાચાંદીના ભાવમાં દબાણ જોવા મળ્યું હતું. જોકે, વિદેશી હૂંડિયામણ બજારમાં અમેરિકન ચલણ નબળું પડ્યું હોવાથી ભારતીય ચલણમાં સાધારણ મક્કમતા જોવા મળી હતી. રોકાણકારો અમેરિકાના જુલાઇ મહિનાના ઇન્ફ્લેશનના ડેટાની રાહ જોઇ રહ્યાં હોવાથી ઇન્ટરનેળશનલ માર્કેટમાં ગોલ્ડ નીચી રેન્જમાં અથડાઇ રહ્યું હતું.

આ ડેટાને આધારે બજાર ફેડરલના વ્યાજદર અંગેના નિર્ણય અને સ્ટાન્સનો તાગ લગાવવાની કોશીશમાં હોવાથી એકંદર સાવચેતીનું માનસ જોવા મળ્યું હતું. ગ્લોબલ માર્કેટમાં ગોલ્ડ ઔંશદીઠ ૧૯૨૯ ડોલરની નીચી સપાટીએ પહચ્યું હતું. જોકે, સિલ્વરના ભાવ સહેજ વધીને ઔંશદીઠ ૨૩.૮૪ના સ્તરે અથડતા હતા. વાયદા બજારમાં પણ સોનાચાંદીમાં ઘટાડો જોવા મળ્યો હતો. સ્થાનિક બજારમાં સોનાચાંદી બંને ધાતુમાં પીછેહઠ જોવા મળી હતી. ઝવેરી બજારમાં ૯૯૯ ટચના શુદ્ધ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯,૩૩૮ના પાછલા બંધ સામે રૂ. ૫૯,૨૪૭ની સપાટીએ ખૂલ્યા બાદ અંતે રૂ. ૨૦૧ના ઘટાડા સાથે રૂ. ૫૯,૧૩૭ની સપાટીએ સ્થિર રહ્યાં હતાં. એ જ રીતે, ૯૯૫ ટચના સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯,૧૦૦ના પાછલા બંધ સામે રૂ. ૫૯,૦૧૦ની સપાટીએ ખૂલ્યા બાદ અંતે રૂ. ૧૯૯ના ઘટાડા સાથે રૂ. ૫૮,૯૦૧ની સપાટીએ સ્થિર રહ્યાં હતાં. હાજર ચાંદી એકકિલો દીઠ રૂ. ૭૧,૦૫૧ના પાછલા બંધ સામે રૂ. ૭૦,૫૭૦ની સપાટીએ ખૂલીને અંતે રૂ. ૯૨૪ના ઘટાડા સાથે રૂ. ૭૦,૧૨૭ની સપાટીએ સ્થિર થઇ હતી.

# બાઉન્સ બેકઃ છેલ્લા કલાકની ભારે લેવાલીથી સેન્સેક્સ ૧૪૯ પોઈન્ટ વધ્યો, નિફ્ટી ૧૯૬૦૦ની ઉપર

મુંબઇઃ અમેરિકામાં મૂડીઝના બેન્કિંગ ડાઉનગ્રેડની અસરથી અમેરિકાના બજારોમાં કડાકા બાદ એશિયાના અન્ય બજારોની સાથે ભારતીય બજારમાં પણ સવારે નકારાત્મક અસર જોવા મળી હતી, પણ છેલ્લા કલાકમાં નીચા મથાળે લેવાલીથી રેડ ઝોનમાં અથડાઇ રહેલું બજાર ગ્રીન ઝોનમાં આવી ગયું હતું અને સત્રના અંતે સેન્સેક્સ ૧૪૯ પોઈન્ટ્સ વધીને બંધ રહ્યો હતો.

ઘરઆંગણે આરબીઆઈની પોલિસી બેઠક અગાઉ બુધવારે સ્થાનિક શેરબજાર અફડાતફડી બાદ ગ્રીન ઝોનમાં બંધ રહ્યું હતું. નીચા મથાળે છેલ્લા કલાકમાં મેટલ, ઓટો અને ઓઈલ-ગેસ શેરોમાં નીકળેલી ભારે લેવાલીથી બીએસઈ સેન્સેક્સ ૧૪૯ પોઈન્ટ્સ વધીને બંધ રહ્યો હતો, જ્યારે નિફ્ટી ૧૯,૬૦૦ની ઉપર બંધ આપવામાં સફળ હતો. આજે ડો રેડીઝ લેબના શેરમાં ચાર ટકાની તેજી જોવા મળી હતી.

સેન્સેક્સ સત્ર દરમિયાન ઉપરમાં ૬૬,૦૬૬.૦૧ પોઇન્ટ અને નીચામાં ૬૫,૪૪૪.૩૮ પોઈન્ટ્સની રેન્જમાં અથડાયા બાદ ૧૪૯.૩૧ પોઈન્ટ્સ અથવા ૦.૨૩ ટકા ઉછળીને ૬૫,૯૯૫.૮૧ પોઈન્ટ્સ સપાટીએ બંધ રહ્યો હતો. જ્યારે, નેશનલ સ્ટોક એક્સચેંજનો નિફ્ટી પણ ઉપરમાં ૧૯,૬૪૫.૫૦ અને નીચામાં ૧૯,૪૬૭.૫૦ પોઈન્ટ્સની સપાટી વચ્ચે અથડાયા બાદ ૬૧.૭૦ પોઈન્ટ્સ અથવા ૦.૩૨ ટકાના ઉછાળા સાથે ૧૯,૬૩૨.૫૫ પોઈન્ટ્સની સપાટીએ બંધ રહ્યો હતો. આ સત્રમાં પણ મિડકેપ અને સ્મોલકેપ શેર્સમા પણ આકર્ષણ જોવા મળ્યું હતું. અમેરિકામાં મૂડીઝના બેન્કિંગ ડાઉનગ્રેડની અસરથી અમેરિકાના બજારોમાં કડાકા બાદ આજે એશિયાના અન્ય બજારોની સાથે ભારતીય બજારમાં પણ સવારે અસર જોવા મળી હતી, પણ છેલ્લા કલાકમાં નીચા મથાળે લેવાલીથી રેડ ઝોનમાં ટ્રેડ થઈ રહેલું બજાર ગ્રીન ઝોનમાં આવી ગયું હતું.

સેન્સેક્સ પેકમાં જેએસડબલ્યૂ સ્ટીલના શેરોમાં સૌથી વધુ ૨.૬૮ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. અન્ય ટોપ ગેઇનર્સમાં ટાટા મોટર્સ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ટાટા સ્ટીલ, ટાઈટન, આઈટીસી, ટેક મહિન્દ્રા, રિલાયન્સ અને લાર્સન એન્ડ ટુબ્રોનો સમાવેશ હતો. સેન્સેક્સમાં બજાજ ફાઈનાન્સના શેરો સૌથી વધુ ૦.૮૭ ટકા ઘટ્યા હતા. રેડ ઝોનમાં ગબડેલા અન્ય શેરોમાં મારુતિ, આઈસીઆઈસીઆઈ બેન્ક, પાવરગ્રીડ, એશિયન પેઈન્ટ્સ, એક્સિસ બેન્ક, હિન્દુસ્તાન યૂનિલિવર અને ભારતી એરટેલનો સમાવેશ હતો.

રિઝર્વ બેન્ક સાથે નોન-ડિપોઝિટ ટેકિંગ સિસ્ટમેટિકલી ઇમ્પોર્ટન્ટ નોન-બેન્કિંગ ફાઇનાન્શિયલ કંપની તરીકે રજિસ્ટર્ડ વિવ્રીતિ કેપિટલ લિમિટેડ રૂ. ૧૦૦૦ની ફેસ વેલ્યૂ ધરાવતા રેટેડ, લિસ્ટેડ, રિડીમેબલ, નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સ (એનસીડી)ના કુલ રૂ. ૫૦૦ કરોડના જાહેર ભરણાં સાથે આઠમી ઓગસ્ટે મૂડીબજારમાં પ્રવેશી રહી છે, ભરણું ૩૧મી ઓગસ્ટે બંધ થશે.

બ્લો મોલ્ડિંગ, ઈન્જેક્શન મોલ્ડિંગ અને કસ્ટમાઈઝડ મોલ્ડિંગના સૌથી મોટા ઉત્પાદકો પૈકીની એક મિત્સુ કેમ પ્લાસ્ટ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૪ના પ્રથમ ત્રિમાસિક રૂ ૭૯.૯૯ કરોડની કુલ આવક નોંધાવી છે.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

## પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન

**વિવિધ LC ગેટનું ઈન્ટરલોકિંગ**

**ટેન્ડર નં.** ડીઆરએમ-આરજેટી-23-24-એસએનટી-ઈ-08, તા.31-07-2023. **કામનું નામઃ** રાજકોટ ડિવિઝનઃ (i) LC-5 - રાજકોટ ડિવિઝનના વાંકાનેર-મકનસર વચ્ચે કિ.મી. 2/5-6 ખાતે 'C' ક્લાસ LC ગેટ નં.5 નું ઈન્ટરલોકિંગ. (ii) LC-12 - રાજકોટ ડિવિઝનના વાંકાનેર-મકનસર વચ્ચે કિ.મી. 10/8-9 ખાતે 'C' ક્લાસ LC ગેટ નં.12 નું ઈન્ટરલોકિંગ. **અંદાજિત ખર્ચઃ** ₹ 1,28,50,278.02/- (₹ એક કરોડ અઠ્યાવીસ લાખ પચાસ હજાર બસ્સો ઈઠ્ઠોતેર અને બે પૈસા માત્ર) **અર્નેસ્ટ મની :** ₹ 2,14,300/- (બે લાખ ચઉદ હજાર ત્રણ સો માત્ર) **ટેન્ડર દસ્તાવેજ ફી :** ₹ 00 (શૂન્ય રૂપિયા) **ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ અને સમયઃ** તા.01-09-2023 ના 15:30 કલાક સુધી. **ઓફીસનું સરનામુંઃ** ડિવિઝનલ રેલવે મેનેજર (S&T), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-360001. વેબસાઈટ- www.ireps.gov.in RJT-056

અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

## પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન

**'VPU ના લિઝીંગ' કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શન**

પત્ર નં. C 78/E-AUCTION/LEASING/Genl./Corrs./2022. Dt.03-08-2023

સંદર્ભ : ED (FM), RB's પત્ર નં. 2022/TC(FM)/10/04 dtd 11-04-2022

ઉપરોક્ત સંદર્ભમાં, 'VPU ના લિઝીંગ' કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શન આમંત્રિત કરે છે. કેટલોગ IREPS વેબસાઈટ પર પહેલે થી પ્રકાશિત કરવામાં આવેલ છે. વિગતો નીચે મુજબ આપવામાં આવેલ છે.

| કેટલોગ નં. | કોન્ટ્રાક્ટનો પ્રકાર | લોટ નં. | કોન્ટ્રાક્ટ સમયગાળો | ઈ-ઓક્શન તારીખ અને સમય |
|---|---|---|---|---|
| લિઝીંગ VPU-RJT -2-23 | લિઝીંગ | 22946-22945-VP-1-OKO-MMCT-22-1 | 02 વર્ષ | તમામ લોટ માટે ઈ-ઓક્શન તા.17-08-2023 ના 11:00 કલાકે શરૂ થશે. પ્રારંભિક કૂલિંગ ઑફ પિરિયડ 30 મિનિટ છે. સક્સેસિવ લોટ ક્લોઝીંગ ઈન્ટરવલ 10 મિનિટ છે. આઈઆરઈપીએસ ના ઈ-ઓક્શન મોડ્યૂલ માં લોટ-વાઈઝ બંધ થવાનો સમય જોઈ શકાય છે. |

RJT-058

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

## BRIHANMUMBAI MAHANAGARPALIKA

નંબર ચીફ એન્જિ./M&E/૨૬૯૩ના તા. ૦૯.૦૮.૨૦૨૩

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહન્મુંબઈ મહાનગરપાલિકા લાયક બિડર પાસેથી 'આઈટમ રેટ આધારે' નીચેના કામો માટે ઈ-ટેન્ડરો મંગાવે છે. ''ટેન્ડર'' વિભાગ હેઠળ MCGMની વેબસાઈટ પરની વિગતવાર ટેન્ડર નોટીસમાં બીડ શરૂ થવાની તારીખ અને સમય અને બિડ સમાપ્તિની તારીખ અને સમયનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

બૃહન્મુંબઈ મહાનગરપાલિકા
ઈ-ટેન્ડર નોટીસ

| | |
|---|---|
| વિભાગ : | ચીફ એન્જિનિયર (મિકેનિકલ & ઈલેક્ટ્રિકલ) |
| સબ વિભાગ : | એક્ઝિક્યૂટિવ એન્જિનિયર મિકેનિકલ (E.I.) બાંધકામ |
| વિષય : | ૩ મહિનાના સમયગાળા માટે મુલુંડ ઓક્ટ્રોય નાકા ખાતે ૨ નંગ * ૧૩ KL LMO ટાંકીઓ સાથે સંપૂર્ણ ડ્યુરા સિલિન્ડર રિફિલિંગ પ્લાન્ટ ચલાવવા માટે સેવાઓ પૂરી પાડવી. બીડ નં. - ૭૨૦૦૦૫૮૨૯૫ |
| ટેન્ડર વેચાણ : | ૧૦/૦૮/૨૦૨૩ના સ. ૧૧.૦૦ ક.થી ૧૭/૦૮/૨૦૨૩ના સાંજે ૪.૦૦ ક. સુધી. |
| પ્રી-બીડ તારીખ : | ૧૮.૦૮.૨૦૨૩ના બ. ૧૨.૦૦ કલાકે |
| વેબસાઈટ : | http://portal.mcgm.gov.in |
| લીગલ / ટ્રેડ નામ : GSTIN નં. | બૃહન્મુંબઈ મહાનગરપાલિકા 27AAALM0042L3Z4. |
| સંપર્ક વ્યક્તિ : a) નામ b) ટેલિફોન નંબર c) મોબાઈલ નંબર d) ઈ-મેલ સરનામું : | એક્ઝિક્યૂટિવ એન્જિનિયર મિકેનિકલ (E.I.) કોન્ટ. શ્રી. મનોજ વાનખેડે ૨૪૯૫૮૧૫૩ ૯૬૩૭૩૪૧૦૦૪ eemecheiconst.me@mcgm.gov.in |

ટેન્ડરોની વધુ વિગતો માટે ઈચ્છુક ટેન્ડરર્સે મ્યુનિસિપલ વેબસાઈટ http://portal.mcgm.gov.in પર મુલાકાત લેવી જોઈશે.

ટેન્ડર દસ્તાવેજો પોસ્ટ દ્વારા જારી અથવા પ્રાપ્ત કરવામાં આવશે નહીં.

સહી/-
PRO/1235/ADV./2023-24 E.E. મિકે. (E.I.) બાંધકામ

મતદાન કરો... લોકશાહી મજબૂત કરો.

## BRIHANMUMBAI MAHANAGARPALIKA

ડીપાર્ટમેન્ટઃ ચીફ એન્જિનિયર (મીકેનીકલ અને ઈલેક્ટ્રીકલ)
ઈ-ટેન્ડર નોટીસ

બૃહદ્ મુંબઈ મહાનગરપાલિકા
ચીફ એન્જિનિયર (મીકેનીકલ અને ઈલેક્ટ્રીકલ)નો વિભાગ

| | |
|---|---|
| ડીપાર્ટમેન્ટ | ચીફ એન્જિ. (M & E) |
| સબ ડીપાર્ટમેન્ટ | ડે. ચીફ એન્જિ. (M & E) શહેર |
| બીડ નંબર | ૧. ૭૨૦૦૦૫૮૨૯૪ ૨. ૭૨૦૦૦૫૮૩૦૬ ૩. ૭૨૦૦૦૫૮૩૦૯ |
| વિષય | ૧. ડો. આર. એન. કૂપર મ્યુનિ. જનરલ હોસ્પિટલ, વિલેપાર્લા (પ)ના મુખ્ય બિલ્ડિંગ ખાતે લીફટોનું અપગ્રેડેશન. ૨. શેઠ G.S. મેડીકલ કોલેજ & K.E.M. હોસ્પિટલ, પરેલના આનંદ નિકેતન હોસ્ટેલ ખાતે બેસાડેલ લીફટની લીફટ કેબીન તથા બારણાંની બદલી કરવી. ૩. ૩૬ મહિનાની મુદત માટે 'એ' વોર્ડમાં SWM સ્ટાફ કવાર્ટર્સ, કોચીન સ્ટ્રીટ ખાતે A & B વીંગ ખાતે ૨ નં. આઉટડોર પેસેન્જર લીફટોનું રીપેર & CSMC. |
| ટેન્ડર ખર્ચ | ૧. રૂા. ૩૦૦૦/- +૧૮% (GST) ૨. રૂા. ૬૦૦/- +૧૮% (GST) ૩. રૂા. ૩૦૦૦/- +૧૮% (GST) |
| ઈ-ટેન્ડર ખર્ચ (અંદાજિત ખર્ચ) | આઈટમ રેટ આધારે... |
| બીડ સુરક્ષા જમા/ બારડી | ૧. રૂા. ૨૦,૮૦૦/- ૨. રૂા. ૪,૮૦૦/- ૩. રૂા. ૧૩,૮૦૦/- |
| ટેન્ડર જારી અને વેચાણ તારીખ | ૧૦.૦૮.૨૦૨૩ ૧૧.૦૦ ક. સુધી |
| ટેન્ડરના વેચાણ અને બીડ સુરક્ષા જમાની સ્વીકૃતિની અંતિમ તારીખ અને સમય | ૧૮.૦૮.૨૦૨૩ ૧૨.૦૦ ક. સુધી |
| પેકેટ A, B અને પેકેટ Cની સુપ્રતિ (ઓનલાઈન) | ૧૮.૦૮.૨૦૨૩ ૧૬.૦૦ ક. સુધી |
| પ્રી-બીડ મીટીંગ | NA |
| પેકેટ A ખુલશે | ૨૧.૦૮.૨૦૨૩ ૧૬.૦૧ ક. બાદ |
| પેકેટ B ખુલશે | ૨૧.૦૮.૨૦૨૩ ૧૬.૦૨ ક. બાદ |
| પેકેટ C ખુલશે | ૨૩.૦૮.૨૦૨૩ ૧૩ ક. બાદ |
| વેબસાઈટ | http://portal.mcgm.gov.in |
| સંદેશ વ્યવહારનું સરનામું | E.E. મીકે. (E.I.) મેન્ટે.નું કાર્યાલય MCGM મ્યુનિસિપલ વર્કશોપ R.S. નિમકર માર્ગ, ભાયખલા, મુંબઈ-૪૦૦૦૦૮ |
| બીડ ખુલવાનું સ્થળ | ઓનલાઈન E.E. મીકે. (E.I.) મેન્ટે.ની ઓફિસ |

આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફરેબલ નથી.

MCGM કોઈપણ કારણ આપ્યા વિના ઉપરોક્ત વિષય માટે મળેલ કોઈપણ અરજી સ્વીકારવાનો અને કોઈપણ કે તમામ અરજીઓ નકારવાના હક્કો અનામત રાખે છે.

સહી/-
PRO/1222/ADV./2023-24 E.E. મીકે. (E.I.) મેન્ટે.

મતદાન કરો... લોકશાહી મજબૂત કરો.

## પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન

**વિવિધ એન્જીનિયરીંગ કાર્યો**

ઈ-ટેન્ડર નોટીસ નં. 20, વર્ષ 2023-2024. તા. 03-08-2023

| ક્રમ નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | અંદાજીત NIT રકમ (₹) | ઈએમડી ખર્ચ (₹) |
|---|---|---|---|---|
| 01 | ડીઆરએમ-એડીઆઈ-96-2023-24 | ગાંધીધામ-ન્યૂ ભુજ સેક્શન :- લેવલ ક્રોસિંગ નં. 33 ને નાબૂદ કરવું અને સામાખ્યાલી-મીઠા સેક્શન :- DEN(NW)-ADI ના અધિકારક્ષેત્ર હેઠળ રોડ અન્ડર બ્રિજ પ્રદાન કરી લેવલ ક્રોસિંગ નં. 75, 76 અને 88 ને નાબૂદ કરવા અને અન્ય સંકળાયેલ કાર્યો. | 33,28,15,802.59 | 18,14,100.00 |
| 02 | ડીઆરએમ-એડીઆઈ-97-2023-24 | વિરમગામ-સામાખ્યાલી અને મહેસાણા-પાટણ સેક્શન :- રોડ અન્ડર બ્રિજો પ્રદાન કરી લેવલ ક્રોસિંગોને નાબૂદ કરવા. (05 નંગ). | 35,61,18,360.94 | 19,30,600.00 |
| 03 | ડીઆરએમ-એડીઆઈ-98-2023-24 | વિરમગામ-ધ્રાંગધ્રા સેક્શન : ડિવિઝનલ એન્જિનિયર (પશ્ચિમ) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ રોડ અન્ડર બ્રિજો (06 નંગ) પ્રદાન કરી લેવલ ક્રોસિંગો ને નાબૂદ કરવા. | 42,64,27,135.12 | 22,82,100.00 |
| 04 | ડીઆરએમ-એડીઆઈ-99-2023-24 | ધ્રાંગધ્રા-માળીયા મિયાણા સેક્શન :- ડિવિઝનલ એન્જીનિયર (પશ્ચિમ) અમદાવાદ ના અધિકારક્ષેત્ર હેઠળ રોડ અન્ડર બ્રિજો (06 નંગ) પ્રદાન કરી લેવલ ક્રોસિંગો ને નાબૂદ કરવા. | 42,73,42,077.68 | 22,86,700.00 |
| 05 | ડીઆરએમ-એડીઆઈ-100-2023-24 | મહેસાણા-પાટણ-ભિલડી સેક્શન - ડિવિઝનલ એન્જિનિયર (ઉત્તર) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ રોડ અન્ડર બ્રિજો પ્રદાન કરી લેવલ ક્રોસિંગો ને નાબૂદ કરવા. | 42,73,42,010.04 | 22,86,700.00 |
| 06 | ડીઆરએમ-એડીઆઈ-101-2023-24 | પાલનપુર-સામાખ્યાલી - ડિવિઝનલ એન્જીનિયર (ઉત્તર) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ રોડ અન્ડર બ્રિજો પ્રદાન કરી લેવલ ક્રોસિંગ ને નાબૂદ કરવો. | 40,40,37,661.65 | 21,70,200.00 |
| 07 | ડીઆરએમ-એડીઆઈ-102-2023-24 | અમદાવાદ ડિવિઝન :- DEN (ઉત્તર)-અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ ડ્રેનેજ અને રનિંગ ની સુધારણા માટે યાર્ડની લૂપ લાઈનમાં CTR (S/P) 2.803 કિ.મી, P&C અને ચેનલ સ્લિપર્સ થી સંબંધિત TFR અને અન્ય ટ્રેક સંબંધિત કાર્ય. (પુનઃઆમંત્રિત) | 2,59,38,992.36 | 2,79,700.00 |
| 08 | ડીઆરએમ-એડીઆઈ-103-2023-24 | ડિવિઝનલ એન્જીનિયર (વર્કસ)-અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ RCC બોક્ષના નિર્માણ દ્વારા ચાંદલોડિયા-ખોડિયાર સેક્શન પર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં રોડ અન્ડર બ્રિજોની જોગવાઈ અને અન્ય આનુષાંગિક કાર્યો. | 36,27,78,010.05 | 19,63,900.00 |
| 09 | ડીઆરએમ-એડીઆઈ-104-2023-24 | ડિવિઝનલ એન્જીનિયર (વર્કસ)-અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ RCC બોક્ષના નિર્માણ દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં રોડ અન્ડર બ્રિજોની જોગવાઈ અને અન્ય આનુષંગિક કાર્યો. | 40,30,88,082.37 | 21,65,500.00 |
| 10 | ડીઆરએમ-એડીઆઈ-105-2023-24 | ડિવિઝનલ એન્જીનિયર (વર્કસ)-અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ અસારવા સ્ટેશન ખાતે પ્લેટફોર્મ નં. 1 અને 3 પર વોટરીંગ સુવિધાઓની જોગવાઈ અને અન્ય આનુષંગિક કાર્યો. | 2,00,03,446.07 | 2,50,000.00 |
| 11 | ડીઆરએમ-એડીઆઈ-106-2023-24 | અમદાવાદ-પાલનપુર સેક્શન - 3 નંગ રોડ અન્ડર બ્રિજો પ્રદાન કરી લેવલ ક્રોસિંગોને નાબૂદ કરવા. (LC નં.229, LC નં. 234 અને LC નં. 235) | 21,18,25,587.73 | 12,09,100.00 |

**ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમયઃ તા.29-08-2023 ના 15:00 કલાકે. ઓફિસનું સરનામુંઃ** સિનીયર ડિવિઝનલ એન્જીનિયર (કો-ઓર્ડિનેશન)-અમદાવાદ, DRM ઓફીસ, ચામુંડા બ્રિજ પાસે, ન્યુ સ્વદેશી મીલ સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345. **ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટેવેબસાઈટઃ** www.ireps.gov.in ADI-122

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

## પબ્લિક નોટિસ

આથી ખબર આપવામાં આવે છે કે અમારા અસીલ ૩૧૫, પારેખ માર્કેટ, ૩૯, JSS રોડ, ઓપેરા હાઉસ, મુંબઈ-૪૦૦૦૦૪ ખાતે સરનામું ધરાવતા શ્રી. નમન ડેવલપર્સ પ્રાઈવેટ લીમિટેડ પાસેથી બે ધંધાદારી જગ્યાઓ તેની સાથે તેને લગતા શેર સર્ટિફિકેટસ અને કાર પાર્કિંગની જગ્યાઓ હસ્તગત કરવા અને ખરીદવા માટે વાટાઘાટો કરી રહ્યા છે (અહીં પાછળથી સંયુક્ત રીતે ''સદર પ્રીમાઈસીસ'' તરીકે ઉલ્લેખેલ છે). સદર પ્રીમાઈસીસની વિગતો અહીં નીચે લખેલ **પરિશિષ્ટ**માં વધુ વિગતવાર વર્ણવેલ છે.

**તમામ શખ્સો** જે સદર પ્રિમાઈસિસ અને / કે તેના કોઈપણ ભાગ કે હિસ્સાની બાબતમાં ફાળવણી, વેચાણ, વિનિમય, એસાઈનમેન્ટ, ભેટ, બીકવેસ્ટ, લીઝ, સબ-લીઝ, ટેનાન્સી, સબ-ટેનાન્સી, લીવ એન્ડ લાઈસન્સ, લાઈસન્સ, કોવેનન્ટ, ગીરો, બોજા, પૂર્વાધિકાર, ચાર્જ, ટ્રસ્ટ, વારસો, ઉત્તરાધિકાર, એગ્રીમેન્ટ, કોન્ટ્રાક્ટ, સમજૂતિના કરાર (MOU), ઉદ્દેશ્ય પત્ર, ટર્મ શીટ, ભોગવટો, કબજો, કુંટુંબ વ્યવસ્થા, સમાધાન, જાળવણી, કાયદાની કોઈપણ કોર્ટની ડીક્રી કે ઓર્ડર, લીઝ પેન્ડન્સ, જપ્તી અથવા કોઈપણ પ્રકારની જવાબદારી અથવા પ્રતિબદ્ધતા અથવા કોઈપણ રીતે અથવા બીજી કોઈપણ રીતે વ્યક્તિગત, હિંદુ અવિભાજિત કુંટુંબ, એક કંપની, બૅન્કો, નાણાંકીય સંસ્થાઓ/ઓ, નોન-બેંકિંગ નાણાંકીય સંસ્થાઓ/ઓ, પેઢી, વ્યક્તિઓનું સંગઠન, સોસાયટી, મર્યાદિત જવાબદારી ભાગીદારી અથવા વ્યક્તિઓની સંસ્થા, પછી ભલે તે સ્થપાયેલ હોય કે ન હોય, ધિરાણકર્તાઓ અને / અથવા લેણદારો સહિત તમામ શખ્સો કોઈપણ દાવો, હક્ક, ટાઈટલ, હિસ્સો અને / અથવા હિત ધરાવતા હોય તો સદરની જાણ આ નોટિસ છપાયાની તારીખથી ૧૪ દિવસમાં મેસર્સ. કાંગા એન્ડ કંપની, એડવોકેટ્સ એન્ડ સોલિસીટર્સ, રેડીમની મેન્શન, ૪૩, વીર નરીમન રોડ, ફોર્ટ, મુંબઈ ૪૦૦૦૦૧ ખાતે તેમની ઓફિસ ધરાવનાર નીચે સહી કરનારને સમર્થનમાં અસલ દસ્તાવેજોની સાથે લેખિતમાં જાણ કરવા વિનંતી, જેના નિષ્ફળ જવા પર, આવી વ્યક્તિ અથવા વ્યક્તિઓના દાવા/ઓ, જો કોઈ હોય તો, ત્યજી દીધેલ અને / કે છોડી દીધેલ તરીકે ગણાશે.

**ઉપર ઉલ્લેખેલ પરિશિષ્ટ**
**(સદર પ્રિમાઈસિસનું વર્ણન)**

| યુનિટ નં. | માળ | રેરા કારપેટ એરિયા | કાર પાર્કિંગ જગ્યાઓ | શેર સર્ટિફિકેટ નંબર | શેર નંબરો | શેર સર્ટિફિકેટ જારી કરાયેલની તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૩૦૬ | ૩જો | ૧૮૯૯.૮૪ ચો.ફૂટ | ૨ કાર પાર્કિંગના બનેલ ૧ સ્ટેક | ૧૨૫ | ૨૪૮૧થી ૨૫૦૦ (બંને સમાવિષ્ટ) | ૩૦મી જુલાઈ ૨૦૨૨ |
| ૩૦૭ | ૩જો | ૨૪૫૯.૮૯ ચો.ફૂટ | ૨ કાર પાર્કના બનેલ ૧ સ્ટેક | ૧૨૬ | ૨૫૦૧થી ૨૫૨૦ (બંને સમાવિષ્ટ) | ૩૦મી જુલાઈ ૨૦૨૨ |

તેની સાથે બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ, ટ્રાઈડેન્ટ રોડ, બાંદ્રા (પૂર્વ), મુંબઈ- ૪૦૦૦૫૧ના G બ્લોક ખાતે સ્થિત ગામ કોલેકલ્યાણ, તાલુકા અંધેરી, મુંબઈ પરા જિલ્લાના ભરતમાં ૧૦૪૧૫ ચો.મી. CTS નંબર ૪૨૦૭ (ભાગ) ધરાવતા અને પ્લોટ નંબર C-૬૩ ધરાવતી જમીનના દક્ષિણ બાજુ પર ઉભેલ 'A' સાઈડ પર 'INS ટાવર્સ' તરીકે ઓળખાતી બિલ્ડિંગમાં સ્વતંત્ર ઓફિસ વિંગમાં અનુક્રમે niche, AHU વગેરે. સહિત અનુકૂળ/ઉપયોગિતા વિસ્તારનો ઉપયોગ કરવા, કબજો ધરાવવા અને માણવાના એક્સક્લુઝિવ અધિકાર.

આજ તારીખ ૧૦મી ઑગસ્ટ, ૨૦૨૩.

કાંગા એન્ડ કંપની,
સહી/-
(શ્રી. રવિ ગાંધી)
પાર્ટનર
એડ્વોકેટ્સ અને સોલિસિટર્સ

## BRIHANMUMBAI MAHANAGARPALIKA

નંબર CH.E./૫૫૪૯/બ્રીજીસ/તારીખ ૦૯/૦૮/૨૦૨૩

**ઈ-ટેન્ડર નોટીસ**

વિષયઃ (I) ૧. નાનેપાડા નાલા ઉપર 'T' વોર્ડમાં જર્જરિત થયેલ પુલને તોડી પાડવા અને પુનઃપ્રવેશ નિર્માણ માટે સૂચિત; A) S.L. રોડ, મુલુંડ (પ) & B) શિવ મંદિર પાસે પુલ, મુલુંડ (પૂ.) ખાતે. ૨. 'S' વોર્ડમાં કોપરકર માર્ગ અને GMLRના જંકશન પર બૉમ્બે ઓક્સિજન નાલા ઉપરના બ્રિજને પહોળા કરવાનું અને પુનઃનિર્માણ માટે સૂચિત.

ટેન્ડર ID- ૦૨૩_MCGM_ ૯૩૩૨૬૩.

(II)'S' વોર્ડમાં નાલાઓ પરના પુલનું તોડકામ અને પુનઃનિર્માણ, નીચે જણાવેલ ખાતે.
૧. ૧લા ગેટ પાસે ભાંડુપ સ્ટેશન પૂર્વ
૨. ૨જા ગેટ પાસે ભાંડુપ સ્ટેશન પૂર્વ
૩. SRL ડાયગ્નોસ્ટિકસ ભાંડુપ પશ્ચિમ પાસે ભાંડુપ ગામ રોડ
૪. ટાગોર નગર ગાયકવાડ ઉદ્યાન સામે વિક્રોલી પૂર્વ

ટેન્ડર ID - ૨૦૨૩_MCGM_ ૯૩૩૨૬૯.

બૃહદ મુંબઈ મહાનગરપાલિકા (MCGM)ના કમિશનર, જાણીતી પેઢી, માલિકી/ ભાગીદારી પેઢીઓ/ ખાનગી મર્યાદિત કંપનીઓ/ જાહેર મર્યાદિત કંપનીઓ/ ઈન્ડીયન કંપનીસ એક્ટ ૨૦૧૩ હેઠળ રજીસ્ટર્ડ કંપનીઓ જેવી પ્રતિષ્ઠિત, મલ્ટીડીસીપ્લીનરી એન્જીનીયરીંગ સંસ્થાઓના કોન્ટ્રાક્ટરો પાસેથી બૃહદ્ મુંબઈ મહાનગરપાલિકા (MCGM) સાથે ક્લાસ I (બી) અને વધુ અ. નં. ૧ હેઠળના કામ માટે તથા ક્લાસ I (એ) અ. નં. ૨ હેઠળના કામ માટે નવા રજીસ્ટ્રેશન મુજબ તેની સાથે રજીસ્ટર્ડ કોન્ટ્રાક્ટરો (જેઓ કાળી યાદીમાં સમાવેશ થયેલા છે અને જેઓની સામે FIR ફાઈલ કરાયેલ છે તેમની સિવાય) અથવા કેન્દ્ર કે રાજ્ય સરકાર/ અર્ધ સરકારી સંસ્થાઓ/ કેન્દ્ર કે રાજ્ય પબ્લીક સેકટર ઉપક્રમો પાસેથી સમકક્ષ કે વધુ કામનો અનુભવ ધરાવનારા પાસેથી ઉપર દર્શાવેલ કામ માટે કોન્ટ્રાકટરની નિમણૂંક કરવા ટકાવારી ધોરણે પેકેટ એ, પેકેટ બી અને પેકેટ સીમાં ઓનલાઈન ઈ-ટેન્ડર મંગાવે છે.

| ક્ર. નં. | કામનું નામ | રૂ.માં અંદાજીત કિંમત | રૂ.માં બારડી | કોન્ટ્રાક્ટ સમયગાળો | રૂ.માં ટેન્ડર સ્ક્રુટીની ફી |
|---|---|---|---|---|---|
| I | ૧) નાનેપાડા ઉપર 'T' વોર્ડના જર્જરિત થયેલ પુલને તોડી પાડવા અને પુનઃનિર્માણ માટે સૂચિત, A) S.L. રોડ, મુલુંડ (પ) & B) શિવ મંદિર પાસે પુલ, મુલુંડ (પૂ.) ખાતે અને ૨) 'S' વોર્ડમાં કોપરકર માર્ગ અને GMLRના જંકશન પર બૉમ્બે ઓક્સિજન નાલા ઉપરના બ્રિજને પહોળા કરવાનું અને પુનઃનિર્માણ માટે સૂચિત. ટેન્ડર ID-૨૦૨૩_MCGM_ ૯૩૩૨૬૩. | રૂ. ૧૭,૨૧,૬૬,૧૭૧/- | રૂ. ૧૧,૨૧,૬૬૫/- | ૨૪ મહિના (ચોમાસા સહિત) | ૧૫૦૦૦/- + GST |
| II | 'S' વોર્ડમાં નાલાઓ પરના પુલનું તોડકામ અને પુનઃનિર્માણ, નીચે જણાવેલ ખાતે ૧. ૧લા ગેટ પાસે ભાંડુપ સ્ટેશન પૂર્વ ૨. ૨જા ગેટ પાસે ભાંડુપ સ્ટેશન પૂર્વ ૩. SRL ડાયગ્નોસ્ટિકસ ભાંડુપ પશ્ચિમ પાસે ભાંડુપ ગામ રોડ ૪. ટાગોર નગર ગાયકવાડ ઉદ્યાન સામે વિક્રોલી પૂર્વ ટેન્ડર ID-૨૦૨૩_MCGM_ ૯૩૩૨૬૯. | રૂ. ૩૪,૪૩,૪૬,૫૯૪/- | રૂ. ૩૪,૪૩,૫૦૦/- | ૨૪ મહિના (ચોમાસા સહિત) | ૨૫૦૦૦/- + GST |

| | |
|---|---|
| ઈ-ટેન્ડર વેચાણની શરૂઆતની તારીખ અને સમય | ૧૦.૦૮.૨૦૨૩ના સ. ૧૧.૦૦ કલાકથી |
| ઈ-ટેન્ડર વેચાણની છેલ્લી તારીખ અને સમય & બીડ સુરક્ષા ડિપોઝિટની રસીદ | ૨૪.૦૮.૨૦૨૩ના સાંજે ૧૬.૦૦ કલાક સુધી |
| પેકેટ A, B & પેકેટ Cની સુપ્રતિ (ઓનલાઈન) | ૨૪.૦૮.૨૦૨૩ના સાંજે ૧૬.૦૦ કલાક સુધી |
| પેકેટ A ખૂલશે | ૨૫.૦૮.૨૦૨૩ના સાંજે ૧૬.૧૦ કલાક પછી |
| પેકેટ B ખૂલશે | ૨૫.૦૮.૨૦૨૩ના સાંજે ૧૬.૧૦ કલાક પછી |
| પેકેટ C ખૂલશે | ૧૧.૦૯.૨૦૨૩ના બ. ૧૫.૦૦ કલાક પછી |
| સંચારનું સરનામું | ચીફ. એ. (બ્રીજીસ)ની ઓફિસ BMC, ઝીરો ફલોર, એન્જિનિયરીંગ હબ બિલ્ડીંગ, ડૉ ઈ. મોસેસ રોડ, વરલી નાકા, વરલી, મુંબઈ-૪૦૦૦૧૮. |

ઈ-ટેન્ડર મહારાષ્ટ્ર સરકારની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ (મહા ટેન્ડર્સ) (http://mahatenders.gov.in) પર ઉપલબ્ધ છે.

**નોંધઃ બિડરે નોંધ લેવી કે અનુક્રમ નંબર I હેઠળ વિષયના કામ માટે રૂ. ૧૫૦૦૦+ GSTની અને અનુક્રમ નંબર II હેઠળ વિષયના કામ માટે રૂ. ૨૫૦૦૦+ GSTની ટેન્ડર સ્કુટીની ફી. પરિપત્ર નંબર CA/FRG/03, તા. ૧૧.૦૫.૨૦૨૩ મુજબ નાગરિક સુવિધા કેન્દ્રો (CFCs) વોર્ડના કોઈપણમાં પેકેટ A&B ના ખોલ્યા પછી તરત જ ઉપરોક્ત ચૂકવવા પાત્ર રહેશે.**

સહી/-
ડે. ચીફ એન્જી. (બ્રીજીસ)
E.S.
PRO/1227/ADV./2023-24

મતદાન કરો... લોકશાહી મજબૂત કરો.

## BRIHANMUMBAI MAHANAGARPALIKA

B.Y.L. નાયર ચેરી. હોસ્પિટલ
ડો. A.L. નાયર રોડ, મુંબઈ-૪૦૦૦૦૮
નંબર NEG/૪૧૮ તારીખ ૦૯/૦૮/૨૦૨૩

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચે દર્શાવેલ કામો માટે ઈ-ટેન્ડરો મંગાવે છે.

| ક્ર. નં. | કામનું નામ | બીડ નંબર | રૂ.માં બારડી | રૂ.માં GST સહિત સ્ક્રૂટીની ફી | MCGM વેબસાઈટ પરથી બિડ ડાઉનલોડ કરવાની શરૂઆતની તારીખ અને સમય | ઓનલાઈન બીડ સુપ્રતિ માટેની છેલ્લી તારીખ અને સમય |
|---|---|---|---|---|---|---|
| ૧. | BYL નાયર ચેરી. હોસ્પિટલના ક્લિનિકલ ફાર્મોકોલોજી વિભાગ ખાતે કરાનાર સંલગ્ન કામો તથા અભેદ્ય પોલીયુરેથીન એકસેસની જોગવાઈ. | ૭૨૦૦૦૫૮૨૪૮ | ૧૭,૫૦૦/- | ૩૦૦૦/- + (૯% CGST & ૯% SGST) | ૧૦-૦૮-૨૦૨૩ ૧૧.૦૦ કલાકથી | ૧૭-૦૮-૨૦૨૩ ૧૬.૦૦ કલાક સુધી |
| ૨. | નાયર હોસ્પિટલની હોસ્પિટલ અને OPD બિલ્ડીંગમાં વિવિધ ચીજોનું રેક્ટીફીકેશન | ૭૨૦૦૦૫૮૨૪૯ | ૨૦,૦૦૦/- | ૩૦૦૦/- + (૯% CGST & ૯% SGST) | ૧૦-૦૮-૨૦૨૩ ૧૧.૦૦ કલાકથી | ૧૭-૦૮-૨૦૨૩ ૧૬.૦૦ કલાક સુધી |
| ૩. | નાયર હોસ્પિટલ ખાતે વિવિધ આનુષંગિક ઉપકરણોની જોગવાઈનું કામ | ૭૨૦૦૦૫૮૨૫૦ | ૨૦,૦૦૦/- | ૩૦૦૦/- + (૯% CGST & ૯% SGST) | ૧૦-૦૮-૨૦૨૩ ૧૧.૦૦ કલાકથી | ૧૭-૦૮-૨૦૨૩ ૧૬.૦૦ કલાક સુધી |
| ૪. | BYL નાયર ચેરી. હોસ્પિટલના રજીસ્ટ્રેશન કાઉન્ટર માટે ઉપયોગિતાઓની જોગવાઈ અને સ્થાપન | ૭૨૦૦૦૫૮૧૫૪ | ૨૦,૦૦૦/- | ૩૦૦૦/- + (૯% CGST & ૯% SGST) | ૧૦-૦૮-૨૦૨૩ ૧૧.૦૦ કલાકથી | ૧૭-૦૮-૨૦૨૩ ૧૬.૦૦ કલાક સુધી |
| ૫. | BYL નાયર ચેરી. હોસ્પિટલ હેઠળ EIC માટે વિવિધ ઉપયોગિતાઓની જોગવાઈ | ૭૨૦૦૦૫૮૨૬૨ | ૧૫,૦૦૦/- | ૩૦૦૦/- + (૯% CGST & ૯% SGST) | ૧૦-૦૮-૨૦૨૩ ૧૧.૦૦ કલાકથી | ૧૭-૦૮-૨૦૨૩ ૧૬.૦૦ કલાક સુધી |
| ૬. | નાયર હોસ્પિટલના વિવિધ સ્થળોએ બહુવિધ ફોલ્ડેબલ પ્રવેશદ્વારો અને અન્ય સંબંધિત કાર્યોની જોગવાઈ | ૭૨૦૦૦૫૮૧૫૨ | ૧૮,૫૦૦/- | ૩૦૦૦/- + (૯% CGST & ૯% SGST) | ૧૦-૦૮-૨૦૨૩ ૧૧.૦૦ કલાકથી | ૧૭-૦૮-૨૦૨૩ ૧૬.૦૦ કલાક સુધી |
| ૭. | નાયર હોસ્પિટલમાં ક્લિનિકલ ફાર્માકોલોજી વિભાગ માટે ડબલ ડિસ્ટિલ્ડ (ડીઆયોનાઈઝ્ડ) અલ્ટ્રાપ્યોર વૉટર પ્યુરિફિકેશન પ્લાન્ટની જોગવાઈ | ૭૨૦૦૦૫૮૧૪૩ | ૨૦,૦૦૦/- | ૩૦૦૦/- + (૯% CGST & ૯% SGST) | ૧૦-૦૮-૨૦૨૩ ૧૧.૦૦ કલાકથી | ૧૭-૦૮-૨૦૨૩ ૧૬.૦૦ કલાક સુધી |
| ૮. | નાયર હોસ્પિટલમાં રક્ષણાત્મક હાઉસિંગનું રીફરબીશમેન્ટ & નેફ્રોલોજી વિભાગમાં ઠંડકની વૃદ્ધિ | ૭૨૦૦૦૫૮૧૨૦ | ૧૯,૫૦૦/- | ૩૦૦૦/- + (૯% CGST & ૯% SGST) | ૧૦-૦૮-૨૦૨૩ ૧૧.૦૦ કલાકથી | ૧૭-૦૮-૨૦૨૩ ૧૬.૦૦ કલાક સુધી |
| ૯. | BYL નાયર ચેરી. હોસ્પિટલના વિવિધ સ્થળોએ ચિલિંગ સિસ્ટમ સંબંધિત વિવિધ આનુષંગિક કામો. | ૭૨૦૦૦૫૮૧૫૩ | ૨૦,૦૦૦/- | ૩૦૦૦/- + (૯% CGST & ૯% SGST) | ૧૦-૦૮-૨૦૨૩ ૧૧.૦૦ કલાકથી | ૧૭-૦૮-૨૦૨૩ ૧૬.૦૦ કલાક સુધી |

વધુ વિગતો માટે કૃપા કરીને ઈ-ટેન્ડર વિભાગ હેઠળ MCGMના પોર્ટલ www.mcgm.gov.in/tender/index.htmનો સંદર્ભ લો.

સહી/-
ડે. ડીન.
BYL નાયર ચેરી. હોસ્પિટલ
PRO/1237/ADV./2023-24

મતદાન કરો... લોકશાહી મજબૂત કરો.

# મુંબઈ મનપાનો એક પંથ દો કાજ જેવો મહત્ત્વનો નિર્ણય

## ચોમાસામાં ભારે વરસાદ બાદ નીચાણવાળા વિસ્તારમાં ભરાતા પાણી રોકાશે

## મુંબઈગરાને વિહારનું વધારાનું પાણી મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકા શહેર માટે એવી મહત્ત્વાકાંક્ષી યોજના પર કામ કરી રહી છે જેને કારણે મુંબઈમાં દરવર્ષે કુર્લાથી બાંદ્રા સુધીના વિવિધ નીચાણવાળા વિસ્તારમાં પૂરની સમસ્યાનું નિરાકરણ થશે અને સાથે જ મુંબઈગરાને વિહાર તળાવમાંથી વધારાનું પાણી મળશે. આ મહત્ત્વની યોજના માટે એક કિલોમીટર લાંબી પાઈપલાઈન વિહાર તળાવથી ભાંડુપ ખાતેના ફિલ્ટરેશન પ્લાન્ટ સુધી નાખવામાં આવશે. આ યોજના સફળ થશે તો મુંબઈગરાને બેવડો ફાયદો થશે.

જો બધુ સમુંસૂતરું રહ્યું તો આવતા વર્ષથી ચોમાસા દરમિયાન છલકાઈ જતા વિહાર તળાવનું વધારાનું પાણી મુંબઈને મળવાનું ચાલુ થઈ જશે. ચોમાસામાં વિહાર તળાવ છલકાઈ ગયા બાદ વધારાના પાણીને ભાંડુપ કૉમ્પ્લેક્સના ફિલ્ટરેશન પ્લાન્ટમાં વાળવાના યોજના બનાવી છે. તે માટે મુંબઈ મહાનગરપાલિકાએ બીડર કંપનીના ક્વોટેશનનું મૂલ્યાંકન કરવા માટે તેને કન્સલ્ટન્ટ કંપનીને મોકલ્યો હોવાનું જાણવા મળ્યું છે.

ચોમાસા બાદ આ પ્રોજેક્ટનું કામ આગળ વધવાની શક્યતા છે. જોકે પંપિંગ સ્ટેશનનું બાંધકામ અને પાઈપલાઈન નાખવામાં ઓછામાં ઓછો એક વર્ષનો સમય લાગવાની શક્યતા છે. તેથી આ (જુઓ પાનું ૪)

# પાલિકાએ નમતું જોખ્યું

## પર્યાવરણપૂરક મૂર્તિ અને ઊંચાઈની શરતો હટાવવા તૈયાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગણેશોત્સવ નજીક છે ત્યારે સાર્વજનિક ગણેશોત્સવ મંડળ અને મુંબઈ મહાનગરપાલિકા વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલી પર્યાવરણપૂરક મૂર્તિ અને તેની ઊંચાઈને મુદ્દે ચાલી રહેલું ઘર્ષણ દૂર થવાની શક્યતા છે. પાલિકાએ આખરે સાર્વજનિક ગણેશમૂર્તિ માટે મૂર્તિની ઊંચાઈ અને શાડુ માટીની જ મૂર્તિ રાખવાની શરતોને લઈને નમતું જોખવા તૈયાર થઈ ગઈ હોવાનું જાણવા મળ્યું છે. તેથી ગણેશમંડળોની ચિંતામાં હળવી થઈ શકે છે.

બૃહનમુંબઈ સાર્વજનિક ગણેશોત્સવ સમન્વય સમિતિના અધ્યક્ષ નરેશ દહીબાવકરે 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાને આ વર્ષે ગણેશમૂર્તિની ઊંચાઈ તેમ જ પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિને લગતી શરતોને દૂર કરી હતી. તેથી મુંબઈના મોટાભાગના સાર્વજનિક ગણેશોત્સવ મંડળોએ પોતાના મંડળની મૂર્તિ ૧૫થી ૨૦ ફૂટની રાખી હતી. તેમ જ મોટાભાગની મૂર્તિઓ પણ પ્લાસ્ટર ઓફ પેરિસની બનાવી છે. જોકે પાલિકાના ઓનલાઈન પોર્ટલમાં ગણેશોત્સવ મંડળોને ઓનલાઈન અરજી કરતા સમયે ચાર ફૂટની મૂર્તિ તેમ જ શાડુ મૂર્તિની શરત રાખી હતી અને તે માટે એફિડેવિડ ફરજિયાત પણે આપવી પડતી હતી. આ શરતને કારણે મંડળો ઓનલાઈન અરજી કરી શકતા નહોતા.

નરેશ દહીબાવકરે વધુમાં કહ્યું હતું કે મુખ્ય પ્રધાનના નિર્દેશને પગલે ગણેશમંડળોએ પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિ બનાવવાની સાથે જ તેની ઊંચાઈ પણ વધુ રાખી હતી અને બાદમાં જો પાલિકા મુખ્ય પ્રધાનના આદેશને નહીં ગણકારતા પોતાના નિયમો આગળ કરે તો (જુઓ પાનું ૪)



**શ્રદ્ધાંજલિ:** બુધવારે ઑગસ્ટ ક્રાંતિ દિન નિમિત્તે ભાજપ અને એનસીપીના નેતાઓએ ગોવાલિયા ટેન્ક મેદાન ખાતે ઑગસ્ટ ક્રાંતિ સ્મારકને શ્રદ્ધાંજલિ આપી હતી. (જયપ્રકાશ કેળકર)

# સારું કામ થાય ત્યારે કેટલાક લોકોને શૂળ ઉપડે છેઃ ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે શિવસેનાના ઠાકરે જૂથના નેતા આદિત્ય ઠાકરે પર આડકતરો પ્રહાર કરતાં જણાવ્યું હતું કે જ્યારે મુંબઈ શહેરમાં સારું કામ થતું હોય ત્યારે કેટલાક લોકોને પેટમાં શૂળ ઉપડતું હોય છે.

ફડણવીસે મુંબઈ મનપાના કમિશનર ઈકબાલસિંહ ચહલની સારું કામ કરવા બદલ પ્રશંસા પણ કરી હતી.

મુંબઈ મનપા દ્વારા બુધવારે ઑગસ્ટ ક્રાંતી મેદાન ખાતે શરૂ કરવામાં આવેલા 'માઝી માતી, માઝા દેશ' કાર્યક્રમને સંબોધતાં ફડણવીસે કહ્યું હતું કે મુંબઈ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળ ઝડપથી બદલાઈ રહ્યું છે. રસ્તાના કોંક્રીટીકરણના અને સૌંદર્યકરણના કામ મોટા પાયે કરવામાં આવી રહ્યા છે.

ભારત છોડો આંદોલનને ૮૧ વર્ષ પૂરા થયા તે નિમિત્તે શહીદોને અંજલી આપવામાં આવી હતી.

મુંબઈમાં સારા કામ મોટા પાયે ચાલી (જુઓ પાનું ૪)

# ભારતમાં બૉમ્બવિસ્ફોટ અને વડા પ્રધાનને મારી નાખવાની ધમકી

પુણે: મહારાષ્ટ્રના પુણેમાં ચલાવવામાં આવતી હિન્દુ ધર્મ વિશેનાં તથ્યોને સમર્પિત વેબસાઈટને ભારતમાં બોમ્બ વિસ્ફોટ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મારી નાખવાની ધમકી આપતી પોસ્ટ મળી છે, એવું પોલીસે જણાવ્યું હતું.

૬ઠ્ઠી ઓગસ્ટે વેબસાઈટ પર કથિતરૂપે ટિપ્પણી પોસ્ટ કરનાર વ્યક્તિ એમ.એ. મોખીમ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની સંબંધિત કલમો હેઠળ અહીં અલંકાર પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે ગુનો નોંધવામાં આવ્યો છે. આ અંગે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

પુણે જિલ્લાના રહેવાસી રાહુલ દૂધાને હિન્દુ ધર્મ વિશેનાં તથ્યોને લગતી વેબસાઈટ ચલાવે છે, એવું પોલીસે જણાવ્યું હતું. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ૬ઠ્ઠી ઓગસ્ટના રોજ દૂધાને તેમના (જુઓ પાનું ૪)

# કોંકણ વિભાગમાં ૮૮૦૦થી વધુ પાક વીમાનાં પ્રમાણપત્રો અપાયા

થાણે: મહેસૂલ સપ્તાહ દરમિયાન મહારાષ્ટ્રના કોંકણ વિભાગમાં લાભાર્થીઓને ખરીફ સીઝન માટે કુલ ૮૮૫૦ પાક વીમાના પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું, એમ રાજ્યના એક અધિકારીએ મંગળવારે જણાવ્યું હતું. કોંકણી વિભાગના કમિશનર મહેન્દ્ર કલ્યાણકરે જણાવ્યું હતું કે ૫૭૨૧ આવક પ્રમાણપત્રો, ૧૮૮૯ રાષ્ટ્રીયતા પ્રમાણપત્રો અને ૧૬૩૧ જાતિ પ્રમાણપત્રો પણ આપવામાં આવ્યાં હતાં.

કોંકણ વિભાગ હેઠળ આવતા સાત જિલ્લાઓમાં યોજાયેલી શિબિરોમાં કુલ ૧૭૮૪ વિવિધ પ્રમાણપત્રો અને અન્ય ૫૮૫ પ્રમાણપત્રો વિતરણ કરવામાં આવ્યાં હતાં. આ સપ્તાહ દરમિયાન ઈર્શાલવાડી ભૂસ્ખલનમાં માર્યા ગયેલા લોકોના પરિવારોને વળતર પણ આપવામાં આવ્યું હતું. (પીટીઆઈ) ■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
Tel. 022-48932230/ 8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

## નીતિન દેસાઈ આત્મહત્યા કેસ

# એફઆઈઆર રદ કરવાની અરજીઓ પર શુક્રવારે સુનાવણી

મુંબઈ: બોલિવૂડના જાણીતા આર્ટ ડિરેક્ટર નીતિન દેસાઈને કથિત આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવાના આરોપનો સામનો કરી રહેલા એડલવેસ ફાઈનાન્શિયલ સર્વિસીસના ચૅરમૅન રસેશ શાહ અને એડલવેસ એઆરસીના એમડી અને સીઈઓ રાજ કુમાર બંસલે તેમની વિરુદ્ધનો એફઆઈઆર રદ કરવાની કરેલી અરજી પર બૉમ્બે હાઈ કોર્ટ શુક્રવારે સુનાવણી હાથ ધરશે.

શાહ અને એડલવેસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપનીના એમડી બંસલ ઉપરાંત એનસીએલટીએ ઈન્ટરિમ રિઝોલ્યુશન પ્રોફેશનલ તરીકે જેમની નિમણૂક કરી હતી તે કંપનીના અધિકારી સ્મિત શાહ, કેયૂર મહેતા અને જિતેન્દ્ર કોઠારીએ પણ એફઆઈઆર રદ કરવાની માગણી સાથે બૉમ્બે હાઈ કોર્ટમાં અરજી કરી છે. તેમની અરજી પર પણ શુક્રવારે સુનાવણી કરવાનું કોર્ટે નક્કી કર્યું હતું.

આ સાથે અરજદારોએ કોઈ પણ કઠોર પગલાં લેવા સામે પણ વચગાળાનું રક્ષણ માગ્યું છે. બંસલ, શાહ અને અન્ય બે જણ વતી વરિષ્ઠ ધારાશાસ્ત્રી અમિત દેસાઈએ જસ્ટિસ એન. ડબ્લ્યુ. સાંબરેના નેતૃત્વ હેઠળની ડિવિઝન બૅન્ચ સમક્ષ રજૂઆત કરી હતી અને તાકીદે સુનાવણી હાથ ધરવાની વિનંતી કરી હતી. કોઠારી વતી વરિષ્ઠ ધારાશાસ્ત્રી આબાદ પોન્ડાએ કોર્ટમાં જણાવ્યું (જુઓ પાનું ૪)

# રાયગડમાં ૧૧૦૦૦ ખેડૂતોને ફટકો

## જુલાઈના વરસાદને કારણે ૪૨૦૦ હેક્ટરથી વધુ જમીન પરના ડાંગરના પાકને નુકસાન

અલીબાગ: જુલાઈમાં ભારે વરસાદને કારણે મહારાષ્ટ્રના રાયગડ જિલ્લાનાં ૮૧૩ ગામોમાં ૪૨૪૬ હેક્ટર જમીન પરના ડાંગરને નુકસાન થવાને કારણે ૧૧૦૦૦ ખેડૂતોને તેની અસર થઇ હતી, એવું અધિકારીએ પ્રાથમિક મૂલ્યાંકનને ટાંકીને જણાવ્યું હતું. ગયા મહિને રાયગડ જિલ્લામાં સરેરાશ ૧૨૦૬ મીમી વરસાદ નોંધાયો હતો. આ વર્ષે અત્યાર સુધીનો (જુઓ પાનું ૪)

## જયપુર એક્સપ્રેસમાં ફાયરિંગ

# કાર શેડમાં ઊભેલી ટ્રેનમાં જીઆરપીની ટીમે કર્યો ક્રાઈમ સીન રિક્રીએટ

મુંબઈ: રેલવે પ્રોટેક્શન ફોર્સ (આરપીએફ)ના કોન્સ્ટેબલ ચેતન સિંહે ૩૧ જુલાઈની સવારે દોડતી ટ્રેનમાં કરેલા ગોળીબારમાં ચાર જણે જીવ ગુમાવ્યાની ઘટનાની તપાસના ભાગ રૂપે ગવર્નમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી)ની ટીમે કાર શેડમાં ઊભેલી જયપુર-મુંબઈ સેન્ટ્રલ સુપરફાસ્ટ એક્સપ્રેસમાં ક્રાઈમ સીન રિક્રીએટ કર્યો હતો.

બોરીવલી રેલવે પોલીસ સ્ટેશનની જીઆરપીની ટીમ મંગળવારે મુંબઈ સેન્ટ્રલના કાર શેડમાં પહોંચી હતી. કાર શેડમાં ઊભેલી ટ્રેનના જે કોચમાં આરપીએફના એએસઆઈ અને ત્રણ પ્રવાસીઓની ગોળી મારી હત્યા કરવામાં આવી હતી તેમાં જીઆરપીની ટીમ ગઈ હતી.

મુખ્ય સાક્ષીદારો અને આરપીએફના વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં જીઆરપીની ટીમે ક્રાઈમ સીન રિક્રીએટ કર્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

જોકે આરપીએફના કોન્સ્ટેબલ ચેતન સિંહને આ કવાયત દરમિયાન હાજર રખાયો નહોતો. નોંધનીય છે કે ચેતને તેના ઉપરી એએસઆઈ ટીકારામ મીણા અને અલગ અલગ કોચના ત્રણ પ્રવાસીની તેની ઓટોમેટિક રાઈફલથી ગોળીબાર કરી હત્યા કરી હતી. સિંહ અત્યારે જીઆરપીની કસ્ટડીમાં છે. સિંહની પોલીસ કસ્ટડી (જુઓ પાનું ૪)

# લોકલ ટ્રેનોમાં રોજ ધાંધિયાથી પરેશાન પ્રવાસીઓ

## દિવા સ્ટેશને મોટરમેનની કેબિનમાં મહિલા ઘૂસી ગઈ, ગુનો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મધ્ય રેલવેમાં લોકલ ટ્રેનમાં રોજ નવી નવી સમસ્યા ઊભી થઈ રહેવાને કારણે પ્રવાસીઓને ટ્રેનમાં ટ્રાવેલ કરવાનું મુશ્કેલ બની રહ્યું છે. બુધવારે સવારે એકસાથે ત્રણ જગ્યા (દિવામાં રેલ રોકો કરવા સહિત)એ વિવિધ ટેક્નિકલ ખામીના કિસ્સાને કારણે ટ્રેનસેવા પર અસર પડી હતી.

બદલાપુર સ્ટેશને સવારે સોલાપુર-સીએસએમટી એક્સપ્રેસમાં એલાર્મ ચેઈન પુલિંગ (એસીપી) કરવામાં આવ્યું હતું, તેથી અપ લાઈનમાં ટ્રેન સેવા પર અસર પડી હતી. દરમિયાન અપ ફાસ્ટ લાઈન (સીએસએમટી)ની લોકલ ટ્રેન ભાંડુપ નાહુર સેક્શનમાં ખોટકાઈ હતી, તેથી ખપોલી-સીએસએમટી લોકલ ટ્રેનને દિવામાં બે નંબરના પ્લેટફોર્મ પર ડાઈવર્ટ કરવામાં આવી હતી. એ જ વખતે દિવા રેલવે સ્ટેશને ટ્રેન મોડી પડવાને કારણે અપ ખપોલી ટ્રેનને મહિલા પ્રવાસીઓએ રોકી હતી. ખપોલી ટ્રેનની મોટરમેનની કેબિનમાં મહિલા ધસી ગઈ હતી, જ્યારે મોટરમેનને એન્ટર થવાની મનાઈ કરી હતી. સવારે ૬.૫૨ વાગ્યાના સુમારે ટ્રેનને રોકી દેવામાં આવી હતી. દિવા રેલવે ક્રોસિંગ ખાતે અમુક સ્થાનિક મહિલાઓએ ટ્રેનના મોટરમેન સાથે ગાળાગાળીમાં વાતો કરીને ટ્રેન રોકીને મોટરમેનની કેબિનમાં ધસી ગઈ હતી, ત્યાર બાદ મોટરમેનની કેબિનમાં ધસી ગયા પછી બહાર આવવાની મનાઈ કરવાથી ટ્રેનસેવાને અસર થઈ હતી. આ બનાવ પછી રેલવેના અધિકારી અને આરપીએફની મદદથી મહિલાને નીચે ઉતારવામાં આવી હતી. ટ્રેનસેવા રોકવાના કિસ્સામાં મહિલા સામે કુર્લા રેલવે સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. મહિલા પ્રવાસી દીપિકા શિંદે (૩૦) તરીકે ઓળખ કરવામાં આવી છે. વિવિધ રેલવે એક્ટ અન્વયે તેની સામે કાર્યવાહી હાથ ધરી હતી, એમ પોલીસે (જુઓ પાનું ૪)

VIETNAM
SA PA - HA LONG BAY CRUISE - HANOI - DANANG - HOI AN - HO CHI MINH



11 DAYS

| DEP DATES | 23rd SEP | 28th SEP | 05th OCT | 07th OCT | 09th NOV | 11th NOV | 18th NOV | 30th NOV | 07th DEC | 23rd DEC |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | 04th JAN | 18th JAN | 27th JAN | 10th FEB | 22nd FEB | 06th MAR | 20th MAR | | | |

PACKAGE INCLUSIONS
- Glass Bridge, Fansipan Mountain, Fanicular Ride, VinWonders, Basket Boat, Bana Hill, Cu Chi Tunnel અને Golden Bridge નો અદભુત અનુભવ.
- Halong Bay Cruise પર રાત્રી મુકામ નો અવિસ્મરણીય અનુભવ.
- રીટર્ન ઈકોનોમી ક્લાસ એરફેર.
- આપણા પોતાના જ રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
- ગુજરાતી, હિન્દી અને ઇંગલિશ જાણતા ટૂર મેનેજર ની સેવા.
- વીઝા, એન્ટ્રન્સ ફી સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.

SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449 (022) 26103073 / 74, 26635600

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**